બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**માર્ચ-૨૦૨૬**

રમઝાનુલ મુબારક-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૩, અંક : ૩, સળંગ અંક : ૨૬૬



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
anjuman2006new@gmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | રમઝાન મુબારક કઈ રીતે ગુજારશો ? | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ-૨) | 15 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 18 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ-૨) | 20 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ | 23 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ો આદાબ | 26 |
| 09 | અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો) કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 29 |
| 10 | (ચોથી સદીના મુજદ્દિદ : ૧) હઝરત ઈમામ અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅ્લૂકી رحمۃ اللہ علیہ | 31 |
| 11 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 33 |
| 12 | ઝર્બે હૈદરી | 37 |
| 13 | એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ | 41 |
| 14 | હઝરત મૌલાના પીર સૈયદ કમરૂદ્દીન બાવા કારંટવી رحمۃ اللہ علیہ ની જીવન ઝરમર એક નજરમાં... | 47 |


## મદીના મદીના મદીના મદીના

નઝર મેં હૈ કા'બા તો દિલ મેં મદીના
યહી દર હક઼ીક઼ત હૈ જીને મેં જીના

તળપતે હુએ દિલ કા હૈ યહ વઝીફા
મદીના મદીના મદીના મદીના

કરમ યે નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ
કહાં વો મદીના કહાં યે કમીના


હૈ તયબહ મેં અપની ખુશી કા યહ આલમ
કે હાથ આ ગયા જૈસે કોઈ દફીના

મરો તો ભી જન્નત જીયો તો ભી જન્નત
મુબારક હૈ મરના મુબારક હૈ જીના

ઈલાહી સલામત રહે સબ્ઝ ગુંબદ
વો હૈ ખાતમેં દિલ કા ગોયા નગીના

કરમ કે મોહરે નબુવ્વત કી કિરનેં
ચલી આતી હૈ અબ ભી સીના બ સીના

કરોળોં સલાતો સલામ ઉસ પે ''મિર્ઝા''
કે જીને કા જિસને સિખાયા કરીના




# માહે રમઝાન મુબારક

## કઈ રીતે ગુજારશો ?



**તંત્રી લેખ**

આ અંકમાં તમારા હાથમાં આવશે ત્યારે રમઝાન મુબારકનો પવિત્ર રહમતો બરકતોવાળો મહીનો પસાર થઈ રહ્યો હશે. તમો પણ અનુભવતા હશો અને અમે કેટલાક વરસોથી અનુભવીએ છીએ કે રમઝાન જેવા બરકતી મહીનામાં પણ લોકોની નમાઝો, તિલાવતે કુર્આન તથા અન્ય ઈબાદતોથી સુસ્તી અને ખેદકૂદ રમતગમતો તથા ફુઝૂલ પ્રવૃત્તિઓ બલ્કે હરામ કામોમાં આજની પેઢી ડૂબેલી જોવા મળે છે. **રમઝાન મુબારકની જુમ્આમાં પણ ફક્ત બે રકાત ફર્ઝ પઢીને ૨/૩ ભાગના લોકો મસ્જિદથી ટોળે ને ટોળે જલ્દીથી બહાર નીકળવા ભીડ કરી મૂકે છે.** અફસોસ ! આ કૌમનો હાલ છે પછી કઈ રીતે આપણે રબથી ભલાઈની આશા રાખી શકીએ ?! આવા નાઝુક સમયે ખાસ કરીને નવયુવાનોને હિદાયત મળે એ હેતુથી અત્રે **દાઈએ કબીર અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરી**ની કલમથી હિદાયત રૂપી કેટલીક વાતો અત્રે રજૂ કરીએ છીએ. રસૂલે પાક ﷺ તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن રમઝાન કઈ રીતે ગુજારતા હતા તેને જોઈએ અને અમલની કોશિશ કરીએ.

### માહે રમઝાનમાં કુર્આનની તિલાવતનું આયોજન

માહે રમઝાનુલ મુબારકમાં કુર્આન મજીદની ખૂબ જ અધિક પ્રમાણમાં તિલાવત કરો, કેમ કે એ જ આપણા પ્યારા આકા સરવરે કૌનેન હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો મુબારક તરીકો રહ્યો. અને સહાબાએ કિરામ, તાબઈને એઝામ અને તબેઅ તાબઈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પણ આ જ બાબરકત મામૂલ (નિયમ) પર કાયમ રહ્યા. એની સાથોસાથ દરરોજ એક અથવા બે રુકૂઅ "કન્ઝુલ ઈમાન મઅ તફસીરે ખઝાઈનુલ ઈરફાન"થી કુર્આન મજીદનો તર્જુમો તથા તફસીરનો પણ (જે દયાદરામાં ગુજરાતી અનુવાદમાં પણ મળે છે) અભ્યાસ કરો, જેથી તિલાવતની સાથોસાથ કુર્આન સમજવાની નેક નસીબી પણ હાંસલ થાય.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે : "હઝરત જિબ્રઈલ علیہ السلام રસૂલુલ્લાહ ﷺની સાથે દરવર્ષે એકવાર કુર્આન મજીદનો દોરો કર્યા કરતા હતા. પરંતુ જે વરસે નબી કરીમ ﷺની વફાત થઈ તેમાં તેમણે નબી કરીમ ﷺની સાથે બે વાર દોરો કર્યો. નબી કરીમ ﷺ દરવર્ષે દસ દિવસનો એતેકાફ કર્યા કરતા હતા, પરંતુ જે વરસે આપની વફાત થઈ એ વરસે આપે વીસ દિવસનો એતેકાફ કર્યો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ رضی اللہ عنہના સાહબઝાદા અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ પોતાના વાલિદના હવાલાથી વર્ણવે છે કે તે કુર્આન મજીદ જુમ્આથી આગલા જુમ્આ સુધી (એક અઠવાડિયા)માં પઢી લીધા કરતા હતા. અને રમઝાનમાં દર ત્રણ દિવસમાં તેને ખત્મ કરી લેતા હતા. *(શોઅબુલ ઈમાન, ૨/૪૧૫, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત–લેબનાન)*

ઈમામ અબૂ યૂસુફ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના વિશે જણાવે છે : દરેક દિવસ તથા રાતમાં એક ખત્મ કરતા, અને રમઝાન અને ઈદમાં બાસઠ (૬૨) ખતમ કરતા, અને માલમાં સખાવત કરનારા હતા. *(અલ ખૈરાતુલ હસ્સાન જવાહિરુલ બયાન, પેજ–૭૯, મકતબુલ હકીકહ)*

અબ્દુલ્લાહ ઈબ્ને લબીદ ફર્માવે છે : જ્યારે ઈમામ અબૂ હનીફા عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ પર માહે રમઝાન દાખલ થતો તો તે કુર્આને કરીમની ક઼િરાઅતના માટે પોતાને ફારિગ કરી લેતા હતા. અને જ્યારે રમઝાનના આખરી દસ દિવસ આવી જતા તો ખૂબ જ ઓછુ એવું થતું કે કોઈ શખ્સ તેમનાથી વાત કરવા પામતો *(અખ્બારે અલી હનીફા, પેજ–૭૫, આલમુલ કુતુબ, બૈરૂત)*

મુસબ્બહ બિન સઈદે વર્ણવ્યું કે જ્યારે રમઝાનુલ મુબારકની પ્રથમ રાત થતી તો મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી પોતાના સાથીઓને ભેગા કરતા અને તેમને નમાઝ પઢાવતા. દરેક રકાતમાં વીસ આયતો તિલાવત કરતા, અને એ રીતે પઢતા રહીને પૂરુ કુર્આનમજીદ ખત્મ કરી લેતા. એ જ પ્રમાણે સહરીના સમયે તે અડધાથી ત્રીજા ભાગ દરમિયાન જેટલા કુર્આનની તિલાવત કરતા. જેથી દર ત્રણ રાતમાં સહરીના સમય સુધી એક ખત્મ સંપૂર્ણ થઈ જતો. અને દિવસના સમયે તે દરરોજ એક ખત્મ કરતા. અને દરેક રાતે ઈફતારના સમયે તેમનો ખત્મ સંપૂર્ણ થતો હતો. તે ફર્માવતા હતા કે **દરેક ખત્મે કુર્આનના મોકા પર એક દુઆ કબૂલ થાય છે.** *(શોઅબુલ ઈમાન, ૨/૪૧૬)*

## કઝાએ ઉમરી અદા કરવાનો આસાન તરીકો

રમઝાનની રાતોમાં જેમની પાછલી નમાઝો કઝા થઈ હોય તેને પઢતા રહી પોતાના માથેનું એ કરજ ઉતારતા રહેવું જોઈએ કેમ કે ક઼યામતના મેદાનમાં પ્રથમ સવાલ નમાઝ વિશે થશે. દરેક દિવસની ક઼ઝા નમાઝો કુલ વીસ રકાત હોય છે. એમાં બે રકાત ફજરની ફર્ઝ, ચાર રકાત ઝહોરની ફર્ઝ, ચાર રકાત અસરની ફર્ઝ, ત્રણ રકાત મગરિબની ફર્ઝ, ચાર રકાત ઈશાની ફર્ઝ અને ત્રણ રકાત વિત્ર સામેલ છે.

ક઼ઝા નમાઝ અદા કરતી વખતે નિય્યત કરવી જરૂરી છે. નિય્યત એ રીતે કરવામાં આવે કે માણસ દિલમાં આ ઈરાદો કરે, "હું મારી પ્રથમ ફજર અદા કરી રહ્યો છું જે મારાથી ક઼ઝા થઈ ગઈ હતી અથવા હું મારી પ્રથમ ઝહોર અદા કરી રહ્યો છું જે મારાથી ક઼ઝા થઈ ગઈ હતી." એ પ્રમાણે દરેક નમાઝમાં આ ક્રમ મુજબ નિય્યત કરવામાં આવે.

**પ્રથમ આસાની :** જે લોકો પર ક઼ઝા નમાઝો ઘણી અધિક હોય તેમના માટે શરીઅતે આસાની રાખી છે. એવા લોકો રુકૂઅ તથા સજદામાં ત્રણ ત્રણ વાર سبحان ربی العظیم (સુબ્હાન રબ્બિયલ અઝીમ) અને سبحان ربی الاعلی (સુબ્હાનલ્લાહ રબ્બિયલ આ'લા) કહેવાને બદલે કેવળ એક એક વાર પણ કહી શકે છે, એ જાઈઝ છે.

પરંતુ એ વાત હમેશાં યાદ રાખવી જોઈએ કે રુકૂઅમાં ત્યારે તસ્બીહ શરૂ કરવી જોઈએ જ્યારે માણસ સંપૂર્ણપણે રુકૂઅમાં પહોંચી જાય અને જ્યારે "અ઼ઝીમ"નો આખરી હર્ફ સંપૂર્ણ થઈ જાય તો તે જ વખતે રુકૂઅથી માથુ ઉઠાવવામાં આવે. એ જ પ્રમાણે સજદામાં પણ પૂરો સજદો કરવામાં આવે પછી તસ્બીહ પઢવામાં આવે, અને તસ્બીહ પૂર્ણ થયા બાદ જ સજદાથી માથુ ઉઠાવવામાં આવે. ઘણા બધા લોકો રુકૂઅ તથા સજદામાં

આવતાં જતાં તસ્બીહ પઢી નાખે છે એ ઘણી જ મોટી ગલતી છે અને નમાઝના તરીકા વિરૂધ્ધ છે.

**બીજી આસાની** : કઝા નમાઝો વધુ હોવાની સ્થિતિમાં ફર્ઝ નમાઝોની ત્રીજી અને ચોથી રકાતમાં સૂરએ ફાતિહા (અલ્હમ્દ) પઢવાના બદલે કેવળ ત્રણવાર سبحان الله (સુબ્હાનલ્લાહ) કહીને રુકૂઅમાં ચાલ્યો જાય. પરંતુ અહીં પણ એ વાત જરૂરી છે કે માણસ પ્રથમ સીધો ઉભો થાય, પછી سبحان الله કહેવાનું શરૂ કરે અને ત્રણેવવાર પૂરા ઉભેલી સ્થિતિમાં કહે. ત્યારબાદ રુકૂઅના માટે ઝુકે. આ આસાની કેવળ ફર્ઝ નમાઝોની ત્રીજી ચોથી રકાતમાં છે. વિત્રની નમાઝનો હુકમ એ છે કે ત્રણેવ રકાતોમાં સૂરએ ફાતિહા અને સૂરત પઢવી જરૂરી છે.

**ત્રીજી આસાની** : એ છે કે પ્રથમ અત્તહિય્યાત બાદ સંપૂર્ણ દુરૂદે ઈબ્રાહીમી તથા દુઆઓ પઢવાના બદલે કેવળ આ શબ્દો કહીને સલામ ફેરવી દેવામાં આવે : اللهم صلى على محمد وآله (અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ વ આલિહી)

**ચોથી આસાની** : એ છે કે વિત્રની ત્રીજી રકાતમાં દુઆએ કુનૂત પઢવાના બદલે અલ્લાહુ અકબર કહીને એક કે ત્રણવાર ''રબ્બિગ્ ફિર્લી કહી લેવામાં આવે. *(ફતાવાએ રઝવિય્યહ, ૮/૧૫૭,૧૫૮, રઝા ફાઉન્ડેશન)* (તેમજ સૂરતોને બદલે ટૂંકી આયતો તિલાવત કરવી જેમ કે يٰسٓ ۚ وَالْقُرْاٰنِ الْحَكِيْمِ ۙ اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ۙ તથા اَلْحَآقَّةُ ۙ مَا الْحَآقَّةُ ۚ وَمَآ اَدْرٰىكَ مَا الْحَآقَّةُ ۗ તથા اَلرَّحْمٰنُ ۙ عَلَّمَ الْقُرْاٰنَ ۗ خَلَقَ الْاِنْسَانَ ۙ તથા وَالطُّوْرِ ۙ وَكِتٰبٍ مَّسْطُوْرٍ ۙ فِيْ رَقٍّ مَّنْشُوْرٍ ۙ અને اَلْقَارِعَةُ ۙ مَا الْقَارِعَةُ ۚ وَمَآ اَدْرٰىكَ مَا الْقَارِعَةُ ۗ વગેરે.. *તંત્રી)*

## માહે રમઝાનમાં આ પણ કરશો

માહે રમઝાનમાં ખૂબ જ પ્રમાણમાં કુર્આન મજીદની તિલાવત કરે અને તેની સાથે નીચે વર્ણવેલ વઝીફાને પોતાના મામૂલાતમાં સામેલ કરે, ઈન્શા અલ્લાહ ! તેની બરકાતો બંને જહાનમાં અતા થશે.

**સૈયદુલ ઈસ્તિગફાર** : હઝરત શદ્દાદ બિન અવસ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર રહમતે દો આલમ ﷺ એ ફર્માવ્યું : જેણે આ દુઆના શબ્દો પર યક઼ીન રાખીને દિલથી તેને કહી લીધી અને તે જ દિવસે સાંજ થતા પહેલાં તેનો ઈન્તેકાલ થઈ ગયો તો તે જન્નતી છે. અને જેણે નીચે દર્શાવેલી દુઆના શબ્દો પર યક઼ીન રાખીને રાતમાં એને પઢી લીધી અને પછી તેનું સવાર થતા પહેલાં મૃત્યુ થઈ ગયું તો તે જન્નતી છે. *(બુખારી શરીફ)*

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે કે સૈયદુલ ઈસ્તિગફાર એક એકવાર અથવા ત્રણ ત્રણવાર (સવાર સાંજ) પઢે તો ગુનાહ માફ થાય અને દિવસ રાતમાં મરે તો શહીદ. તે આ છે :–

اللَّهُمَّ أَنْتَ رَبِّي لَا إِلَهَ إِلَّا أَنْتَ خَلَقْتَنِي وَأَنَا عَبْدُكَ وَأَنَا عَلَى عَهْدِكَ وَوَعْدِكَ مَا اسْتَطَعْتُ أَعُوذُ بِكَ مِنْ شَرِّ مَا صَنَعْتُ أَبُوءُ لَكَ بِنِعْمَتِكَ عَلَيَّ وَأَبُوءُ لَكَ بِذَنْبِي فَاغْفِرْ لِي فَإِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوبَ إِلَّا أَنْتَ.

*(બુખારી શરીફ, ૫/૨૩૨૩, દારે ઈબ્ને કષીર, દારુલ યમામા, દમિશ્ક)*

**દુરૂદે હલ્લે મુશ્કિલાત** : આ દુરૂદે પાક મુશ્કેલીઓને આસાન કરવાના માટે ખૂબ જ અસરકારક છે. એને પઢવાનો તરીકો એ છે કે ઈશાની નમાઝ બાદ તાજુ વુઝૂ કરીને બે રકાત નફલ નમાઝ પઢે. પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા પછી **કુલ યા ઐયુહલ કાફિરૂન** અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા બાદ **કુલ્હુવલ્લાહ**

**શરીફ** પઢે. ફારિગ થયા બાદ કિબ્લા તરફ મોં કરીને એવી જગ્યાએ બેસે જ્યાં સૂઈ જતો હોય અને સાચા દિલથી તૌબા કરતાં એક હજાર વાર اَسْتَغْفِرُ اللّٰہَ الْعَظِیْمَ (અસ્તફિરુલ્લાહલ અઝીમ) પઢે ત્યારબાદ પલાંઠીવાળીને બાઅદબ બેસીને એ કલ્પના કરી લે કે રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર છું અને અર્ઝ કરી રહ્યો છું. આ દુરૂદે પાકને સોવાર, બસોવાર, ત્રણસો વાર...સારાંશ કે પઢતો જાય. જ્યારે ઊંઘનું ભારણ થાય તો એ જ જગાએ કિ઼બ્લા તરફ મોં કરીને સૂઈ જાય. જ્યારે રાતના છેવટમાં જાગૃત થાય તો પછી એ જ જગાએ કિ઼બ્લા તરફ બેસીને સવારની નમાઝ સુધી દુરૂદ શરીફ પઢતો રહે. પઢતી વખતે પોતાની હાજતનો ખયાલ કરે, ઈન્શા અલ્લાહ ! એક રાતમાં અથવા ત્રણ રાતોમાં હાજત પૂરી થઈ જશે. આખરી રાત જુમ્આની હોય તો અધિક બેહતર છે. એ ઉપરાંત કોઈ પણ સમયે આ દુરૂદ હજારવાર પઢવું ખૂબ જ મુજર્રબ છે. اَللّٰھُمَّ صَلِّ وَسَلِّمْ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ قَدْ ضَاقَتْ حِيلَتِي اَدْرِكْنِي يَا رَسُولَ اللّٰہِ (હે અલ્લાહ ! અમારા સરદાર મુહમ્મદ ﷺ પર દુરૂદો સલામ અને બરકત નાઝિલ કર. યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ કરો, મારી કોશિશ તંગ થઈ ચૂકી છે. *(નૂરી અવરાદો વઝાઈફ, પેજ–૨૨૭, ઈદારા મઆરિફે ઈસ્લામિયા, મુંબઈ)*

**પંજગંજ કા઼દરી** : ફજરની નમાઝ બાદ يَا عَزِيْزُ يَا اللّٰهُ (યા અઝીઝુ યા અલ્લાહ) ★ ઝોહરની નમાઝ બાદ يَا كَرِيْمُ يَا اللّٰهُ (યા કરીમો યા અલ્લાહ) ★ અસરની નમાઝ બાદ يَا جَبَّارُ يَا اللّٰهُ (યા જબ્બારુ યા અલ્લાહ) ★ મગરિબની નમાઝ બાદ يَا سَتَّارُ يَا اللّٰهُ (યા સત્તારુ યા અલ્લાહ) ★ ઈશાની નમાઝ બાદ يَا غَفَّارُ يَا اللّٰهُ (યા ગફફારુ યા અલ્લાહ) સો સો વાર પઢે, અવ્વલ આખિર ત્રણ વાર દુરૂદ શરીફ પઢે, અગણિત બરકતો છે. *(અલવઝીફતુલ કરીમા, પેજ–૧૧, રઝા એકેડમી)*

**મુસ્તજાબુદ્દા'વાત બનવાનો નુસ્ખો** : (૧) હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہથી નકલ થયેલ છે : જે શખ્સ દરરોજ મોમિન પુરૂષો અને મોમિન સ્ત્રીઓના માટે સત્તાવીસ વખત પચ્ચીસ વખત ઈસ્તિગફાર કરે છે તો તે લોકોમાં ગણના પામે છે જેમની દુઆ કબૂલ થાય છે અને તેના સબબ જમીનવાળાઓને રોજી આપવામાં આવે છે. *(અલ જામિઉલ કબીર લિલ સુયૂતી, ૮/૫૨૬, અલ અઝહર શરીફ, કાહિરા)*

**દિલનું ઝિંદા રહેવું અને ખાત્મા બિલ્ખૈરની દુઆ** : يَا حَيُّ يَا قَيُّوْمُ لَا إِلٰهَ إِلَّا أَنْتَ કેવળ સવારમાં ૪૧ વાર પઢવું. આ'લા હઝરત ફર્માવે છે : તેનું દિલ ઝિંદા રહેશે અને ઈમાન પર ખાત્મો થશે. *(અલ્વઝીફતુલ કરીમા, પેજ–૧૯)*

**દરેક બલા તથા ધોકાથી મેહફૂઝીની દુઆ** : حَسْبِيَ اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمُ આ'લા હઝરત ફર્માવે છે : એને સવાર સાંજ પઢે દરેક બલા તથા ધોકાથી મેહફૂઝ થશે. હદીષમાં સાતવાર ફર્માવ્યું હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી દસવાર આવ્યું. ફકીરનો એના પર અમલ છે. એને બિહમ્દિલ્લાહિ તઆલા તમામ મકસદો માટે પૂરતી પામી. *(અલ વઝીફતુલ કરીમા, પેજ–૬)*

**કલિમાએ તૈયિબહની ફઝીલત** : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે સરકોર દો આલમ ﷺએ ફર્માવ્યું : તે શખ્સને આગથી કાઢી લેવામાં આવશે જેણે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું, અને તેના દિલમાં એક જવના વજન બરાબર ભલાઈ હશે. પછી એવા શખ્સને આગથી કાઢવામાં આવશે જેણે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું, અને તેના દિલમાં ઘઉંના દાણા બરાબર ભલાઈ હશે. પછી એવા શખ્સને આગથી

કાઢવામાં આવશે જેણે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું, અને તેના દિલમાં એક રજકણ બરાબર ભલાઈ હશે.
*(મુસ્લિમ શરીફ, ૧/૧૮૨, કાહિરા)*

નબી કરીમ ﷺએ ફર્માવ્યું : અલ્લાહ તઆલાએ એ શખ્સને દોઝખ માટે હરામ કરી આપ્યો જે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે અને એનાથી અલ્લાહની રઝા ચાહે.

મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ શયખ મુહયુદ્દીન અરબીના હવાલાથી નકલ ફર્માવે છે કે આપ ફર્માવે છે કે, મારા સુધી એ વાત પહોંચી કે તાજદારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જેણે સિત્તેર હજાર વાર **લાઈલાહ ઈલ્લાહ** કહ્યું તેની મગફિરત કરી દેવામાં આવી, અને જેના માટે કહેવામાં આવ્યું તેની પણ મગફિરત કરી દેવામાં આવી.

શયખ મુહયુદ્દીન અરબી ફર્માવે છે : તો મેં વર્ણવેલ સંખ્યા મુજબ કલ્મએ તૌહીદ પઢયો હતી, જેવું કે રિવાયતમાં આવ્યું છે. પરંતું મેં એને કોઈ ખાસ શખ્સના માટે (બખ્શવા) નિય્યત કરી ન હતી બલ્કે આમ તૌર પર પઢયો હતો. પછી હું અમુક સાથીઓની સાથે એક ખાણામાં શરીક થયો. એમાં એક નવયુવાન પણ હતો જે કશ્ફ એતબારથી મશહૂર હતો. ખાણા દરમ્યાન અચાનક તે રડવા લાગ્યો. મેં તેને રડવાનું કારણ પૂછયું તો તેણે કહ્યું, હું મારી માને અઝાબમાં જોઈ રહ્યો છું. જેથી મેં મારા દિલમાં એ જ કલ્મએ તૌહીદના સવાબને તેની માની તરફ ઈસાલ કરી આપ્યો. તો તરત તે નવયુવાન હસી પડયો અને કહેવા લાગ્યો, હવે હું મારી માને સારા અંજામ (જન્નત)માં જોઈ રહ્યો છું. *(મિર્કાતુલ મફાતીહ, ૩/૮૭૯, દારુલ ફિક્ર, બૈરૂત–લબનાન)*

**અલ્લાહ તઅલાની રઝાનો વાયદો :-**

رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّبِالْاِسْلَامِ دِيْنًا وَّبِسَيِّدِنَا وَ مَوْلَانَا مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَبِيًّا وَّرَسُوْلًا સવાર સાંજ ત્રણ ત્રણ પઢવું. આ'લા હઝરત ફર્માવે છે : અલ્લાહ તઆલાના કરમ પર હક્ક છે કે કયામતના દિવસે તેને (પઢનારને) રાજી કરે. *(અલ વઝીફતુલ કરીમા)*

**દીન ઈમાન વગેરેની હિફાઝત :-**

بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِيْ بِسْمِ اللّٰهِ عَلٰى نَفْسِيْ وَوُلْدِيْ وَاَهْلِيْ وَمَالِيْ સવાર સાંજ ૩–૩ વાર પઢે. આ'લા હઝરત ફર્માવે છે : દીન, ઈમાન, જાન, માલ, બાળકો સૌ સુરક્ષિત રહે. *(અલ વઝીફતુલ કરીમા) (અન્ય ઘણા વઝીફા દુઆ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ વર્ણવેલ છે. સ્થળ સંકોચને કારણે આટલે જ અટકીએ છીએ. –તંત્રી)* તદ્ઉરાંત "સલાતુત્તસ્બીહ"ની નમાઝ પણ પઢવા કોશિશ કરે.

**જરૂરી હિદાયત :** માહે રમઝાનુલ મુબારકમાં મોબાઈલ ફોન, યુટયૂબ તથા અન્ય સોશયલ મીડિયાના માધ્યમોથી બને ત્યાં સુધી જરૂરત સુધી સીમિત રહો અને પોતાની કિંમતી ઘડીઓને ગૈર જરૂરી પ્રવૃત્તિઓમાં ખર્ચવાને બદલે વધુથી વધુ સમય અલ્લાહ તઆલાની ઈબાદત, ઝિક્ર, તિલાવત અને નેકીનાં કામોમાં ગુજારવાની કોશિશ કરો. – આ બાબરકત મહીનામાં પાંચ વખતની નમાઝો અને તરાવીહની નમાઝની પાબંદી કરો, સદકા ખૈરાત કરવાની વ્યવસ્થા કરો, અને સૌ પ્રથમ પોતાનાં નિકટનાં સગાંઓમાં મુસ્તહિક વ્યક્તિઓને શોધીને તેમને આપો, ત્યારબાદ મદ્રસા મસ્જિદની મદદ પ્રતિ ધ્યાન કરો. તેમજ તેહરીકે સુન્ની દા'વતે ઈસ્લામી જે એક ખાલિસ દીની તેહરીક છે અને હિંદ તથા હિંદ બહાર દીનો સુન્નિયતની ખિદમત અંજામ આપી રહી છે, જેના હેઠળ વિવિધ મદ્રસા, સ્કૂલો તથા મકતબો ચાલે છે તેની પણ ભરપુર રિઆયત (ખયાલ) કરશો.

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને તેમાંના ઘણાઓને અમે વાતના સાચા ન જોયા.[33] અને અવશ્ય તેમનામાં વધુને હુકમ ભંગ કરનાર જ નિહાળ્યા (૧૦૨) ફરી એમના[૩૪] પછી અમે મૂસાને પોતાની નિશાનીઓ[૩૫] સાથે ફિરઔન અને તેના દરબારીઓ તરફ મોકલ્યો. તો તેમને એ નિશાનીઓ પર જુલ્મ કર્યો[૩૬] તો જુઓ ફસાદખોરોનું કેવું પરિણામ આવ્યું ? (૧૦૩) અને મૂસાએ કહ્યું, હે ફિરઔન ! હું પરવરદિગારે આલમનો રસૂલ છું, (૧૦૪) મને યોગ્ય છે કે અલ્લાહ બાબત સત્ય વાત[૩૭] સિવાય (કશું) ન કહું. હું તમારા સર્વ પાસે તમારા પાલનહાર તરફથી નિશાની લઈને આવ્યો છું.[૩૮] તો બની ઈસરાઈલને મારી સાથે છોડી મૂક.[૩૯] (૧૦૫) બોલ્યો. જો તમે કંઈ નિશાની લઈને આવ્યા હોય તો લાવો, જો સાચા હોય તો'' (૧૦૬) તો મૂસાએ પોતાનો અસો (લાકડી) નાખી દીધો. તે તુરત જ એક પ્રત્યક્ષ અજગર બની ગયો[૪૦] (૧૦૭) અને પોતાનો હાથ ગરેવાનમાં નાખીને કાઢયો તો તે જોનારાઓ સામે ચમકવા માંડયો[૪૧] (૧૦૮) ફિરઔનની કોમના આગેવાનો બોલ્યા, ''આ તો એક ઈલ્મવાળો જાદુગર છે.[૪૨] (૧૦૯) તમને તમારા દેશમાંથી[૪૩] કાઢી મૂકવા ઈચ્છે છે. તો તમારો અભિપ્રાય શું છે ?'' (૧૧૦) બોલ્યા, ''અમને અને એમના ભાઈ[૪૪] ને (રોકી) રાખ, અને શહેરોમાં એકત્ર

### આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

اَوَ لَمْ یَهْدِ لِلَّذِیْنَ یَرِثُوْنَ الْاَرْضَ مِنْۢ بَعْدِ اَهْلِهَاۤ اَنْ لَّوْ نَشَآءُ اَصَبْنٰهُمْ
بِذُنُوْبِهِمْ ۚ وَ نَطْبَعُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا یَسْمَعُوْنَ (١٠٠) تِلْكَ الْقُرٰى نَقُصُّ
عَلَیْكَ مِنْ اَنْۢبَآىٕهَا ۚ وَ لَقَدْ جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَیِّنٰتِ ۚ فَمَا كَانُوْا
لِیُؤْمِنُوْا بِمَا كَذَّبُوْا مِنْ قَبْلُ ؕ كَذٰلِكَ یَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الْكٰفِرِیْنَ (١٠١) وَ
مَا وَجَدْنَا لِاَكْثَرِهِمْ مِّنْ عَهْدٍ ۚ وَ اِنْ وَّجَدْنَاۤ اَكْثَرَهُمْ لَفٰسِقِیْنَ (١٠٢) ثُمَّ
بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى بِاٰیٰتِنَاۤ اِلٰى فِرْعَوْنَ وَ مَلَا۠ىٕهٖ فَظَلَمُوْا بِهَا ۚ فَانْظُرْ
كَیْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِیْنَ (١٠٣) وَ قَالَ مُوْسٰى یٰفِرْعَوْنُ اِنِّیْ رَسُوْلٌ مِّنْ
رَّبِّ الْعٰلَمِیْنَ (١٠٤) حَقِیْقٌ عَلٰۤى اَنْ لَّاۤ اَقُوْلَ عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ ؕ قَدْ جِئْتُكُمْ
بِبَیِّنَةٍ مِّنْ رَّبِّكُمْ فَاَرْسِلْ مَعِیَ بَنِیْۤ اِسْرَآءِیْلَ (١٠٥) قَالَ اِنْ كُنْتَ جِئْتَ بِاٰیَةٍ
فَاْتِ بِهَاۤ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِیْنَ (١٠٦) فَاَلْقٰى عَصَاهُ فَاِذَا هِیَ ثُعْبَانٌ
مُّبِیْنٌ (١٠٧) وَّ نَزَعَ یَدَهٗ فَاِذَا هِیَ بَیْضَآءُ لِلنّٰظِرِیْنَ (١٠٨) قَالَ الْمَلَاُ مِنْ قَوْمِ
فِرْعَوْنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ عَلِیْمٌ (١٠٩) یُّرِیْدُ اَنْ یُّخْرِجَكُمْ مِّنْ اَرْضِكُمْ ۚ فَمَا
ذَا تَاْمُرُوْنَ (١١٠) قَالُوْۤا اَرْجِهْ وَ اَخَاهُ وَ اَرْسِلْ فِی الْمَدَآىٕنِ حٰشِرِیْنَ (١١١)
یَاْتُوْكَ بِكُلِّ سٰحِرٍ عَلِیْمٍ (١١٢) وَ جَآءَ السَّحَرَةُ فِرْعَوْنَ قَالُوْۤا اِنَّ لَنَا لَاَجْرًا
اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِیْنَ (١١٣) قَالَ نَعَمْ وَ اِنَّكُمْ لَمِنَ الْمُقَرَّبِیْنَ (١١٤) قَالُوْا
یٰمُوْسٰۤى اِمَّاۤ اَنْ تُلْقِیَ وَ اِمَّاۤ اَنْ نَّكُوْنَ نَحْنُ الْمُلْقِیْنَ (١١٥) قَالَ اَلْقُوْا ۚ فَلَمَّاۤ
اَلْقَوْا سَحَرُوْۤا اَعْیُنَ النَّاسِ وَ اسْتَرْهَبُوْهُمْ وَ جَآءُوْ بِسِحْرٍ عَظِیْمٍ (١١٦) وَ
اَوْحَیْنَاۤ اِلٰى مُوْسٰۤى اَنْ اَلْقِ عَصَاكَ ۚ فَاِذَا هِیَ تَلْقَفُ مَا یَاْفِكُوْنَ (١١٧) فَوَقَعَ
الْحَقُّ وَ بَطَلَ مَا كَانُوْا یَعْمَلُوْنَ (١١٨) فَغُلِبُوْا هُنَالِكَ وَ انْقَلَبُوْا صٰغِرِیْنَ (١١٩) وَ
اُلْقِیَ السَّحَرَةُ سٰجِدِیْنَ (١٢٠) قَالُوْۤا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِیْنَ (١٢١) رَبِّ مُوْسٰى وَ
هٰرُوْنَ (١٢٢) قَالَ فِرْعَوْنُ اٰمَنْتُمْ بِهٖ قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۚ اِنَّ هٰذَا لَمَكْرٌ
مَّكَرْتُمُوْهُ فِی الْمَدِیْنَةِ لِتُخْرِجُوْا مِنْهَاۤ اَهْلَهَا ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ (١٢٣) لَاُقَطِّعَنَّ
اَیْدِیَكُمْ وَ اَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ ثُمَّ لَاُصَلِّبَنَّكُمْ اَجْمَعِیْنَ (١٢٤) قَالُوْۤا اِنَّاۤ اِلٰى
رَبِّنَا مُنْقَلِبُوْنَ (١٢٥) وَ مَا تَنْقِمُ مِنَّاۤ اِلَّاۤ اَنْ اٰمَنَّا بِاٰیٰتِ رَبِّنَا لَمَّا جَآءَتْنَا ؕ
رَبَّنَاۤ اَفْرِغْ عَلَیْنَا صَبْرًا وَّ تَوَفَّنَا مُسْلِمِیْنَ (١٢٦)

*કરનાર લોકોને મોકલી આપ" (૧૧૧) કે દરેક ઈલ્મવાળા જાદુગરને તારી પાસે લઈ આવે.[૪૫] (૧૧૨) અને પછી જાદુગર ફિરઔન પાસે આવ્યા, બોલ્યા, "જો અમે જીતી જઈએ તો અમને કંઈક ઈનામ મળશે ? (૧૧૩) બોલ્યો, હા ! અને ત્યારે તમે નજીકના (સલાહકારો અને મિત્રો) બની જશો (૧૧૪) (જાદુગરો) બોલ્યા, હે મૂસા ! ક્યાં[૪૬] તો તમે નાખો અથવા અમે નાખીએ[૪૭] (૧૧૫) (હઝરત મૂસાએ) કહ્યું, "તમે જ નાખો[૪૮] (પછી જ્યારે તેમણે નાખ્યું,[૪૯] લોકોની દ્રષ્ટિ પર જાદુ કરી દીધું અને તેમને ડરાવ્યા અને મહાન જાદુ લાવ્યા (૧૧૬) અને અમે મૂસાને વહી મોકલી કે પોતાનો અસો નાખ. તો અચાનક તેમની બનાવટને ગળી જવા માંડયો[૫૦] (૧૧૭) તો સત્ય સાબિત થયું અને તેમનું કામ નાસીપાસ થયું (૧૧૮) તો અહીં તેઓ પરાજીત થયા અને અપમાનિત થઈને પરત થયા (૧૧૯) અને જાદુગરો સિજદામાં નાખી દેવામાં આવ્યા[૫૧] (૧૨૦) બોલ્યા, "અમે ઈમાન લાવ્યા. જગતના પાલનહાર પર (૧૨૧) જે મૂસા અને હારૂનનો પરવરદિગાર છે' (૧૨૨) ફિરઔન બોલ્યો 'તમે તેના પર ઈમાન લઈ આવ્યા ? હું તમને પરવાનગી આપું તે પહેલાં ? આ તો મોટી બનાવટ છે, જે તમે બધાએ[૫૨] શહેરમાં ફેલાવી છે, જેથી શહેરવાળાઓને ત્યાંથી કાઢી મૂકો.[૫૩] તો હવે તમને ખબર પડશે[૫૪] (૧૨૩) કસમ છે કે હું તમારા એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપી નાખીશ પછી તમને બધાને શુળીએ લટકાવીશ.[૫૫] (૧૨૪) (જાદુગરો) બોલ્યા, "અમે અમારા રબ પ્રતિ જવાના છીએ.[૫૬] (૧૨૫) અને તને અમારું શું માઠું લાગ્યું ? એ જ કે અમે અમારા રબની નિશાનીઓ પર ઈમાન લઈ આવ્યા જ્યારે તે અમારી પાસે આવી. હે અમારા રબ ! અમારા પર ધીરજ વરસાવ[૫૭] અને અમને મુસલમાન (હોવાની હાલતમાં) ઉઠાવ[૫૮] (૧૨૬)*

## :: સમજૂતી ::

**૩૩** : તેમણે અલ્લાહ (ને આપેલા) વચન પૂરાં ન કર્યા, તેમના પર જ્યારે કોઈ મુસીબત આવી પડતી ત્યારે વચન આપતા કે અય ખુદા ! જો તું અમને આનાથી છૂટકારો આપે તો અમે જરૂર ઈમાન લાવીશું. પછી જ્યારે છૂટકારો પામતા ત્યારે વચનથી ફરી જતા હતા. *(મદારિક)* **૩૪** : મઝકૂર નબીઓ.

**૩૫** : અર્થાત સ્પષ્ટ મો'જિઝા, યદે બૈઝા અને અસા વગેરે. **૩૬** : તેમને જૂઠી ઠરાવી અને કુફ્ર કર્યું. **૩૭** : કારણ કે રસૂલને એ જ શોભે છે તેઓ કદી જૂઠી વાત કહેતા નથી. અને તબ્લીગે રિસાલત (રિસાલતની વાતો લોકોને પહોંચાડવા)માં એમનાથી અસત્ય અશક્ય છે. **૩૮** : જેનાથી મારી રિસાલત સાબિત થાય છે. અને તે નિશાની મો'જિઝા છે. **૩૯** : અને એમને પોતાની કેદમાંથી મુક્ત કર જેથી તે મારી સાથે પવિત્ર ધરતીમાં ચાલ્યા જાય જે તેમનું વતન છે. **૪૦** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું છે કે જ્યારે હઝરત મૂસા علیہ السلام એ અસો નાખ્યો ત્યારે તે એક મોટો અજગર બની ગયો. પીળા રંગનો મોઢું પહોળું કરીને પોતાની પૂછડી પર જમીનથી એક માઈલ ઊંચો થઈ ઊભો રહ્યો, એક જડબુ તેણે જમીન ઉપર રાખ્યું અને એક રાજમહેલની ભીત પર. પછી તેણે ફિરઔન તરફ મોઢું ફેરવ્યું તો તે ગાદી પરથી કૂદીને નાઠો, અને બીકના માર્યો તેની હવા નીકળી ગઈ, પછી (અજગરે) લોકો તરફ મોઢું ફેરવ્યું તો એવી નાસભાગ થઈ કે હજારો માણસો કચડાઈ મરી ગયા. ફિરઔન ઘરમાં ભરાઈને બરાડવા લાગ્યો કે, હે મૂસા ! તમને રસૂલ બનાવીને મોકલનારના સોગંદ ! એને પકડી લો, હું તમારા પર ઈમાન લાવું છું. અને તમારી સાથે બની ઈસ્રાઈલને મોકલી આપુ છું. હઝરત મૂસા علیہ السلام એ તેને ઉપાડી લીધો તો પહેલાંની માફક અસો હતો.

**૪૧ :** અને તેનો પ્રકાશ અને ચળકાટ સૂર્યના પ્રકાશથી વધી ગયો.

**૪૨ :** જેણે જાદૂના જોરે નજરબંદી કરી છે જેથી લોકોને અસો અજગર અને ઘઉંવર્ણો હાથ સૂર્ય કરતાં વધુ પ્રકાશિત દેખાવા લાગ્યો.

**૪૩ :** મિસર. **૪૪ :** હઝરત હારૂન علیہ السلام.

**૪૫ :** જે જાદૂમાં નિષ્ણાત અને સર્વોપરી હોય, પછી લોકો ઉપડયા અને આજુબાજુના શહેરો અને વિસ્તારોથીમાં જાદૂગરોને લઈ આવ્યા.

**૪૬ :** પ્રથમ તમારો અસો. **૪૭ :** જાદુગરોએ હઝરત મૂસા علیہ السلامનો એટલો અદબ જાળવ્યો કે આપને પ્રાથમિક્તા આપી, અને આપની આજ્ઞા વગર પોતાના કાર્યમાં મશગૂલ ન થયા. આ અદબનો બદલો તેમને એ મળ્યો કે અલ્લાહ તઆલાએ તેમને ઈમાન અને હિદાયતથી પાવન કર્યા.

**૪૮ :** હઝરત મૂસા علیہ السلامએ આવું એટલા માટે કહ્યું કે આપને તેમની જરા પણ પરવા ન હતી. અને પૂરો વિશ્વાસ ધરાવતા હતા કે પોતાના મો'જિઝા સામે જાદુ નિષ્ફળ અને પરાજિત થશે.

**૪૯ :** પોતાનું સાધન, જેમાં લાંબા દોરડાં અને મોભ હતા તે અજગરો દેખાવા લાગ્યા, અને મેદાન એનાથી ભરાએલું લાગવા માંડયું.

**૫૦ :** જ્યારે મૂસા علیہ السلامએ પોતાનો અસો નાખ્યો તો તે એક મહાન અજગર બની ગયો. ઈબ્ને ઝૈદનું કહેવું છે કે આ સભા ઈસ્કંદરિયામાં ભરાઈ હતી. અને હઝરત મૂસા علیہ السلامના અજગરની પૂછડી દરિયાને છેડે પહોંચી ગઈ હતી. તે જાદૂગરોના જાદૂને એક એક કરીને ગળી ગયો, અને બધાં દોરડાં અને લાકડાઓ જે ભેગા કર્યા હતાં, અને જે ત્રણસો ઊંટોનું વજન હતું તે બધાંનો ખાતમો કરી નાખ્યો. જ્યારે હઝરત મૂસા علیہ السلامએ તેને પોતાના હાથ મુબારકમાં પકડયો ત્યારે તે પ્રથમની જેમ અસો બની ગયો, અને તેનું કદ અને વજન પોતાની (અસલી) હાલત જેટલું જ રહ્યું હતું. આ જોઈને જાદુગરોએ ઓળખી લીધું કે મૂસાનો અસો જાદુ નથી. અને મનુષ્યની તાકતો આવો ચમત્મકાર બતાવી શકતી નથી. જરૂર આ આકાશી કાર્ય છે. એ વાત સમજીને તેનો اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ (અમે રબ્બુલ આલમીન પર ઈમાન લાવ્યા) કહીને સિજદામાં પડયા.

**૫૧ :** અર્થાત આ મો'જિઝો દેખીને તેમના ઉપર એવો અસર થયો કે તેઓ આપમેળે જ સિજદામાં પડી ગયા. લાગતું હતું જાણે કોઈએ પેશાનીઓ પકડીને જમીન પર ગોઠવી દીધી.

**૫૨ :** અર્થાત તમે અને મૂસા علیہ السلامને ભેગા મળીને. **૫૩ :** અને પોતે તેના પર કબ્જો જમાવી લો. **૫૪ :** કે હું તમારી સાથે કેવી રીતે વર્તું છું. **૫૫ :** નાઈલના કિનારે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ કહ્યું છે કે દુનિયામાં સર્વ પ્રથમ સૂળીએ ચઢાવનાર અને સર્વ પ્રથમ હાથ કાપનાર ફિરઔન છે. ફિરઔનની એ વાતનો જાદુગરોએ જે જવાબ આપ્યો તે આગળની આયતમાં છે.

**૫૬ :** પછી અમને મૃત્યુનો શો શોક, કારણ કે મૃત્યુ પામીને અમને અમારા પરવરદિગારના દીદાર અને તેની રહ્મત મળશે. અને જ્યારે સર્વને તેના પ્રતિ જ જવાનું છે તો પછી તે અમારી અને તમારી વચમાં ફૈંસલો કરી દેશે.

**૫૭ :** અર્થાત અમને પૂરેપૂરી સંપૂર્ણ સબ્ર આપ અને એટલી બધી આપ જેમ, પાણી કોઈ પર ઊંધુવાળવામાં આવે છે.

**૫૮ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું છે કે એ લોકો દિવસના પ્રારંભકાળે જાદુગરો હતા અને તે જ દિવસના અંત ભાગે શહીદ. *(ક્રમશઃ)*

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-ર)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

## બાબો સુજૂદિલ્ કુર્આન[1] باب سجود القرآن
## (કુર્આની સિજદાઓ વિશે બયાન)

**૧.** કુર્આને કરીમમાં ૧૪ સિજદાઓ છે અને સૌ વાજિબ છે. અહનાફની નજીક, અને અન્ય ઈમામોને ત્યાં સુન્નત છે. ઈમામે આ'ઝમનો કૌલ કવી (મજબૂત) છે કેમ કે રબ ફર્માવે છે :

فَمَا لَهُمْ لَا يُؤْمِنُوْنَ ۙ وَاِذَا قُرِئَ عَلَيْهِمُ الْقُرْاٰنُ لَا يَسْجُدُوْنَ "તો શું થયું એમને ઈમાન નથી લાવતા અને જ્યારે કુર્આન પઢવામાં આવે સજદો નથી કરતા." *(૮૪/૨૦, ૨૧, કન્ઝુલ ઈમાન)* અહીં રબ તઆલાએ તિલાવતનો સજદો ન કરવાને સખત જુર્મ ઠરાવ્યો છે કે એનો ઉલ્લેખ બેઈમાનની સાથે કર્યો. **પઢનાર તથા સાંભળનાર બંનેવ પર તિલાવતનો સજદો વાજિબ છે.** આ સજદાના માટે પાકી તો શર્ત છે પણ કયામ સલામ વગેરે ફર્ઝ નથી.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ સૂરએ નજ્મમાં સજદો કર્યો અને આપની સાથે મુસલમાનો, મુશ્રિકો અને જિન તથા ઈન્સાનોએ સજદો કર્યો[1]." (બુખારી)*

**૧.** હુઝૂર ﷺએ સજદાની આયત પઢીને અને સહાબાએ સાંભળીને સજદો કર્યો. મુશ્રિકોએ આ મોકા પર અથવા પોતાની મૂર્તિઓ લાત તથા ઉઝ્ઝાનો ઝિક્ર સાંભળીને સજદો કર્યો અથવા હુઝૂર ﷺના ઝિક્રે ઈલાહીને સાંભળીને પ્રભાવિત થયા અને સજદામાં પડી ગયા. અમુક રિવાયતોમાં આવ્યું છે કે આ મોકા પર શૈતાને હુઝૂર ﷺ જેવા અવાજ બનાવીને મૂર્તિઓની તારીફ કરી અથવા વિના ઈરાદે હુઝૂર ﷺની જીભ પર એ શબ્દો નીકળ્યા. મુશ્રિકો સમજ્યા કે હુઝૂર ﷺ અમારા દીન તરફ પલ્ટી આવ્યા તો શુક્રાના રૂપે સજદામાં પડી ગયા. એટલે કે મુસલમાનોએ તિલાવતનો સજદો કર્યો અને મુશ્રિકોએ પોતાની ગલતફહમી પર શુક્રનો સજદો કર્યો. પણ આપની ઝબાન પર મૂર્તિઓની તારીફ જારી થવાની રિવાયત તદન બાતિલ છે. અને શૈતાનનું પોતાના અવાજને હુઝૂર ﷺના અવાજ જેમ બનાવીને એવું કહી દેવું એને પણ હઝરત શયખે લમ્આતમાં અને મુલ્લા અલી કારીએ મિર્કાતમાં બાતિલ ઠરાવ્યું. અને આ કિસ્સાને મૌઝૂઅ (બનાવટી) ઠરાવ્યો કે એ ઈતિહાસકારોનું કાઢેલ છે. મુહદ્દિષોએ એને નથી લીધુ પરંતુ અમુક ઉલમાએ اَلْقَى الشَّيْطٰنُ فِيْٓ اُمْنِيَّتِهٖની તફસીરમાં આ પહેલા બનાવ વર્ણવ્યો. એટલે કે શૈતાનનું એ કહી દેવું માલૂમ પડે છે. સહાબાએ એ મોકા પર જિન્નાતોને પણ સજદો કરતા જોયા.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી ﷺ ની સાથે اِذَا السَّمَآءُ انْشَقَّتْ અને اِقْرَاْ بِاسْمِ رَبِّكَ માં સજદો કર્યો[1]." (મુસ્લિમ)*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે આ બે સૂરતોમાં સજદા છે. એ લોકોનો કૌલ બાતિલ છે જેઓ કહે છે કે મુફસ્સલમાં કોઈ સજદો નથી અથવા હુઝૂર ﷺએ મદીના આવ્યા બાદ એમાં સજદો નથી કર્યો. આ હદીષ એકદમ સહીહ છે અને આપણા સૌનો એના પર અમલ છે. આ હદીષ બુખારીમાં પણ છે, પણ ત્યાં ઈક્રરાઅ્નો ઉલ્લેખ નથી.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ સજદાની આયત પઢતા તો અમે આપની પાસે હોતા તો આપ અને અમે આપની સાથે સજદો કરતા ભીડ લાગી જતી ત્યાં સુધી કે અમારા કોઈ પોતાની પેશાની માટે જગા ન પામતો કે જેના પર સજદો કરે[૧]."*

**૧.** અહીં સજદો પઢવાથી મુરાદ સજદાની આયત પઢવું છે અથવા સજદાના શબ્દની સાથે આગળ પાછળના શબ્દો પણ પઢવા. નહીં તો કેવળ સજદાના શબ્દો પઢી લેવાથી સજદો વાજિબ નથી થતો. આ હદીષથી જાણવા મળ્યું કે સજદો સજદાની આયત પઢવાથી પણ વાજિબ થાય છે અને સાંભળવાથી પણ. અને એ કે સજદો ઘણો મહત્વનો છે કે સહાબાએ કિરામ ભીડ લગાડીને આ સજદો કર્યો કરતા હતા. આનાથી હનફી મઝહબને શક્તિ પહોંચે છે.

*"હઝરત ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની સામે વન્નજ્મ પઢી. આપે એમાં સજદો ન કર્યો[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** ક્યાં તો એટલા માટે કે એ સમયે હુઝૂર ﷺનું વુઝૂ ન હતું અથવા એટલા માટે કે તે સમય કરાહતનો હતો કે જ્યારે સજદો મના હોય છે અથવા એટલા માટે કે જેથી માલૂમ થઈ જાય કે તિલાવતનો સજદો તરત વાજિબ નથી થતો એમાં મોડુ પણ કરી શકાય છે. એ કારણ ન હતું કે સૂરએ નજ્મમાં સજદો નથી અથવા એ સજદો સુન્નત છે. જેથી આ હદીષ તો હનફીઓની વિરુદ્ધ છે, અને ન બુખારીની પાછલી હદીષથી વિરોધાભાસી છે.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે સૂરએ સાદ (ص)નો સજદો ફર્ઝી સજદાઓમાંથી નથી[૧] મેં નબી ﷺને એમાં સજદો કરતા જોયા છે[૨]."*

**૧.** એટલે કે એની ફર્ઝિયત નમાઝ તથા ઝકાત જેવી નથી જેનો મુન્કિર કાફિર થાય, બલ્કે વાજિબ છે જેનો ઈન્કાર કુફ્ર નથી. એ જ હનફી કહે છે કે કુર્આનના સર્વ સજદા વાજિબ છે અને જો એ મતલબ ન હોય કે વાજિબ નથી બલ્કે સુન્નત છે તો એ સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો પોતાનો ઈજતેહાદ છે, કોઈ મરફૂઅ હદીષ પેશ નથી કરી.

**૨.** એટલે કે હું પણ કરું છું અને તમે પણ કરો કેમ કે હુઝૂર ﷺનો અમલ છે અને કુર્આની હુકમ. આયત અમે પહેલાં પેશ કરી ચૂક્યા છીએ.

*અને એક રિવાયતમાં છે. મુજાહિદ કહે છે[૧] કે મેં હઝરત ઈબ્ને અબ્બાસને કહ્યું, શું સૂરએ સાદ (ص)માં સજદો કરું ? તો આપે આ તિલાવત કર્યું :[૨] وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمٰنَ ત્યાં સુધી કે فَبِهُدٰىهُمُ اقْتَدِهْ પર પહોંચ્યા પછી ફર્માવ્યું કે તમારા નબી ﷺ એઓમાંથી છે જેમને એમની પયરવીનો હુકમ આપવામાં આવ્યો[૩]. (બુખારી)*

**૧.** આપ તાબઈનમાંથી છે. મક્કા મોઅઝ્ઝમાના મશહૂર આલિમ, ફકીહ તથા કારી છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી ત્રણવાર કુર્આને કરીમ તફસીરની સાથે પઢ્યું. હિ.સ. ૧૦૪માં વિસાલ થયો.

**૨.** આ આયતનું મઝમૂન એ છે કે નૂહ علیہ السلامની ઔલાદમાં ઘણા પયગંબર થયા જેમાં હઝરત દાઊદ તથા

સુલૈમાન علیہ السلام પણ છે. આપ એ તમામ હઝરાતના કમાલો, અખ્લાક઼ અપનાવો કેમ કે એ રબ તઆલાના આપેલ કમાલાત હતા. એ મતલબ નથી કે એમના સર્વ અમલો પણ કરો કેમ કે ઈસ્લામ એ દીનોનો નાસિખ (હુકમો દૂર કરનાર) છે. તેમજ હુઝૂરે અન્વર ﷺ એમના મુત્તબેઅ (અનુયાયી) નથી, આપ તો એમના પેશવા છે. હા ! એમના કમાલોના જામેઅ (સમૃદ્ધ) છે. જેમ કે રબે ફર્માવ્યું, قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ حَنِيْفًا "તમે ફર્માવો, બલ્કે અમે ઈબ્રાહીમનો દીન લઈએ છીએ." *(૨/૧૩૫, કન્ઝુલ ઈમાન)* ફર્માવો, અમે મિલ્લતે ઈબ્રાહીમીની પયરવી કરીએ છીએ. અહીં પયરવીથી મુરાદ મુવાફિત છે, નહીં કે આજ્ઞાપાલન તથા ફર્માંબરદારી.

**૩.** એટલે હુઝૂરે અકરમ ﷺ પાછલા અંબિયાના કમાલોના સમૂહ છે અને દાઊદ علیہ السلام એ તૌબાની ક઼બૂલિયત પર શુક્રનો સજદો કર્યો હતો. એ સજદો એમનો કમાલ હતો. સૂરએ સ઼ાદ (ص)માં એ કિસ્સો વર્ણન થયેલો છે. તો હુઝૂર ﷺએ અહીં સજદો કર્યો. આપણે પણ સજદો કરવો જોઈએ. ઈમામ અહમદે અબૂબકર ઈબ્ને અબ્દુલ્લાહ સુઝનીથી રિવાયત કરી કે મેં ખ્વાબમાં જોયું કે સૂરએ સ઼ાદ (ص) લખી રહ્યો છું. જ્યારે સજદાની આયત પઢી ચૂક્યો તો કલમ તથા ખડીયો સજદામાં પડી ગયાં. મેં આ કિસ્સો હુઝૂરે અન્વર ﷺની બારગાહમાં અર્ઝ કર્યો. મેં ત્યાર પછી જોયું કે હુઝૂર ﷺ પણ અહીં હમેશાં સજદો કરતા હતા. આ દલીલોથી જણાય છે કે સૂરએ સ઼ાદ (ص)નો સજદો બીજા સજદાઓની જેમ વાજિબ છે.


**:: બેંકથી મદદ મોકલવા માટે એકાઉન્ટ નંબરો ::**

**૧. ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000301)
**૨. અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000302)
**૩. સુન્ની દાવતે ઈસ્લામી-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000304)
**૪. મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ** (BOB Amod Branch, A/c. No. 16710100004533)

ઉપરોક્ત ૧ થી ૩ ખાતાનો IFSC કોડ BARB0DAYADR તથા નંબર ૪ નો IFSC કોડ BARB0AMODXX

**નોંધ** : ડાયરેક્ટ બેંકના ખાતામાં જમા કરી અવશ્ય જાણ મેસેજ કે ફોનથી કરવી જેથી વિગતે રસીદ મોકલી શકાય.

Phonepay, G-pay, Paytm થી મદદ મોકલવા માટે નંબર Mo. 94274 64411 (Shabbir Patel)
ભેગી રકમ મોકલનારે ફક્ત વિગત વોટ્સએપ પર જણાવી દેવી તે પ્રમાણે રસીદ મળી જશે.

**વર્ષોથી દીની સુન્ની સાહિત્ય પ્રકાશિત કરી ફ્રીમા વહેંચતી આ સંસ્થાઓને જરૂરથી સહાય કરશો**

- **સુન્ની મુસ્લિમ કમિટી** ઠે. હવેલી શેરી, મુ. ગોંડલ (સૌરાષ્ટ્ર) (Mob. 9824244544, 7383624786)
- **હુસૈની કમિટી (સુન્ની)**, ૮-લાટી પ્લોટ, મોરબી, પિન : ૩૬૩૬૪૧ (Mob. 9825133274)
- **ગરીબ નવાઝ કમિટી**, આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે, જેલ રોડ, મોરબી-૩૬૩૬૪૧ (Mob. 93280 88378) ★ મજકૂર મશહૂર દીની સુન્ની સાહિત્ય પીરસતી સંસ્થાઓ પ્રખ્યાત છે તેમને લિલ્લાહ, ઝકાત, સદક઼ા વગેરે મોકલી સહાય કરશો. વધુ માટે જે તે ફોન નંબરો પર સપર્ક કરશો.

**મદદની અપીલ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર** *ઠે. બાવા રયહાન, ભરૂચ*

ભરૂચ શહેરના આ દીની ઈદારામાં હાફિઝ, ક઼ારી, આલિમની તાલીમ **૫૦ વરસો**થી ચાલી રહી છે. આપની **લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ફિત્રા** વગેરે આપી ભરપુર સહકાર કરશો.

**Name : Darul Uloom Gulshane Ajmer A/c. No. 12430100003498 *(IFSC) BARB0WELBRO***

- **રઝા ચેરીટેબલ ટ્રસ્ટ-ભરૂચ** : ઈમામોને દવા વગેરે ટ્રીટમેન્ટ માટે સહાય કરે છે. આ સંસ્થાને પણ સહાય કરવા અપીલ છે. **સંપર્ક કરો** : Mo. 94285 19451, 94265 37817

## શરહે હ઼દાઈકે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

### સબ જેહત કે દાઈરે મેં-શશ જેહતસે તુમ વરા હો

*(જેહત = દિશા, દાઈરા = વર્તુળ, શશ જેહત = સર્વ દિશાઓ પૂર્વ પશ્ચિમ, ઉત્તર દક્ષિણ, ઉપર નીચે, વરા = અલગ)*

**અર્થાત** : સર્વ અંબિયા એક ન એક દિશાના વર્તુળમાં છે, એટલે તેમને ખાસ ખાસ શાનો, મોજિઝા તથા કમાલો અતા કરવામાં આવ્યા, પણ હે મારા આક઼ા ! ﷺ આપની અઝમતની તો કોઈ હદ જ નથી. આપ સર્વ દિશાઓ તથા હદોથી પર છો ورفع بعضهم درجت, અમુકને એટલા દરજા આપ્યા કે : *કોઈ હદ હૈ ન ઉનકે ઉરૂજ કી !*

### સબ મકાં તુમ લા મકાંમેં-તન હૈં તુમ જાને શિફ઼ા હો

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ સર્વ અંબિયાએ કિરામ علیہم السلام મકાનમાં છે અને આપની શાન એ છે કે આપ લામકાંની સૈર પણ કરી આવ્યા છો. સર્વ નબી જો શરીર છે તો આપ પાકીઝા જાન અને પાક રૂહની જેમ છો.

*મુહમ્મદ ﷺ રસૂલોંકા સરદાર હૈ—મુહમ્મદ ﷺ ઉસૂલોંકા કિરદાર હૈ*

### સબ તુમ્હારે દરકે રસ્તે-એક તુમ રાહે ખુદા હો

**અર્થાત** : સર્વ નબીઓએ લોકોની રહનુમાઈ આપના દરે અક઼દસની તરફ઼ ફ઼ર્માવી. (ومبشرا برسول یاتی من بعدی اسمه احمد- ربنا وابعث فیهم رسولا હઝરત ઈસા તથા ઈબ્રાહીમ علیہما السلام ની પુકાર) અને આપની ઝાત તે છે જે ખુદા સુધી પહોંચવાનો કામિલ વસીલો છે. ખુદાએ ખુદ પોતાના ગુનેહગારોને હુઝૂર ﷺની બારગાહમાં જવાનો હુકમ આવ્યો : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ

### સબ તુમ્હારે આગે શાફ઼ેઅ-તુમ હુઝૂરે કિબ્રિયા હો

**અર્થાત** : હે મારા શફ઼ાઅતના તાજવાળા ! તમામ અંબિયાએ કિરામ علیہم السلام ત્યાં સુધી કે જદ્દુલ અંબિયા ઈબ્રાહીમ علیہ السلام પણ, અબુલ અંબિયા આદમ علیہ السلام પણ ક઼યામતના દિવસે આપના ઝંડાની નીચે હશે અને આપની બારગાહમાં શફ઼ાઅતના માટે અર્ઝ કરશે અને આપ રબ્બુલ આલમીનની બારગાહે બેકસ પનાહમાં શફ઼ાઅત કરશો જે ક઼બૂલ થશે.

*મુહમ્મદ ﷺ હૈ વકીલ રોઝે મેહશર—મુહમ્મદ ﷺ હી શફ઼ીએ મુઝનબીન હૈ*

### સબકી હૈ તુમ તક રસાઈ-બારગાહ તક તુમ રસા હો

*(રસાઈ = પહોંચ)*

**અર્થાત :** મેહશરના દિવસે સર્વ અંબિયાએ કિરામ, મુરસલીને એઝામ عَلَيْهِمُ السَّلَام અને તેમની ઉમ્મતોની પહોંચ આપની જ બારગાહ સુધી થશે. (જ્યારે તે ફર્માવશે : اذهبوا الی غیری તો આપ ફર્માવશે : انا لها) અને આપની પહોંચ તો ખુદાની બારગાહ સુધી હશે.

### વો કલસ રોઝેકા ચમકા–સર ઝુકાઓ કુજકલા હો

**અર્થાત :** (મદીના શરીફની તરફ જનારાઓને સંબોધન કરીને આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવી રહ્યા છે :) અરે ! અરે ! એ જુઓ મારા આક઼ા ﷺના ગુંબદનો કલસ ચમકી રહ્યો છે. તમારામાં જો કોઈ બાદશાહ પણ છે તો પોતાનું માથુ ઝુકાવી લે, એટલા માટે કે આ તે બાદશાહની બારગાહ છે કે અહીં આવીને તાજદાર માગતા ફરે છે.

### વો દરે દૌલતપે આએ–જોલિયાં ફેલાઓ શાહો

**અર્થાત :** હે મદીના શરીફના ઝાઈરો ! જરા દિલની આંખો ખોલીને તો જુઓ ! મારા આક઼ા પોતાના દૌલત કદા પર નાઝ પૂર્વક તશરીફ લાવી રહ્યા છે. હે ગદાઓ ! તમે તો પહેલેથી જ જોલીઓ ફેલાવી રાખી છે. હે બાદશાહો ! તમે પણ તલબનો દામન લંબાવો, તમને તે કાંઈ મળશે જે બાદશાહી પણ ન આપી શકી. તમારી હુકૂમતો તો અહીંયાં રહી જશે, સરકાર ﷺની બારગાહથી હુસ્ને અમલની ભીખ માગી લો અલ્લાહથી એમની મહોબ્બત માગી લો.

*સાથ ઈન્સાન કે જાયેંગે ન માલો દૌલત–જાએંગે સાથ તો બસ હુસ્ને અમલ જાએંગે*
*ઉન્કી યાદોંકો નિયાઝી જો બસા લો દિલમેં–જિતને ખતરાત હૈં મેહશર કે વો ટલ જાએંગે*

**મહોબ્બતનો અંદાઝ :** સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ખુશનસીબ હઝરાત હતા જેમને હુઝૂર ﷺના લુઆબે દહન (થૂક મુબારક) શરીફ અને વુઝૂના પાણીને પોતાના મોઢાંઓ પર ચોપડવાનો શરફ (મહાનતા) હાંસલ થયો. આપણે કે જેઓ હુઝૂર ﷺના જમાનાથી ઘણા પાછળ છીએ, આપણને હુઝૂર ﷺની તરફ સંબંધિત કોઈ પણ ચીજ મળી જાય તો આપણે તેને આપણા માથા તથા આંખો પર રાખીએ અને ચૂમીએ. મહોબ્બત જો હોય તો મેહબૂબની દરેક ચીજ પ્યારી લાગે છે. એક અરબી શાઈરે મજનૂની ઝબાની આ પ્રમાણે કહ્યું છે :–

اَرُوۡحُ اِلَی الدِّیَارِ دِیَارِ لیلیٰ۔وَاُقَبِّلُ ذَاالۡجِدَارَ وَ ذَاالۡجِدَارَ
وَمَا حُبُّ الدِّیَارِ شَغَفۡنَ قَلۡبِیۡ۔وَلٰکِنۡ حُبُّ مَنۡ سَکَنَ الدِّیَار

"હું લૈલાના શહેર જાઉં છું તો કદી આ દીવાલને ચૂમુ છું કદી પેલી દીવાલને, અને મને એ વાત પર શહેરની મહોબ્બત નથી ઉભારતી, બલ્કે જે આ શહેરમાં રહે છે તેની મહોબ્બત મજબૂર કરે છે કે હું આ શહેરની દીવાલોને ચૂમું."

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ મદીના મુનવ્વરાના બજારોમાં ચાલતા તો બજારની દીવાલોને ચૂમતા અને ફર્માવતા કે શક્ય છે કે કદીક આ સ્થળે હુઝૂર ﷺનો હાથ લાગી ગયો હોય.

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن દરેક તે ચીજથી જેને હુઝૂર ﷺથી નિસ્બત હોતી મહોબ્બત

રાખતા અને તેને અપનાવતા, ત્યાં સુધી કે હુઝૂર ﷺના થૂક મુબારકને હાથો પર લઈને તેને પોતાનાં મોઢાંઓ તથા શરીરો પર ઘસી લેતા. *(બુખારી શરીફ, ૧/૩૭૯)*

હુઝૂર ﷺએ એકવાર વુઝૂ કર્યું તો વુઝૂનું પાણી હઝરત બિલાલ رضی اللہ عنہએ લઈ લીધું. અન્ય સહાબીઓએ જ્યારે જોયું કે હુઝૂર ﷺના વુઝૂનું પાણી બિલાલે લઈ લીધું છે તો તેઓ બિલાલની તરફ દોડયા જેથી તેઓ પણ હુઝૂરના આ ગુસાલા શરીફ (ધોવાણ)થી બરકત હાંસલ કરી શકે. જેમને એ ગુસાલા શરીફની તરી પણ મળી ગઈ તેણે પોતાના મોઢા પર ચોપડી લીધી અને જેમને ન મળી શકી તેણે કોઈ બીજાના હાથથી તરી લઈને મોઢા પર હાથ ફેરવી લીધો. *(મિશ્કાત શરીફ, પેજ–૬૫)*

*તેરા આસ્તાં જો મિલ ન સકા તેરી રહગુઝર પે ઝબીં સહી*
*હમેં સજદા કરનેસે કામ હૈ, જો વહાં નહીં તો યહીં સહી*

મૌલાના મુહમ્મદ બશીર સાહબ કોટલી લુહારાંવાળા સુન્ની ઉલમાની હિકાયતોમાં લખે છે કે, હુઝૂર ﷺની બારગાહે અર્શ પનાહમાં હાજર થઈને સલામ અર્ઝ કરી રહ્યો હતો. એવામાં એક મિસ્રીએ મોકો જોઈને જાળી શરીફને ચૂમી લીધી. નજદી સિપાહીએ જોયું તો તેને પાછળ હટાવીને કહ્યું, "લોઢાથી શું માગે છે ?!" મિસ્રીએ આંખો ફાડીને ગુસ્સામાં તેને જવાબ આપ્યો, "તમે કા'બામાં હજરે અસ્વદથી શું ચાહો છો ?!" નજદી આ સાંભળીને લાજવાબ થઈ ગયો. ત્યારબાદ અબૂન્નૂર લખે છે કે, રાહ વાલી (એક સ્થળ)નું બનેલુ પુઠ્ઠુ જ્યારે કુર્આન પાકની જિલ્દ (બાઈન્ડિંગ)માં લાગી જાય તો કુર્આનની નિકટતા તથા સંગતના કારણે તેને પણ એ શરફ હાંસલ થઈ જાય છે કે કોઈ તેને બેવુઝૂ નથી સ્પર્શી શકતુ અને જેવી રીતે લોકો કુર્આનને ચૂમે છે તેવી જ રીતે સાથે એને પણ ચૂમે છે. તો જે જાળી મુબારક અને રોઝએ અકદસને સાહિબે કુર્આન ﷺની નિકટતા તથા સાથ નસીબ થયેલો હોય તે કેમ ન ઈમાનવાળાઓની અકીદતનું મર્કઝ બની જાય ?! પણ શું કરવામાં આવે એ વહેંચવાણીનું જે અઝલથી થઈ ચૂકી છે :

*તુઝકો ખુશ્કી મિલી મુઝે ઉલ્ફત–નજદિયા યહ અપની અપની કિસ્મત હૈ*

આ'લા હઝરત رضی اللہ عنہની આ નઅતનો મકતઅ નથી, એટલે કે હશે જરૂર પણ મળી ન શકયો, એના લીધે આ નઅત મકતઅ વિના અહીં સંપૂર્ણ થઈ ગઈ.


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**
*(ગુજરાતી તર્જુમા સાથે)*
અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-બીજો

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (આઠમી મજલિસ)

એ જ વરસે રબીઉલ અવ્વલની સત્તાવીસ તારીખે સોમવારે કદમબોસીની સઆદત મયસ્સર આવી. શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہٗની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે તેમનો ઈફતાર મોટાભાગે શરબતથી થતો હતો. એક પ્યાલો હતો જેમાં શરબત લાવવામાં આવતુ. શરબતમાં થોડી સૂકી મોટી દ્રાક્ષ પણ નાખતા હતા. એ પ્યાલામાંથી અડધો હિસ્સો અથવા ત્રીજા ભાગનો હિસ્સો સૌ હાજરજનોમાં વહેંચી દેવામાં આવતો. એ રીતે કે શરબતનો અમુક હિસ્સો એક વાણસમાં નાખવામાં આવતો અને પાણી મિલાવીને હાજરજનોમાં વહેંચી દેવામાં આવતો. બાકીનો ત્રીજો ભાગ જે વધતો તે ખુદ ઉપયોગમાં લેતા, અને એમાંથી પણ જેને ચાહતા ઈનાયત કરી દેતા. એ દોલત પામનારો પણ કેવો ખુશનસીબ હતો. પ્રથમ બે ચોપડેલી રોટલીઓ લાવવામાં આવતી. અને તે બે રોટલીઓ એક શેરથી ઓછી હોતી. એ બંને રોટલીઓમાંથી એક રોટલી ટુકડા ટુકડા કરીને સર્વ હાજરજનોને અતા કરી દેવામાં આવતી અને બીજી રોટલી ખુદ ખાતા અને એ રોટલીમાંથી પણ જેને ચાહતા ઈનાયત કરી આપતા. સાંજની નમાઝ અદા કર્યા બાદ ખુદાની યાદમાં મશગૂલ રહેતા. ત્યારબાદ દસ્તરખાન લાવવામાં આવતુ જેમાં દરેક પ્રકારનું ખાણુ હોતું. જ્યારે તે ખાણુ થઈ ચૂક્તુ તો પછી બીજા દિવસે ઈફતારના સમય સુધી કાંઈ ન ખાતા.

ત્યારબાદ ફર્માવ્યું કે એમને કોઈક બીમારી થઈ હતી. એ જ બીમારીમાં ઈન્તેકાલ કર્યો. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું કે એકવાર રાતે સૂતી વખતે હું ખિદમતમાં હાજર હતો. જોયું કે એક ખાટલો બિછાવવામાં આવ્યો. એ જ કંબલ જેના પર દિવસે બેસતા હતા તેને રાતે ખાટલા પર બિછાવવામાં આવી. એ કંબલ પગોના સુધી પહોંચતી ન હતી. એક અસો હતો જે હઝરત શયખ કુત્બુદ્દીન قدس سرہٗનો અતા કરેલ હતો તેને લાવીને ખાટલાના સિરહાને રાખવામાં આવતો અને શયખ તેનો તકીયો બનાવીને આરામ કરતા, અને એ અસા પર વારંવાર હાથ ફેરવતા અને તેને ચૂમતા.

પછી ફર્માવ્યું કે એક દિવસ એ જ બીમારીમાં મને તથા અન્ય કેટલાક મુરીદોને હુકમ આપ્યો કે જાવ ! ફલાણા મકબરામાં શબ બેદાર (રાત્રી જાગરણ) રહીને મારી તંદુરસ્તી માટે દુઆ કરો. જેથી અમે એવું જ કર્યું કે હું અને થોડાક અન્ય મુરીદ એ હજીરામાં ગયા. એ હજીરાની છત હતી એ છત પર ચાલ્યા ગયા અને ખાણુ પણ સાથે રાખ્યું. રાતભર ત્યાં રહ્યા અને દુઆ માગી. જ્યારે દિવસ નીકળ્યો તો શયખની ખિદમતમાં

આવ્યા અને ઉભા રહીને અર્ઝ કરી, રાતે અમે લોકો હુકમ મુજબ જાગતા રહ્યા અને દુઆ માગી. શયખ થોડીવાર ખામોશ રહ્યા, પછી ફર્માવ્યું કે તમારી દુઆથી તંદુરસ્તીની અસરો પેદા થઈ નથી. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈર ફર્માવે છે કે મેં જવાબ આપવામાં મોડુ કર્યુ. એક મુરીદ હતા જેમને અલી બિહારી કહેતા હતા તે મારી પાછળ ઉભા હતા. તેમણે ત્યાંથી જ કહ્યું કે અમે અધુરા છીએ અને શયખની જાત મુબારક કામિલ છે, જેથી અધૂરાઓની દુઆ કામિલોના હક્કમાં કેવી રીતે કબૂલ થઈ શકે છે ? કદાચ એ વાત શયખ સાંભળી ન શક્યા. મેં એ વાત જેમની તેમ શયખના કાન મુબારક સુધી પહોંચાડી. ત્યારબાદ હઝરતે મને સંબોધીને ફર્માવ્યું કે મેં ખુદાથી દુઆ કરી છે કે તું ખુદાથી જે માગે તે પામે. ત્યારબાદ પોતાનો અસા મને ઈનાયત કર્યો. એ દરમ્યાન બંદા (હસન અલા સંજરી)એ અર્ઝ કરી કે શું તમે શયખના ઈન્તેકાલ વખતે મૌજૂદ હતા ? હઝરતની આંખોમાં આંસુ આવી ગયાં અને ફર્માવ્યું કે, નહીં ! મને શવ્વાલના મહીનામાં દિલ્હી મોકલી આપ્યો હતો. હઝરતનો ઈન્તેકાલ મુહર્રમના મહીનાની પાંચમી રાતમાં થયો. રહલત (વિસાલ) વખતે મને યાદ કર્યો અને ફર્માવ્યું કે ફલાણો દિલ્હીમાં છે. અને એ પણ ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીન قدس سرہٗની વફાતના સમયે હાજર ન હતો. હાંસીમાં હતો. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલખૈર આ હિકાયત વર્ણન કરતા જઈ રહ્યા હતા અને રડતા જઈ રહ્યા હતા, એટલા પ્રમાણમાં રડયા કે સર્વ હાજરજનો પર એની અસર પડી. ત્યારબાદ આ હિકાયત વર્ણવી કે, જ્યારે શયખની બીમારી વધી અને રમઝાનનો મહીનો આવ્યો તો હઝરત ઈફતાર કરતા હતા (રોઝો રાખતા ન હતા). એક દિવસ કોઈ સકરટેટી લાવ્યો હતો તેની ચીરીઓ કરીને શયખની સામે રાખવામાં આવી હતી, અને શયખ તેને ખાય રહ્યા હતા. એ દરમ્યાન સકરટેટીની એક ચીરી મને પણ અર્પણ કરી. મેં ચાહ્યું કે તેને ખાય લઉં. દિલમાં એ ખયાલ હતો કે બે મહીના સુધી સતત રોઝા રાખીને એ રોઝો તોડવાનો કફફારો અદા કરી આપીશ. આ દોલત કે હઝરત ખુદ પોતાના હાથ વડે કોઈ ચીજ ઈનાયત કરે છે તે ફરી ક્યાં મળશે ! જેથી નજીક હતું કે હું એને ખાય લેત, એવામાં હઝરતે ટોકયો અને કહ્યું કે ન ખાવું જોઈએ. શયખની ઉમરના બારામાં પૂછવામાં આવ્યું, ફર્માવ્યું કે ૯૩ વરસની હતી. એ દિવસે એ જ વાતો થતી રહી અને એને સાંભળવાથી એટલા પ્રમાણમાં ઝોક (આનંદ) હાંસલ થયો કે વર્ણન નથી કરી શકાતો. જ્યારે રાત થઈ તો ઈશાની નમાઝ બાદ ગુલામ હસન અલા સંજરીને ખાસ જા નમાઝ અતા કરવામાં આવી. اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ (ક્રમશઃ)


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૧૦૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો !–*તંત્રી*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## વીંટી અને ઘરેણાનું બયાન

**મસ્અલા** : પુરૂષે ઘરેણા પહેરવાં બિલ્કુલ **હરામ** છે. ફક્ત ચાંદીની વીંટી જાઈઝ છે જે વજનમાં સાડાચાર માશાથી ઓછી હોય. સોનાની વીંટી (પહેરવી) પણ મના છે. તલવારનો દસ્તો ચાંદીનો જાઈઝ છે. એના મ્યાન અથવા મૂઠ અથવા પટ્ટા પર ચાંદી લગાડી શકાય છે, શરત એ કે એ ચાંદી ઉપયોગ કરવાની જગ્યા પર લાગેલી ન હોય.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : વીંટી ફક્ત ચાંદીની જ પહેરી શકાય છે. બીજી ધાતુની વીંટી પહેરવી **હરામ** છે. દા.ત. લોઢા, પિત્તળ, તાંબા તથા જસત વગેરેની. એ ધાતુઓની વીંટીઓ મરદ તથા ઔરત બંને માટે નાજાઈઝ છે. ફર્ક એટલો છે કે ઓરત સોનુ પહેરી શકે છે અને મરદ પહેરી શકતો નથી.

હદીષમાં છે કે એક માણસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં પિત્તળની વીંટી પહેરી હાજર થયો. ફર્માવ્યું કે શું વાત છે તમારામાંથી બૂત (મૂર્તિ)ની ગંધ (બૂ) આવે છે ? તેમણે એ વીંટી ફેંકી દીધી. બીજે દિવસે લોઢાની વીંટી પહેરી હાજર થયો. ફર્માવ્યું કે શું વાત છે તમારા પર જહન્નમીઓનું ઘરેણુ જોઈ રહ્યો છું. તેમણે એને પણ ઉતારી નાખી અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કઈ ચીજની વીંટી બનાવું ? ફર્માવ્યું કે ચાંદીની પરંતુ એને સાડા ચાર માશા (4.3 gms)ની પૂરી ન બનાવશો.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : કેટલાક આલિમોએ યશબ અને અકીકની વીંટી જાઈઝ બતાવી છે અને કેટલાકે દરેક પ્રકારના પથ્થરની વીંટીની ઈજાઝત આપી છે અને કેટલાકે એ બધાની મના ફર્માવી છે. પરિણામે એહતેયાતનો તકાઝો એ છે કે **ચાંદી સિવાયની બીજી તમામ પ્રકારની વીંટીઓથી બચવું જોઈએ.** ખાસ કરીને જ્યારે કે સાહિબે હિદાયા જેવા જલીલુલ કદ્રનો ઝુકાવ આ સૌના નાજાઈઝ હોવા પ્રતિ છે. અહીં વીંટીથી મુરાદ હલકા (વર્તુળ) છે, નગીનો નહીં, નગીનો દરેક પ્રકારના પથ્થરનો હોઈ શકે છે, અકીક, યાકૂત, યા જમરૂદ, ફિરોઝા વગેરે બધાના નગીના જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જ્યારે આ બધી ચીજોની વીંટીઓ મરદ અને ઓરત બંને માટે નાજાઈઝ છે તો એને બનાવવી અને વેચવી પણ મના છે, કેમ કે એ નાજાઈઝ કામ પર મદદ કરવી છે. હા ! વેચવાની મના તેવી નથી જેવી એને પહેરવાની મના છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : લોઢાની વીંટી પર ચાંદીનું પડ ચડાવી દીધું જેનાથી લોઢું બિલ્કુલ દેખાતું ન હોય તો એ અંગૂઠીને પહેરવી મના નથી. *(આલમગીરી)* એનાથી માલૂમ પડયું કે સોનાના ઘરેણામાં ઘણા લોકો અંદર તાંબા કે લોઢાના સલાખ (તાર) રાખે છે અને ઉપર સોનાનું પતરું ચડાવી દે છે એને પહેરવું જાઈઝ છે.

**મસ્અલા** : અંગૂઠી તેવા લોકો માટે મસ્નૂન (સુન્નત) છે જેમને મહોર લગાવવાની હાજત હોય છે, જેવા કે સુલતાન, કાઝી અને આલિમો જેઓ ફતવા પર મહોર લગાડે છે. એના સિવાયના બીજાઓ માટે જેમને મહોર લગાવવાની હાજત ન

હોય (તેમના માટે) મસ્નૂન (સુન્નત) નથી, પરંતુ પહેરવી જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા :** મર્દને જોઈએ કે જો વીંટી પહેરે તો એનો નગીનો હથેળી તરફ રાખે અને ઓરતો હાથની પીઠ તરફ રાખે. કેમ કે એમનું પહેરવું ઝીનત (સુંદરતા) માટે છે અને એવી હાલતમાં એની સુંદરતા વધે છે કેમ કે નગીનો બહારની તરફ રહે છે. *(હિદાયા)*

**મસ્અલા :** વીંટી પર પોતાનુ નામ કોતરાવી શકે છે અને અલ્લાહ તઆલા તેમજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં નામ પાક પણ કોતરાવી શકે છે પરંતુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ એટલે કે ઈબારત ન કોતરાવે. કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વીંટી ત્રણ લાઈનમાં કોતરેલી હતી. પહેલી લાઈન મુહમ્મદ, બીજી રસૂલ અને ત્રીજી ઈસ્મે જલાલત. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું હતું કે કોઈ બીજો માણસ પોતાની અંગૂઠી પર આ નકશ ન કોતરાવે. નગીના પર કોઈ ઈન્સાન કે જાનવરની તસ્વીર ન કોતરાવે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** તે જ વીંટી જાઈઝ છે જે મરદોની વીંટીની જેમ હોય. એટલે કે એક નગીનાની હોય અને જો એમાં વધારે નગીના હોય તો ભલે એ ચાંદીની હોય તો પણ મર્દ માટે નાજાઈઝ છે. *(રદ્દુલ મુહ્તાર)*

એ રીતે મરદો માટે એકથી વધારે વીંટીઓ પહેરવી અથવા કડાં પહેરવાં નાજાઈઝ છે કેમ કે એ વીંટી (કહેવાતી) નથી. ઓરતો કડું પહેરી શકે છે.

**મસ્અલા :** છોકરાઓએ સોના ચાંદીનાં ઘરેણા પહેરવાં હરામ છે અને જેણે પહેર્યાં તે ગુનેહગાર થશે. એ રીતે જરૂરત વગર બાળકોના હાથમાં મ્હેંદી લગાડવી નાજાઈઝ છે. ઓરત પોતે પોતાના હાથ, પગ પર મ્હેંદી લગાવી શકે છે, પરંતુ છોકરાને લગાડશે તો ગુનેહગાર થશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

## વાસણ ઢાંકવા અને સૂવાના નિયમો

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે **જ્યારે સાંજ પડી જાય તો (ત્યારે) બાળકોને બોલાવી લો કેમ કે એ વખતે શયતાનો ફેલાતા હોય છે.** પછીથી જ્યારે એક ઘડી રાત પસાર થઈ જાય ત્યારે એમને છોડી દો અને **બિસ્મિલ્લાહ** પઢીને મશકોનાં મોળિયાં (મોઢાં) અને **બિસ્મિલ્લાહ** પઢીને વાસણોને ઢાંકી દો. જો ન ઢાંકો તો એના પર કોઈ ચીજ આડી મૂકી આપો અને દીવા બુઝાવી નાખો. એક રિવાયતમાં છે કે વાસણો છુપાવી દો અને મશકોના મોં બંધ કરી દો અને દરવાજા બંધ કરી દો અને સાંજના સમયે બાળકોને ભેગાં કરી લો (બોલાવી લો) કેમ કે એ વખતે જિન્નાત ફેલાતા હોય છે અને ઊંચકી લે છે. તેમજ સૂતી વખતે દીવા બુઝાવી નાખો કદાચ ઉંદરોની નાસભાગથી મકાન બળી જાય. એક રિવાયતમાં આવ્યું છે કે વાસણો છુપાવી દો અને મશકનું મોં બંધ કરી દો તથા દરવાજા બંધ કરી દો અને દીવા બુઝાવી દો, કેમ કે શૈતાન મશકને ખોલશે નહીં અને વાસણ તથા દરવાજાને પણ ખોલશે નહીં અને જો કંઈ પણ ન મળે (ઢાંકવા માટે) તો એક લાકડીને આડી મૂકી દો.

એક રિવાયતમાં છે કે **વર્ષમાં એક રાત એવી આવે છે કે જેમાં વબા ઉતરે છે. જે વાસણ ઢાંકેલું નથી હોતું અથવા તો મશકનું મોં ખુલ્લું રહી ગયેલું હોય ત્યાં જો તે (વબા) પસાર થાય તો તેમાં તે (વબા) ઉતરી જાય છે.** *(બુખારી, મુસ્લિમ)* અને ફર્માવ્યું કે જ્યારે સૂર્યાસ્ત થઈ જાય તો જ્યાં ઈશાની કાળાશ (અંધારૂ) જતી ન રહે ત્યાં સુધી પોતાના ચોપગાં જાનવરો તથા બાળકોને ન છોડવાં, કેમ કે એ સમયે શૈતાનો ફેલાતા હોય છે. *(અહમદ, મુસ્લિમ, અબૂ દાઊદ)*

ફર્માવ્યું કે સૂતી વખતે ઘરોમાં આગ ન છોડો (આગ સળગતી ન રાખો). *(બુખારી, મુસ્લિમ)*

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ કહે છે કે મદીના શરીફમાં એક રાત્રે એક મકાન બળી ગયું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આગ તમારી દુશ્મન છે, જ્યારે સૂવો ત્યારે બુઝાવ્યા કરો. *(બુખારી)*

અને ફર્માવ્યું કે રાતના સમયે જો તમે કૂતરા ભોંકવાનો કે ગધેડાનો ભોંકવાનો અવાજ સાંભળો તો **અઉઝુબિલ્લાહિ મિનશ્શયૃતાનિર્રજીમ** પઢો કેમ કે તેઓ એ ચીજને જુએ છે જેને તમે નથી જોઈ શકતા અને **જ્યારે ચહલ પહલ બંધ થઈ જાય તો ઘરમાંથી ઓછા નીકળો, કેમ કે રાતના સમયે અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકમાંથી જેને ચાહે તેને જમીન પર ફેલાવે છે.** *(શરહુસ્સુન્નહ્)*

## બેસવા, સૂવા, ચાલવાના આદાબ

કુર્આન શરીફમાં છે (લુકમાને બેટાને કહયું) : કોઈની સાથે વાત કરતી વેળા પોતાના ચહેરાને વાંકો ન કરો, જમીન પર અક્કડ થઈને ન ચાલો. બેશક ! અલ્લાહ ફખ્ર કરવાવાળાને પસંદ નથી કરતો. દરમિયાની ચાલે ચાલો અને પોતાની અવાજને ધીમી કરો. બેશક ! તમામ અવાજોમાં ખરાબ અવાજ ગધેડાની અવાજ છે. *(સૂ. લુકમાન, આ. ૧૮)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એવું ન કરે કે એક માણસ બીજાને એની જગ્યા પરથી ઉઠાડી પોતે બેસી જાય. પરંતુ જગ્યા પરથી હટી (ખસી) જગા કરો અને જગ્યા પહોળી કર્યા કરો. એટલે કે બેસનારાઓએ આવનાર માણસ માટે જગ્યા કરી આપવા ખસી જવું જોઈએ (જગ્યા કરી દેવી જોઈએ) કે તે પણ બેસે અથવા તો આવનારે બીજા કોઈને ન ઉઠાડવા બલ્કે એમને કહેવું કે જરા ખસી જાઓ, મને પણ જગ્યા આપો. *(બુખારી, મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે માણસ પોતાની જગ્યા પરથી ઉઠીને ગયો અને તે જલ્દીથી પાછો ફર્યો તો એ જગ્યાનો તે હકદાર છે. *(મુસ્લિમ)*

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે પણ મસ્જિદમાં બેસતા હતા ત્યારે બંને હાથોથી ઈહતિબા કરતા. ઈહતિબાની સૂરત (હાલત) એ છે કે આદમી પોતે સૂરીન(સીટ)ને જમીન પર રાખે અને ગુઠણોને ઉભા રાખી બંને હાથોથી ઘેરી લે અને હાથને બીજા હાથથી પકડી લે. આ પ્રકારનુ બેસવું નમ્રતા અને આજિઝી માટેનું ગણાય છે. *(રઝીન)*

હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ફજરની નમાઝ પઢી લેતા તો ચારજાનું (પલાંઠીભેર) બેસી રહેતા. એટલે સુધી કે સૂર્ય સારી રીતે ઉગી જતો. *(અબૂ દાઊદ)*

ફર્માવ્યું કે જ્યારે કોઈ માણસ છાંયડામાં હોય અને પછીથી છાંયડો દૂર થયો અને કેટલોક ભાગ છાંયડામાં અને કેટલોક ભાગ તડકામાં રહ્યો તો ત્યાંથી ઊઠી જાય. *(અબૂ દાઊદ)*

હઝરત અમ્ર બિન શરીદના વાલિદ કહે છે કે હું એવી રીતે બેઠો હતો કે ડાબા હાથને પીઠની પાછળ મેં કર્યો હતો અને જમણા હાથની હથેળી બોચી પર ટેકવેલ હતી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મારી પાસેથી પસાર થયા તો ફર્માવ્યું હતું કે તમે તે લોકોની જેવા બેઠા છો જેના પર ખુદાનો ગઝબ છે. *(અબૂ દાઊદ)*

ફર્માવ્યું કે કેટલાક કલેમાત એવા છે કે જે માણસ મજલિસમાંથી ઉઠયા પછી જતી વખતે તે કલેમાત પઢશે અલ્લાહ એના ગુનાહ માફ કરી દેશે, અને જે માણસ ભલાઈની મજલિસ કે ઝિક્રની મજલિસમાં એને પઢશે તો અલ્લાહ તઆલા એ ભલાઈ પર મહોર લગાડી આપશે, જેવી રીતે કોઈ માણસ વીંટીથી મહોર લગાડે છે. તે કલેમાત આ છે : **સુબ્હાનકલ્લાહુમ્મ વબિહમ્દિક લાઈલાહ ઈલ્લા અન્ત અસ્તગફિરુક વ અતુબુ ઈલેક.** *(અબૂ દાઊદ)*

ફર્માવ્યું કે **જે લોકો મોડે સુધી (ઘણો સમય) કોઈ એક જગ્યા પર બેઠા અને પછીથી અલ્લાહનો ઝિક્ર અને તેના પ્યારા નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم **પર દુરૂદ શરીફ પઢયા વગર ત્યાંથી છૂટા પડયા તો તેમણે નુકસાન કર્યું.** જો અલ્લાહ ચાહે તો અઝાબ દે અને ચાહે તો બખ્શી દે. *(હાકિમ) (ક્રમશઃ)*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

કોઈક અસ્ફહાની નવયુવાનના દિલમાં આપના દીદારનો શોખ પેદા થયો, તો અસ્ફહાનના શાહે તેને એ લાલચ આપી કે જો તમે તેમને મળવા ન જાવ તો હું તમને એક હજાર દીનારનો મહેલ સામાન સહિત અને એક હજાર દીનારની કમીઝ ઝવેરાત સહિત પેશ કરી શકુ છું. પરંતુ તે એ ચીજોને લાત મારીને ઉઘાડા પગે દીદારના શોખમાં ચાલી નીકળ્યો. પેલી બાજુ આપે આપના મુરીદોને હુકમ આપ્યો કે એક માઈલ સુધી જમીનને બરાબર સાફ સ્વચ્છ કરી દો કેમ કે અમારો એક આશિક ઉઘાડા પગે ચાલ્યો આવી રહ્યો છે અને જ્યારે તે નવજવાન ખિદમતમાં હાજર થયો તો આપે બાદશાહની લાલચ અને તેના નિશ્ચયનો પૂરો બનાવ વર્ણવ્યો જેને સાંભળીને તે આશ્ચર્યમાં પડી ગયો. પછી આપે તેને ફર્માવ્યું કે મુરીદની શાન એ છે કે જો સર્વ જહાનની નેઅમતો પણ તેની સામે રાખી દેવામાં આવે તો એમના પર નજર ન કરે.

આપ એક શખ્સની સાથે સાથે રડવામાં વ્યસ્ત હતા અને જ્યારે તે ચાલ્યો ગયો તો ફર્માવ્યું કે એ ઈબ્લીસ હતો અને પોતાની ઈબાદતનો ઉલ્લેખ કરીને એટલા પ્રમાણમાં ચોધાર આંસુએ રડયો કે મને પણ રડવું આવી ગયું.

આપ ફર્માવ્યા કરતા હતા કે તવાફ દરમિયાન એ દુઆ માગી કે, હે અલ્લાહ ! મને તે મક઼ામ તથા ખૂબી અતા કરી દે જેમાં કદી બદલાવ ન થાય. જેથી બયતુલ્લાહમાંથી અવાજ આવ્યો કે, હે અબુલ હસન ! તું મારા સમાન થવા ચાહે છે ?! કેમ કે આ ગુણ તો મારો છે કે મારી સિફતો (ગુણો)માં કદી ફેરફાર બદલાવ ઉપસ્થિત નથી થતો, પરંતું મેં બંદાઓમાં એટલા માટે બદલાવ તથા ફેરફાર રાખ્યો છે કે મારી અબૂદિયત તથા રબૂબિયતનો ઈઝહાર થતો રહે.

હઝરત જઅફર ખુદરી વર્ણવે છે, મેં જાતે પોતે આપને આ દુઆ કરતાં સાંભળ્યા કે, હે અલ્લાહ ! તું તારા જ સર્જન કરેલા બંદાઓને જહન્નમનો અઝાબ આપીશ, પરંતુ તારા અંદર એ કુદરત પણ છે કે કેવળ મારા વજૂદથી જહન્નમને લબરેઝ કરીને સર્વ જહન્નમવાસીઓને જન્નતમાં મોકલી આપે. હઝરત જઅફર કહે છે કે એ જ રાતે મેં ખ્વાબમાં કોઈ કહેનારાને સાંભળ્યો કે, અબુલ હસન નૂરીને મારો એ પયગામ પહોંચાડી આપો કે અમે મખ્લૂક઼ની મહોબ્બતના બદલામાં તમારી મગફિરત ફર્માવી દીધી.

એકવાર હઝરત શિબ્લીએ આપને એ પ્રમાણે મુરાકેબામાં વ્યસ્ત પામ્યા કે શરીરની રૂંવાટી પણ હરકતમાં ન હતી. અને જ્યારે તેમણે સવાલ કર્યો કે મુરાક઼ેબાનો આ કમાલ આપે કોની પાસેથી હાંસલ કર્યો ? તો ફર્માવ્યું કે બિલાડીથી, એટલા માટે કે એકવાર તે ઉંદરના દરની સામે મારા કરતાં પણ વધુ હસન ચલન વિનાની સ્થિર બેઠી હતી.

ગુસલ દરમ્યાન આપનાં કપડાં ઉઠાવીને કોઈ ચાલી નીકળ્યો તો તેના બંને હાથ બેકાર થઈ ગયા, અને જ્યારે તે કપડાં પરત લઈ આવ્યો તો આપે દુઆ કરી કે, હે અલ્લાહ ! તેણે મારાં કપડાં પરત કરી આપ્યાં, તું પણ તેના હાથોને શક્તિ પરત કરી આપ. જેથી તે એ જ વખતે ઠીક થઈ ગયો. કોઈએ આપને

❑ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❑ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

સવાલ કર્યો કે અલ્લાહ તઆલા આપની સાથે શું સુલૂક કરે છે ? ફર્માવ્યું કે જ્યારે હું ગુસલ કરું છું તો તે મારાં કપડાંની નિગરાની કરે છે. લોકોએ પૂછયું, એવું કેવી રીતે ? ફર્માવ્યું કે એક દિવસ હું હમ્મામ (બાથરૂમ)માં હતો તો કોઈ મારાં કપડાં ઉઠાવીને ચાલી ગયો. અને જ્યારે મેં અલ્લાહથી મારાં કપડાં માગ્યાં તો તે શખ્સ પરત આવીને માફી સાથે મારાં કપડાં આપી ગયો.

બગદાદમાં આગ લાગવાથી ઘણા લોકો સળગી ગયા. એ આગમાં કોઈ માલદારના બે ગુલામ પણ ફસાઈ ગયા. તો તેણે એલાન કર્યું કે જે મારા ગુલામને આગથી કાઢે હું તેને એક હજાર દીનાર ઈનામમાં આપીશ. સંજાગોવસાત આપ પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. જેથી બિસ્મિલ્લાહ પઢીને આગમાંથી ગુલામોને કાઢી લાવ્યા, અને આગે આપના ઉપર કોઈ અસર ન કરી. અને જ્યારે તે માલદારે તે દિરહમ પેશ કરવા ચાહ્યા તો ફર્માવ્યું કે એને તમે તમારી પાસે જ રાખો કેમ કે મને તેમની લાલચ ન હોવાના કારણે જ ખુદાએ આ મર્તબો અતા કર્યો કે મેં દુનિયાને આખેરતથી બદલી લીધી.

એકવાર સળગતો અંગારો હાથમાં લઈને મસળી નાખ્યો જેના કારણે હાથ કાળો થઈ ગયો. એ અરસામાં ખાદિમાએ આપની સામે દૂધ તથા રોટલી લાવીને રાખી તો આપે હાથ ધોયા વિના ખાવાનું શરૂ કરી આપ્યું જેના કારણે ખાદિમાના દિલમાં એ ખયાલ પેદા થયો કે આ અતિશય બદતમીઝીની વાત છે ! હજી તે એ ખયાલમાં હતી કે બહારથી શાહી સિપાહીઓએ આવીને ખાદિમાને એવું કહીને ગિરફતાર કરી લીધી કે તેં અંડરવેર ચોરેલ છે અને તને કોટવાલની સામે પેશ કરવામાં આવશે, અને આવું કહીને તેને મારપીટ કરવાનું શરૂ કરી આપ્યું. આ જોઈને આપે ફર્માવ્યું કે એને ન મારો તમારો અંડરવેર હમણા મળી જશે. જેથી એ જ વખતે એક શખ્સે અંડરવેર સિપાહીઓના હવાલે કરી આપ્યું અને તેઓ ખાદિમાને છોડીને ચાલ્યા ગયા. આપે ખાદિમાને ફર્માવ્યું કે મારી બદતમીઝી જ તારા કામ આવી ગઈ ! આ સાંભળીને ખાદિમાએ શર્મિંદગી સાથે પોતાના બુરા ખયાલ પર ધ્યાન કર્યું.

કોઈનું સફર દરમ્યાન ગધેડુ મરી ગયું તો તે એ ખયાલથી રડી રહ્યો હતો કે હવે હું સામાન કઈ ચીજ પર લાદીને લઈ જઈશ. સંજોગોવસાત એ તરફથી આપને પસાર થવાનું થયું અને મુસાફિરની બેબસી જોઈને ગધેડાને ઠોકર મારીને ફર્માવ્યું કે આ સૂવાનો સમય નથી. આવું કહેતાં જ ગધેડો ઉઠીને બેઠો થઈ ગયો અને તે મુસાફિર પોતાનો સામાન લાદીને વિદાય થયો.

આપની બીમાર હાલત દરમ્યાન એકવાર હઝરત જુનેદ ખબર પૂછવા માટે હાજર થયા તો કેટલાક ફળ તથા ફૂલ આપને પેશ કર્યા. ત્યારબાદ જ્યારે આપ હઝરત જુનેદની બીમારીમાં પોતાના મુરીદોના સાથે ખબર પૂછવા તશરીફ લઈ ગયા, તો પોતાના મુરીદોને ફર્માવ્યું કે સર્વ લોકો જુનેદની બીમારી પોતાના પર વહેંચી લો ! આવુ કહેતાં જ હઝરત જુનેદ સાજા થઈ ગયા, તો આપે તેમને ફર્માવ્યું કે ફળ તથા ફૂલને બદલે આ રીતે ખબર પૂછવા જવું જોઈએ !

કેટલાક લોકો એક કમજોર વૃધ્ધને મારપીટ કરતા કેદખાના તરફ લઈ જઈ રહ્યા હતા, અને તે ખૂબ જ સબ્ર તથા સંયમ સાથે ખામોશ હતો. આપે કેદખાનામાં જઈને તેને પૂછયું કે આટલા પ્રમાણમાં વૃધ્ધાવસ્થા અને કમજોરી છતાં તમે સબ્ર કેવી રીતે કરી ? તેણે જવાબ આપ્યો કે સબ્રનો સંબંધ હિંમત તથા બહાદુરી સાથે છે ન કે તાકત તથા શક્તિ સાથે. પછી આપે પૂછયું કે સબ્રનો શું ભાવાર્થ છે ? તેણે કહ્યું કે મુસીબતોને એ રીતે ખુશીપૂર્વક સહન કરવી જોઈએ

જે રીતે લોકો છૂટકારો પામીને ખુશ થાય છે. પછી ફર્માવ્યું કે આગના સાત સમુદ્ર પાર કર્યા બાદ મઅરેફત હાંસલ થાય છે, અને જ્યારે હાંસલ થઈ જાય છે તો અવ્વલ તથા આખિરનો ઈલ્મ હાંસલ થઈ જાય છે.

હઝરત અબૂ હમ્ઝા કોઈ જગાએ કુર્બના (નઝદીકીના) વિષય પર તકરીર કરી રહ્યા હતા તો આપે ફર્માવ્યું કે જે કુર્બમાં આપણે લોકો છીએ તે હક઼ીક઼તમાં દૂરી પર દૂરી છે. ફર્માવ્યું કે જ્યારે બંદો ખુદાની ઓળખ કરે અને તેનામાં વઅઝ કહેવાની સમર્થતા પણ હોય તે વખતે વઅઝ કહેવી યોગ્ય છે, નહીં તો ખુદાને પહેચાન્યા વિના વઅઝગોઈની બલા બંદાઓ અને શહેરોમાં ફેલાય જાય છે. ફર્માવ્યું કે વજ્દની હક઼ીક઼તનો ઈઝહાર એટલા માટે મના ઠરાવવામાં આવેલ છે કે વજ્દ એક એવી ભડકતી જ્વાળા છે જે માથાની અંદર ભડકે છે અને શોખના થકી જાહેર થાય છે. ફર્માવ્યું કે સુન્નતની પયરવી વિના ઈસ્લામનો રસ્તો નથી મળતો. ફર્માવ્યું કે સૂફીઓની રૂહો માનવસહજ ખરાબીથી આઝાદ નફસાની ગંદકીથી સ્વચ્છ અને ખ્વાહિશોથી પાક હોય છે. ફર્માવ્યું કે તસવ્વુફ ન તો રસ્મ છે ન તો ઈલ્મ, કેમ કે જો રસ્મ હોત તો મુજાહિદાતથી, અને ઈલ્મ હોત તો તાલીમાતથી હાંસલ થઈ જાત. બલ્કે તસવ્વુફ એક અખ્લાક઼ી ચીજ છે અને અલ્લાહ તઆલાના અખ્લાક તથા આદતો અખત્યાર કરવાથી હાંસલ થાય છે. ફર્માવ્યું છે, મખ્લૂક઼ દુશ્મની અને ખુદા દોસ્તીનું નામ તસવ્વુફ છે.

એક અંધ અલ્લાહ અલ્લાહનો વિર્દ કરતો કરતો રસ્તામાં આપને મળ્યો, તો ફર્માવ્યું કે તું અલ્લાહને શું જાણે ! જો અલ્લાહને જાણી લેત તો ઝિંદા ન રહી શકત. આવું કહીને બેહોશ થઈને જમીન પર પડી ગયા અને હોશ આવ્યા બાદ એક એવા જંગલમાં જઈ પહોંચ્યા જ્યાં વાંસની ફાંસો આપના પૂરા શરીરમાં ચૂભતી હતી અને લોહીના દરેક ટીપાએથી અલ્લાહનો નક઼્શ જાહેર થતો હતો. અને જ્યારે એ હાલતમાં આપને ઘરે લાવવામાં આવ્યા અને લાઈલાહ ઈલ્લલ્લાહ કહેવાની તલ્ક઼ીન કરવામાં આવી તો ફર્માવ્યું કે હું તો એની જ પાસે જઈ રહ્યો છું ! આવું કહીને દુનિયાથી રુખસત થઈ ગયા.

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہનો ક઼ૌલ છે કે તે પોતાના દૌરના એવા સિદ્દીક઼ોમાંથી હતા કે આપના બાદ કોઈએ હક઼ીક઼ી તથા સાચી વાત નથી કહી.

પેજ 32 નું ચાલુ..

*મુશાહિર વલ અઅલામ, શમ્સુદ્દીન મુહમ્મદ બિન અહમદ બિન ઉષ્માન ઝહબી, ૨૮/૧૦૨, દારુલ કિતાબુલ અરબી, બૈરૂત)*

**ઈલ્મી મક઼ામ તથા મર્તબો :** આપ વિશ્વવ્યાપી ખ્યાતિ ધરાવતા હતા. આપની અનેક ખૂબીઓવાળી જાત ઈલ્મો વિદ્યાઓમાં લોકોનું શરણસ્થાન હતી. ઈલ્મોના વિવિધ પ્રકારોમાં નિપૂણતાના કમાલ સુધી પહોંચેલા હોવાના કારણે આપનું નામ ઈજ્જત તથા એહતેરામની સાથે લેવામાં આવતુ હતું. આપના ઈલ્મી ઝરણાથી તૃપ્તિ હાંસલ કરવા માટે ઈલ્મના પ્યાસાઓ દૂર દૂરના વિસ્તારોથી આપની ઈલ્મી મુજલિસમાં હાજર થવાનો શરફ હાંસલ કરતા હતા. આપની ઝાતે બાબરકાત એક એવા ઈલ્મી સૂરજની હૈસિયતની માલિક હતી જેનાથી લાંબી મુદ્દત સુધી એક આલમે રોશની હાંસલ કરી અને લાખો ગલફત તથા ગુમરાહીમાં ખોવાએલાઓને સઆદત તથા હિદાયતની સવાર નસીબ થઈ, એટલા માટે લોકો આપને "શમ્સુલ ઈસ્લામ"ના મુક઼દ્દસ લક઼બથી યાદ કરે છે. *(તબકાતુશ્શાફઈય્યા અલ કુબરા, અલ સુબ્કી, ૯/૫૨, દારુલ ઈલ્મિયા, બૈરૂત) –(ક્રમશઃ)*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

**કાર્યાલય** **હપ્તો : ૩૦**

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**તર્જુમા** : અને શાયરીઓની પૈરવી ગુમરાહ કરે છે. શું તમે ન જોયું કે તે દરેક નાળામાં ભટકતા ફરે છે અને તે કહે છે જે નથી કરતાં પરંતુ એ જે ઈમાન લાવ્યા અને સારાં કામ કર્યાં અને વધારે અલ્લાહની યાદ કરી અને બદલો લીધો તેના પછી કે તેમના પર જુલ્મ થયો. (સૂ. શોઅરા, ૨૬/૨૪૦) એટલે કે તેમના માટે એ હુકમ નથી.

**હદીષ–૧** : સહીહ બુખારીમાં ઉબય બિન કઅબ رضی اللہ عنہથી મરવી કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું અમુક શેઅરો હિકમત છે.

**હદીષ–૨** : સહીહ બુખારી અને મુસ્લિમમાં બરાઅ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ ﷺએ હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ ને ફર્માવ્યું કે મુશ્રિકોની બુરાઈ કરો. જિબ્રઈલ તમારી સાથે છે. અને રસૂલલ્લાહ ﷺ હસ્સાનથી ફર્માવતા, તમે મારા તરફથી જવાબ આપો. ઈલાહી ! તું જિબ્રઈલની તરફદારી કર.

**હદીષ–૩** : સહીહ મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી કહે છે, મેં રસૂલુલ્લાહ ﷺને હસ્સાનથી એવું ફર્માવતાં સાંભળ્યું કે રૂહુલ કુદ્સ (જિબ્રઈલ علیہ السلام) હમેશાં તમારી તરફદારીમાં છે જ્યાં સુધી તમે અલ્લાહ અને રસૂલની તરફથી બચાવ કરતા રહેશો.

**હદીષ–૪** : દારકુત્નીએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺની પાસે શાયરીનું ઝિક્ર આવ્યું. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, તે એ એક કલામ છે સારું છે તો સારું છે અને ખરાબ છે તો ખરાબ.

**હદીષ–૫** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આદમીનું પેટ પરુથી ભરી જાય જે તેને ખરાબ કરી દે, એ બહેતર છે તેનાથી કે શેઅરથી ભર્યું હોય.

**હદીષ–૬** : સહીહ મુસ્લિમમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. કહે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે અરજમાં જઈ રહ્યા હતા. એક શાયર શેઅર પઢતો સામે આવ્યો. હુઝૂરે ફર્માવ્યું, શૈતાનને પકડો ! આદમીનું પેટ પરુથી ભર્યું હોય એ એનાથી બહેતર છે કે શેઅરથી ભર્યું હોય.

**હદીષ–૭** : ઈમામ અહમદે સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ

ફર્માવ્યું, કયામત કાયમ નહીં થાય જ્યાં સુધી એવા લોકો જાહેર ન થાય જે પોતાની જીભોના દ્વારા ખાશે જે રીતે ગાય પોતાની જીભથી ખાય છે. એટલે કે તેમનો રોજીનો ઝરીયો લોકોની તારીફ અને બુરાઈ કરવી છે, અને તેમાં હક અને નાહકનો થોડો પણ વિચાર નહીં કરે, જેવી રીતે કે ગાય એવું નથી વિચારતી કે આ વસ્તુ ફાયદાવાળી છે કે નુકસાનવાળી જે વસ્તુ જીભની સામે આવી ગઈ ખાય ગઈ.

આ હદીષોથી જાણવા મળ્યું કે શાયરીઓ સારી હોય છે અને ખરાબ પણ. જો અલ્લાહ અને રસૂલની તારીફ (પ્રશંસા)ની શાયરી હોય અથવા તેમનામાં હિકમતની વાતો હોય, સારા અખ્લાકનું શિક્ષણ હોય તો સારા છે, અને બેકાર અને ખરાબ વાતો છે તો બુરુ છે. અને જો કે શાયરો પણ વધારે પડતા જે આવ્યું તે બોલી નાખે છે આ કારણથી તેમની બુરાઈ કરવામાં આવે છે.

**મસ્અલા** : જે શાયરી મુબાહ છે તેમના પઢવામાં વાંધો નથી. શેઅરોમાં કોઈ ખાસ સ્ત્રીના લક્ષણોનું વર્ણન હોય અને જીવંત હોય તો પઢવું મકરૂહ છે. અને મૃત્યુ પામેલ હોય અથવા ખાસ સ્ત્રીનું વર્ણન હોય તો પઢવું જાઈઝ છે. શેઅરમાં છોકરાનું વર્ણન હોય તો એ જ હુકમ છે જે સ્ત્રીના શેરોને સંબંધે છે.

**મસ્અલા** : શેઅરોને પઢવાથી જો હેતુ એવો હોય કે તેના વડે તફસીર અને હદીષમાં મદદ મળે અથવા અરબીના મુહાવરા અને કલમના તરીકાની જાણકારી મળે જેવી રીતે કે જાહિલોના કલામથી શાયરો દલાલત કરે છે. એમાં કોઈ વાંધો નથી. *(આલમગીરી)*

## જૂઠનું બયાન

જૂઠ એવી ખરાબ વસ્તુ છે કે દરેક ધર્મવાળા તેની બુરાઈ કરે છે. તમામ દીનોમાં આ હરામ છે. ઈસ્લામે એનાથી બચવા પર ઘણુ જોર આપ્યું છે. કુર્આન મજીદમાં ઘણી જગ્યાએ તેની બુરાઈ કરી છે અને જૂઠ બોલવાવાળા પર ખુદાની લા'નત આવી. હદીષોમાં પણ આવી બુરાઈનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના સંબંધે કેટલીક હદીષોનું વર્ણન કરવામાં આવે છે.

**હદીષ–૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી મરવી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : સત્યને અનિવાર્ય કરી લો કારણ કે સત્ય નેકીની તરફ લઈ જાય છે અને નેકી જન્નતનો માર્ગ બતાવે છે. માણસ સતત સત્ય બોલતો રહે છે અને સત્ય બોલવાનો પ્રયત્ન કરતો રહે છે, અહીં સુધી કે અલ્લાહની નજીક તેને સિદ્દીક લખી દેવામાં આવે છે. અને જૂઠથી બચો કારણ કે જૂઠ બુરાઈની તરફ લઈ જાય છે અને બુરાઈ જહન્નમનો માર્ગ બનાવે છે. અને માણસ સતત જૂઠુ બોલતો રહે છે અને જૂઠુ બોલવાની કોશિશ કરતો રહે છે ત્યાં સુધી કે અલ્લાહના નજીક જૂઠો લખી દેવામાં આવે છે.

**હદીષ–૨** : તિર્મિઝીએ અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલૂલ્લાહ ﷺ એ ફર્માવ્યું : જે શખ્સ જૂઠુ બોલવાનું છોડી દે અને તે બાતિલ છે (એટલે જૂઠુ છોડી દેવાની વસ્તુ છે) તેના માટે જન્નતના કિનારે મકાન બનાવવામાં આવશે અને જેણે ઝઘડો કરવાનું છોડયું અને તે હક પર છે એટલે હક પર હોવા છતાં ઝઘડો નથી કરતો તેના માટે જન્નતના વચ્ચે મકાન બનાવવામાં આવશે અને જેણે પોતાના અખ્લાક (આદતો) સારા કરી લીધા તેના માટે જન્નતમાં આ'લા દરજા પર મકાન બનાવી આપવામાં આવશે.

**હદીષ–૩** : તિર્મિઝીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : બંદો જ્યારે જૂઠુ બોલે છે તેની દુર્ગંધથી ફરિશ્તાઓ એક માઈલ દૂર થઈ જાય છે.

**હદીષ–૪** : અબૂ દાઊદે સુફિયાન બિન અસદ હઝરમી رضی اللہ عنہ થી રિવાયત કરી. કહે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતા સાંભળ્યું કે મોટી ખયાનતવાળી એ વાત છે કે તું પોતાના ભાઈથી કોઈ વાત કહે અને એ તેમાં તને સાચો જાણતો હોય અને

તું એનાથી જૂઠુ બોલી રહ્યો હોય.

**હદીષ–૫** : ઈમામ અહમદ વ બયહકીએ અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : મો'મિનની તબીઅતમાં તમામ ગુણો હોય શકે છે પરંતુ ખયાનત અને જૂઠ એટલે આ બે વસ્તુઓ ઈમાનની વિરૂધ્ધ છે, મો'મિને એનાથી દૂર રહેવાની ઘણી વધારે જરૂરી છે.

**હદીષ–૬** : ઈમામ માલિક વ બયહકીએ સફવાન બિન સુલૈમથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી પૂછવામાં આવ્યું, શું મો'મિન બુઝદિલ હોઈ શકે છે ? ફર્માવ્યું, "હા !" પછી અર્ઝ કરવામાં આવી, જૂઠો હોઈ શકે છે ? ફર્માવ્યું, "નહીં."

**હદીષ–૭** : ઈમામ અહમદે હઝરત અબૂ બક્ર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : જૂઠથી બચો કારણ કે જૂઠ ઈમાનની વિરૂધ્ધ છે.

**હદીષ–૮** : ઈમામ અહમદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : બંદો પૂરેપૂરો મો'મિન નથી થતો જ્યાં સુધી મજાકમાં પણ જૂઠુ ન છોડી દે અને ઝઘડો કરવાનું ન છોડી દે ભલે તે સાચો હોય.

**હદીષ–૯** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ અબૂ દાઊદ વ દારમીએ બહઝ બિન હકીમે, તેમણે પોતાના વાલિદથી તેમણે દાદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બરબાદી છે તેના માટે જે વાતો કરે છે અને લોકોને હસાવવા માટે જૂઠુ બોલે છે તેના માટે બરબાદી છે ! તેના માટે બરબાદી છે ! *(ક્રમશઃ)*

**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજિત** **૧×૨ અથવા ૨×૨ સ્લીપર કોચ દ્વારા જમવા-રહેવા સાથેનો પ્રવાસ**

**સ્પે. કાશ્મીર પ્રવાસ**

**આખી ટીકીટ : ૨૦,૫૦૧/–** | **પ્રવાસ સ્થળ** | **અડધી ટીકીટ : ૧૦,૫૦૧/–**

ઉદેપુર - કપાસણ - નાગોર - અમૃતસર (વાઘા બોર્ડર, સુવર્ણ મંદિર, જલીયાવાલા બાગ) - શ્રીનગર - સોનમાર્ગ - ગુલમર્ગ - પહેલગાવ - સરહિંદશરીફ - દિલ્હી - આગ્રા - ફતેપુરસીક્રી - અજમેર - જયપુર - પરત ધોળકા

**પ્રવાસ દિવસ : ૧૬** | **બસ ઉપડશે તા. ૮–૫–૨૦૨૬, શુક્રવાર**

બસ ઉપડવાનું સ્થળ : (૧) સ્વામિનારાયણ પેટ્રોલ પંપ પાસે ડભાણ, નડીયાદ, સમય : સાંજે ૪-૦૦ કલાકે.
(૨) તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટસ પાસે, ધોળકા. જિ. અમદાવાદ, સમય : રાત્રે ૧૦-૦૦ કલાકે.

નોંધ : (૧) પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૩૦૦/– મુસાફરના શીરે રહેશે. (૨) રૂા. ૫૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. (૩) બેંક, એલ.આઈ.સી., જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. (૪) શ્રીનગર સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૫) શ્રીનગરમાં હોટલ રૂમ બુકીંગ ૪ વ્યક્તિ વચ્ચે એક રૂમ ફાળવવામાં આવશે. (૬) દિલ્લી સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૭) તા. ૨૪–૫–૨૫ અને ૩૦–૫–૨૫ અને ૪–૬–૨૫ સવારની ચા સ્વખર્ચે રહેશે. (૮) ૩ થી ૮ વર્ષના બાળકની અડધી ટીકીટ રહેશે, બે અડધી ટીકીટ વચ્ચે એક સોફો આપવામાં આવશે.

**આયોજક : શરીફખાન પઠાણ : (મો.) ૯૮૨૪૪ ૭૮૧૧૬**

Bank Name : State Bank of India, Dholka Branch | Bank Ac No. : 32996143540 | IFSC Code : SBIN0000364

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે હમીદાબેન શબ્બીર ચોકવાલાનો તા. ૯–૨–૨૦૨૬ મુ.ચાંદ ૨૦ શબાન ૧૪૪૭, સોમવારના રોજ ઈન્તેકાલ થયો તથા ❒ હમીદશાહ અહમદશા લસણવાળાનો (તળાવની પાર પર રહેતા)નો ઈન્તેક઼ાલ તા. ૧૪–૨–૨૦૨૬ શનિવારે મુ.ચાંદ ૨૫ શાબાન ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ થયો. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

મસ્અલા 10

# અંબિયા عليهم السلام ના તસર્રુફાત (અખત્યારો)

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**(૯)** હઝરત યૂસુફ علیہ السلام ના જે બનાવો કુર્આને મુકદ્દસે વર્ણન કરેલા છે એમાં એક આંખો ખોલનારો બનાવ આ પણ છે કે આપે આપના ભાઈઓને ફર્માવ્યું :

اِذْهَبُوْا بِقَمِیْصِیْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِیْ یَاْتِ بَصِیْرًاۚ وَ اْتُوْنِیْ بِاَهْلِكُمْ اَجْمَعِیْنَ۠ وَ لَمَّا فَصَلَتِ الْعِیْرُ قَالَ اَبُوْهُمْ اِنِّیْ لَاَجِدُ رِیْحَ یُوْسُفَ لَوْ لَاۤ اَنْ تُفَنِّدُوْنِ قَالُوْا تَاللّٰهِ اِنَّكَ لَفِیْ ضَلٰلِكَ الْقَدِیْمِ فَلَمَّاۤ اَنْ جَآءَ الْبَشِیْرُ اَلْقٰىهُ عَلٰى وَجْهِهٖ فَارْتَدَّ بَصِیْرًاۚ

"મારો આ કુર્તો લઈ જાવ અને એને મારા પિતાના મોઢા પર રાખી દો, તેમની આંખો ખુલી જશે અને તમારા સર્વ ઘરભરને મારી પાસે લઈ આવો. જ્યારે (તેમના ભાઈઓનો એ) કાફલો મિસર રવાના થયો તો અહીં (કિન્આનમાં) તેમના પિતાએ કહ્યું, બેશક ! હું યૂસુફની ખુશ્બુ પામુ છું જો મને એવું ન કહો કે સઠ (બહેકી) ગયો છું. પુત્રો બોલ્યા, ખુદાની કસમ ! આપ પોતાની એ જ પૂરાણી ખુદ રફતગીમાં છો. પછી જ્યારે ખુશી સંભળાવનારો આવ્યો તેણે એ કુર્તો યાકૂબના મોઢા પર રાખી દીધો તો એ જ વખતે એમની આંખો પરત આવી ગઈ (રોશન થઈ ગઈ).

*(સૂ. યૂસુફ, ૧૨/૯૩ થી ૯૬)*

આ આયતોથી સંયુક્તપણે આ બાબતો માલૂમ પડી : હઝરત યૂસુફ علیہ السلام ના વાલિદે માજિદ (પિતા) હઝરત સૈયદના યાકૂબ علیہ السلام ની આંખો (યૂસુફના વિરહ)માં જઈ ચૂકી હતી.

★ હઝરત યૂસુફ علیہ السلام એ બશારત આપી હતી કે મારો કુર્તો વાલિદ માજિદના ચહેરા પર રાખી દેવામાં આવે તો એમની આંખો રોશન થઈ જશે.

★ અને થયું પણ એવું જ કે તે કુર્તો હઝરત યાકૂબ علیہ السلام ના ચહેરા પર પડતાં જ તરત આપની આંખો રોશન થઈ ગઈ.

અંધ આંખોને પોતાના કુર્તા થકી દેખતી રોશન કરી દેવી વિના શંકાએ મહાન તસર્રુફ (અખત્યાર) છે.

**(૧૦)** કિતાબના એક આલિમે બિલ્કીસના તખ્તને હઝરત સુલૈમાન علیہ السلام ના દરબારમાં કેવા આશ્ચર્યજનક તરીકાથી હાજર કર્યો, એનું વર્ણન આ આયતોમાં છે :–

قَالَ یٰۤاَیُّهَا الْمَلَؤُا اَیُّكُمْ یَاْتِیْنِیْ بِعَرْشِهَا قَبْلَ اَنْ یَّاْتُوْنِیْ مُسْلِمِیْنَ قَالَ عِفْرِیْتٌ مِّنَ الْجِنِّ اَنَا اٰتِیْكَ بِهٖ قَبْلَ اَنْ تَقُوْمَ مِنْ مَّقَامِكَۚ وَ اِنِّیْ عَلَیْهِ لَقَوِیٌّ اَمِیْنٌ قَالَ الَّذِیْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ اَنَا اٰتِیْكَ بِهٖ قَبْلَ اَنْ یَّرْتَدَّ اِلَیْكَ طَرْفُكَؕ فَلَمَّا رَاٰهُ مُسْتَقِرًّا عِنْدَهٗ قَالَ هٰذَا مِنْ فَضْلِ رَبِّیْ

"સુલેમાને ફર્માવ્યું : હે દરબારીઓ ! તમારામાં કોણ છે જે એનો તખ્ત મારી પાસે લઈ આવે એના પહેલાં કે તેણી આજ્ઞાંકિત બનીને મારી પાસે હાજર થાય. એક મોટો ખબીષ જિન બોલ્યો કે તે તખ્ત હું હુઝૂરની બારગાહમાં હાજર કરી દઈશ એના પહેલાં કે હુઝૂર ઈજલાસ બરખાસ્ત કરે. અને બેશક ! હું કુવ્વતવાળો અમાનતદાર છું. (અને) જેની પાસે કિતાબનો ઈલ્મ હતો તેણે અર્ઝ કરી કે, હું એને આપનું પાપણ ઝપકતા પહેલાં આપની ખિદમતમાં હાજર કરી દઈશ. પછી જ્યારે સુલૈમાને એ તખ્તને પોતાની પાસે રાખેલું જોયું તો કહ્યું, આ મારા રબના ફઝ્લથી છે." *(સૂ. નમલ, ૨૭/૩૮ થી ૪૦)*

તફસીરની કિતાબોમાં લખ્યું છે કે બિલ્કીસ સબા શહેરની મલિકા હતી તેણીનો તખ્ત લંબાઈમાં એંસી

ગજ અને પહોળાઈમાં ચાલીસ ગજ, સોના ચાંદીનો બનેલો હતો. જવાહેરાતથી સજ્જ હતો. સબા શહેરથી રવાનગીના સમયે તેણીએ પોતાનો તખ્ત સાત મહેલોમાંથી સૌથી પાછલા મહેલમાં મેહફૂઝ કરીને સર્વ દરવાજાઓને લોક કરી દીધા હતા અને તેના પર પહેરાદાર પણ નિયુક્ત કરી દીધા હતા.

*(માખૂઝ અઝ : ખઝાઈનુલ ઈર્ફાન)*

સારાંશ કે કિતાબના આલિમે અલ્લાહની આપેલી શક્તિ વડે એવા મહાન તથા સુરક્ષિત તખ્તને લાંબા અંતરે હોવા છતાં પલક ઝપકતાં પહેલાં બારગાહે સુલેમાનીમાં હાજર કરી આપ્યો. જે વિના શંકાએ અલ્લાહ ﷻની અતાથી એક આશ્ચર્યજનક તસર્રુફ (અખત્યાર) છે. એક કિતાબનો આલિમ ખુદાની બારગાહનો મુકર્રબ થઈ જાય તો તેને તસર્રુફની આવી શક્તિ આપવામાં આવે છે તો અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની શાન તો ઘણી અરફા વ આ'લા (ઉચ્ચતમ) છે.

**(૧૧)** હઝરત સૈયદના મૂસા علیہ السلام ના એક તસર્રુફનો ઉલ્લેખ આ આયતે કરીમામાં છે :

وَ اِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ فَقُلْنَا اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ؕ فَانْفَجَرَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ عَيْنًا ؕ قَدْ عَلِمَ كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْ ؕ

''અને જ્યારે મૂસાએ પોતાની કૌમના માટે પાણી માગ્યું તો અમે ફર્માવ્યું, આ પથ્થર પર તમારો અસા (લાકડી) મારો, તરત એમાંથી બાર ઝરણાં વહી નીકળ્યાં (અને) દરેક ગિરોહે પોતાનો ઘાટ ઓળખી લીધો.'' *(સૂ. બક઼રહ, ૨/૬૦)*

દંડો મારીને પથ્થર જેવી સખત અને આકરી ચીજથી પાણી જેવા પાતળા પ્રવાહીના બાર ઝરણાં વહાવી દેવાં વિના શંકાએ એક મહાન તસર્રુફ છે જે એક જલીલુશ્શાન પયગંબરના થકી જાહેર થયો. હા ! એ પણ એક ખરેખર હકીકત છે કે આ સર્વ કાંઈ અલ્લાહના ઈઝ્ન (અનુમતિ, હુકમ)થી થયું અને અલ્હમ્દુલિલ્લાહ ! અમે અહલે હક્ (અહલે સુન્નત) અંબિયા અવલિયાના માટે અલ્લાહના ઈઝ્ન (હુકમ)થી જ તસર્રુફાતને માનનારા છીએ.

## ★ સુન્નીઓની તસલ્લી ખાતર એક તફસીરી ખુલાસો ★

તફસીરોમાં છે : જ્યારે બની ઈસ્રાઈલે સફરમાં પાણી ન પામ્યું તો સખત તરસની ફરિયાદ કરી તો હઝરત મૂસા علیہ السلام ને હુકમ થયો કે તમારો અસા પથ્થર પર મારો ! આપની પાસે એક સ્કવેર યાર્ડ (મુરબ્બા) પથ્થર હતો. જ્યારે પાણીની જરૂરત હોતી આપ તેના પર અસો મારતા અને તેનાથી બાર ઝરણાં વહેતાં થઈ જતાં અને તેઓ સૌ તૃપ્ત થઈ જતા. આ મહાન મોજિઝો છે.

પરંતુ સૈયદુલ અંબિયા ﷺનું આંગળી મુબારક થકી ઝરણાં વહેતાં કરીને મોટી જમાઅતને તૃપ્ત કરવું એ એનાથી પણ અઝીમ તથા ઉચ્ચ મોજિઝો છે કે માનવ અંગથી ઝરણાં જારી થવાં પથ્થર કરતાં અધિક આશ્ચર્યજનક છે. *(લિબાબુત્તાવીલ ફી મઆનિયુત્તન્ઝીલિલ મુસમ્મા, તફસીરે ખાઝિન, ૧/૪૮, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

**(૧૨)** ફરિશ્તાઓના તસર્રુફાતનો ઉલ્લેખ કુર્આને કરીમમાં આ મુજબ છે :

وَ النّٰزِعٰتِ غَرْقًا ۙ﴿۱﴾ وَّ النّٰشِطٰتِ نَشْطًا ۙ﴿۲﴾ وَّ السّٰبِحٰتِ سَبْحًا ۙ﴿۳﴾ فَالسّٰبِقٰتِ سَبْقًا ۙ﴿۴﴾ فَالْمُدَبِّرٰتِ اَمْرًا ۘ﴿۵﴾

''કસમ એ ફરિશ્તાઓની કે સખ્તીથી જાન ખેંચે, અને તેમની જેઓ નરમીથી બંધન ખોલે અને સરળતાથી તરે, પછી આગળ વધીને ઉતાવળે પહોંચે પછી કામની યુક્તિ કરે.'' *(સૂ. નાઝિઆત, ૭૯/૧ થી ૫)*

આ આયતે કરીમાથી સાબિત થયું કે ફરિશ્તા અલ્લાહ તઆલાના ઈઝ્ન (હુકમ, અતા)થી રૂહો પણ કબજે કરે છે અને દુનિયાના સર્વ કામોની તદબીર પણ કરે છે. –*(ક્રમશ:)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

ચોથી સદીના મુજદ્દિદ ૧

# હઝરત ઈમામ અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅ્લૂકી رضی اللہ عنہ

*(વિસાલ : હિ.સ. ૪૦૪)*

*(કાર્યાલય)*

રબ તઆલાની આ વિશાળ દુનિયામાં જ્યારે પણ બાતિલ કોમોએ પોતાનું માથુ ઊંચુ કર્યું અને ફિત્ના ફસાદના ઉત્તેજનનો માર્ગ અપનાવ્યો, કુર્આન તથા સુન્નતના અસ્તિત્વને નાબૂદ કરવાની કોશિશ કરવામાં આવી, તો દરેક સદીમાં પરવરદિગારે આલમે પોતાના એવા ખાસ બંદાઓને પેદા કર્યા જેમણે તૂટેલી ચટાઈ પર બેસીને અને મામૂલી ખોરાક પર ક઼નાઅત (સંતોષ) માનીને દીનો મિલ્લતની આબરૂ બચાવી અને દીનની સલામતી અને નબી ﷺના પયગામોની રક્ષા ખાતર પોતાની જિંદગીની સર્વ પળોને નિછાવર કરી આપી. મુસ્લિમ ઉમ્મતની તે જ બરગુઝીદા હસ્તીઓમાં એક નામ હઝરત અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅ્લૂકી رحمۃ اللہ علیہ પણ છે જે ચોથી સદીના નિસ્ફ અવ્વલમાં ઈલ્મો હિકમતના આસ્માન પર આફતાબ બનીને ચમકયા. આપની અનેક ખૂબીઓવાળી જાત અગણિત કમાલો ધરાવતી હતી. આપ એક અજોડ મુહક્કિક઼ જામેઅ ઉલૂમ ફુનૂન (ઈલ્મો વિદ્યાઓના સમૂહ), હિકમત તથા દાનાઈના મઝહરે અતમ (ઉગમ સ્થાન), ઝબાન તથા અદબના સુલ્તાન, મસ્લકે શાફઈના રૂહેરવાં, અને ઈસ્લામ મઝહબની આબરૂ હતા. એ જ કારણે આપના પિતા હઝરત અબૂ સહલ મુહમ્મદ બિન સુલૈમાન رحمۃ اللہ علیہ આપની ખુદાદાદ કાબેલિયત તથા લિયાકત, ઈલ્મી વિદ્વતા તથા હિદાયત માટે સોનેરી કારનામાઓને જોઈને કહ્યા કરતા હતા : سھل والد (મારો પુત્ર સહલ મારી નજીક મારા વાલિદ જેવો છે.) આ સંક્ષિપ્ત લેખમાં અમે એ દાવો નથી કરી શકતા કે આપની શખ્સિયતથી સંબંધિત સર્વ ઈલ્મી તથા વિદ્યાકલાને લગતા તથા અખ્લાકી તથા રૂહાની પાસાંઓને સમાવી લીધાં છે. હા ! એટલુ જરૂર છે કે આ મહત્વની બાબતોથી હઝરતની જે શખ્સિયત ઉભરીને સામે આવે છે એનાથી સારી પેઠે એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે મુજદ્દિદિયતના ગુલશનના રંગબેરંગી ફૂલોમાંથી એક હસીનો જમીલ ફૂલ આપ પણ છે.

**નામ તથા વંશ :** નામ–સહલ, કુન્નિયત–અબૂ તૈયબ, અને અબૂ ઈસ્હાક પણ આપની એક કુન્નિયત છે. લક઼બ–શમ્સુલ ઈસ્લામ. વંશવેલો આ પ્રમાણે છે : સહલ બિન મુહમ્મદ બિન સુલૈમાન બિન હારૂન બિન મૂસા બિન ઈસા બિન ઈબ્રાહીમ બિન બશર સઅ્લૂકી અજલી. આપ એક મશહૂરો મઅરૂફ કબીલા બનૂ હુનૈફાથી સંબંધ ધરાવતા હોવાથી હનફી પણ કહેવાતા હતા. હઝરત અબૂ તૈયબ સઅ્લૂકી رحمۃ اللہ علیہ ખુરાસાનના મશહૂર શહેર નીશાપુરના રહેવાસી હતા અને શાઈફ મઝહબવાળા હતા. *(નહઝીબુલ અસ્મા વલ્લુગાત, ઈમામ નવવી, ૧/૨૬૦, બૈરૂત વગૈરે)*

**તાલીમો તર્બિયત :** આપની પ્રારંભિક તાલીમી હાલતના બારામાં ખૂબ જ તલાશ તથા શોધ છતાં કોઈ યોગ્ય પ્રમાણ હાંસલ ન થઈ શક્યું. અલ્બત્ત વિવિધ કિતાબોમાં આ મળે છે કે આપે પોતાના વાલિદ માજિદ ઈમામ અબૂ સહલ મુહમ્મદ બિન સુલૈમાન સઅ્લૂકી رحمۃ اللہ علیہના મહેરબાનીના સાયા હેઠળ રહીને ફિક઼હનો ઈલ્મ હાંસલ કર્યો. તેમની દર્સગાહે ફૈઝથી ફરાગતની સનદ હાંસલ કરી. તેમજ પોતાના વાલિદે ગિરામીથી હદીષ સમાઅ કરી. આ રીતે આપની

ઈલ્મી તથા શારીરિક પરવરિશ, રૂહાની તર્બિયત અને ભરપૂર ફઝાઈલ તથા કમાલોથી સજ્જ કરવામાં આપના મહેરબાન પિતાનો કેન્દ્રિય તથા પાયાનો રોલ રહ્યો છે. ખુલાસો એ છે કે તેમની ગોદ જ આપનો અવ્વલીન મદરસો રહી છે. *(અર્રવઝુલ બાસિમ ફી તરાજિમે શોયૂખુલ હાકિમ, ૧/૫૧૦)*

**ઉસ્તાદો તથા શયખો** : હઝરત અબૂ સહલ મુહમ્મદ ઈબ્ને સુલૈમાન رحمۃ اللہ علیہના ઉપરાંત આપે જે મહાન ફકીહો તથા મુહદ્દિષોથી ઈલ્મ પ્રાપ્તિ તથા સમાએ હદીષ કરી તેમનાં નામો નીચે પ્રમાણે છે :

હઝરત મુહમ્મદ ઈબ્ને યાકૂબ અસમ, અબૂ અલી હામિદ હરવી, મુહમ્મદ બિન અલી બિન ઈસ્માઈલ અબૂ બકર શાહી, અબુલ હસન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ દક્કાક઼, ઈબ્ને મતર, અબૂ ઉમર બિન નજીબ, ઈબ્ને મસ્તૂર, અબૂ અલી રફાઅ, અબૂ સહન બશર બિન યહ્યા અહમદ બિન બશર અસ્ફર અઈની મહરજાની તેમજ અન્ય ઘણા સમકાલિન શયખોથી વિવિધ ઈલ્મો તથા વિદ્યાઓમાં નિપૂણતા તથા કમાલ હાંસલ કર્યો. *(તબકાતે શાફઈય્યતિલ કુબ્રા, ૩/૫૨)*

**દર્સો તદરીસ** : આપના પિતા હઝરત અબૂ સહલ رحمۃ اللہ علیہ પોતાના સમયના શાફઈ ફિક઼હના ઈમામ, ઉસ્તાદે મુત્લક઼ અને મુફતીયે ખુરાસાન હતા. જમાનો એક અરસા સુધી તેમના ઈલ્મોની રોશનીથી ફયઝયાબ થતો રહ્યો. હિ.સ. ૩૬૯માં આપના પિતા આ ફાની જગતથી કૂચ કરી ગયા. કેમ કે તાલિબે ઈલ્મીના જમાનાથી જ આપના નસીબનો સિતારો ઊંચાઈ પર હતો અને આપે ખૂબ જ અધિક ઈલ્મો વિદ્યાઓનો ભંડાર હાંસલ કરવાની સાથોસાથ ઉલમામાં ઈલ્મી પ્રકાશ ફેલાવવાનો ક્રમ શરૂ કરી આપ્યો હતો. એટલા માટે પિતાના વિસાલના પાંચ દિવસ બાદથી જ એક વિશાળ મખ્લૂક઼ આપના ઈલ્મી સરમાયાથી ફયઝયાબ થવા માટે આપની આસપાસ જમા થઈ ગઈ. જેથી એ જ સમયથી આપે મસ્નદે તદરીસની (દીની ઈલ્મ શીખવવાની) જિમ્મેદારી સંભાળી લીધી. થોડાક જ દિવસો બાદ આપ ક઼ાઝીના તથા મુફતીના સ્થાન પર પણ બિરાજમાન થઈ ગયા. અતિશય સંખ્યામાં ફત્વા બહાર પાડયા અને પૂરી જિંદગી ઈસ્લામના ગુલશનની સિંચાઈ કરતા રહ્યા. અને આપ ખુરાસાનના સૌથી મહાન મુફતી કહેવાતા હતા. *(શઝરાતુઝ્ ઝહબ લિ અબ્દિલહય્ય બિન અલ અમાદુલ હંબલી, ૩/૧૭૨)*

**દર્સના હલકા (વર્તુળ)ની અઝમત તથા શાન** : આપની ઈલ્મી જલાલત (મહાનતા) અને તદરીસી શાનનું વર્ણન પણ ઘણુ મહત્વ ધરાવે છે. આપની જિંદગીનું આ જ તે પ્રકરણ છે જેને પઢયા બાદ દર્સો તદરીસના ક્ષેત્રમાં આપની શહેનશાહીનો સૂરજ ચમકવા લાગે છે. તદરીસની મહારત તથા મકબૂલિયતનો આલમ એ હતો કે આપની દર્સગાહમાં એકી સમયે પાંચસોથી અધિક મુહદ્દિષીને કિરામ હદીષ સમાઅ કરતા હતા. આપ તેમને હદીષ વર્ણન કરતા અને હદીષનો ઈમ્લો કરાવતા હતા. *(તહઝીબુલ અસ્મા વલ્લુગાત લિલ્નવવી, ૧/૨૬૧, દારૂલ ઈલ્મિયા, બૈરૂત)*

**આપના શાગિર્દો** : મશ્હૂરો મઅરૂફ મુહદ્દિષીને કિરામ અને મહાન મહાન ઉલમાએ એઝામે આપના ઈલ્મી સરમાયાથી ફયઝ પામવાની સઆદત હાંસલ કરી. એમનામાં અગ્રસ્થાને નીચે પ્રમાણેના હઝરાત છે :

અબૂ મન્સૂર અબ્દુલમલિક ષઆલ્બી નીશાપુરી, હુસૈન બિન મુહમ્મદ બિન મુહમ્મદ બિન અલી બિન હાતિમ અબૂ અબ્દુલ્લાહ મુસ્તદરકના લેખક, હાફિઝ અબૂબક્ર બયહકી, મુહમ્મદ બિન સહલ અબૂ નસ્ર શાઝયાખી અને તેમના સિવાય નીશાપુર તથા ખુરાસાનના સર્વ શહેરોના ઉલમા તથા ફકીહોએ ખૂબ જ અધિક સંખ્યામાં આપની સામે શાગિર્દી અપનાવી. *(તારીખુલ ઈસ્લામો વફયાતુલ*

વધુ પેજ 25 પર..

# રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

## (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

**(હફ્તો : ૧૦)**

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*الحمد للہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

## ગોડદી પહેરવાની શરતો

દુરવેશના માટે ગોદડી પહેરવાની કેટલીક શરતો છે જે એ છે કે તે આસાની તથા ફરાગતના ખયાલ સાથે તૈયાર કરે અને જ્યાં સુધી અસલ કપડુ સલામત રહે તેમાં થીંગડુ ન મારે, અને જ્યારે ક્યાંકથી ફાટી જાય તો તેના પર થીંગડુ લગાડતો જાય. થીંગડુ મારવાના સંબંધે તરીક઼તના મશાઈખના બે ક઼ૌલ છે. એક એ કે થીંગડુ મારવામાં ક્રમ તથા સજાવટનો ખયાલ ન રાખવામાં આવે બલ્કે જ્યાંથી પણ સોય નીકળે સીવતો ચાલ્યો જાય, એમાં ખચકાટ ન અનુભવે. અને બીજો ક઼ૌલ એ છે કે થીંગડુ મારવામાં ક્રમ અને દુરુસ્તીનો ખયાલ રાખવો શર્ત છે જેથી મુનાસિબત સચવાય રહે, અને તેને સાચવીને દુરુસ્ત કરવું પણ ફક્રના મામલાઓ સાથે સંબંધિત છે અને મામલાઓને સહી રાખવા અસલી સેહત (દુરુસ્તગી)ની દલીલ છે.

(સૈયદના દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે) મેં હઝરત શયખુલ મશાઈખ અબુલ ક઼ાસિમ ગિર્ગાની رحمۃ اللہ علیہથી તૂસ સ્થળે પૂછયું કે દુરવેશના માટે કમસે કમ કઈ ચીજ જરૂરી છે જે ફક્રને લાયક મુનાસિબ હોય ? તેમણે ફર્માવ્યું, ત્રણ ચીજો દુશવેશીના માટે જરૂરી છે, એનાથી ઓછામાં ફક્રનું નામ શોભતુ નથી. એક એ કે ગોદડીમાં થીંગડાની યોગ્ય સિલાઈ કરે. બીજી એ કે સાચી વાત સાંભળવી પસંદ કરે. અને ત્રીજી એ કે જમીન પર પગો યોગ્ય રીતે રાખે (ઘમંડ તથા અભિમાન અને અકડાપણાની ચાલ ન ચાલે). જે વખતે તેમનાથી આ વાતો માલૂમ થઈ તો સૂફીઓની એક જમાઅત તેમની પાસે બઠેલી હતી, સૌની મૌજૂદગીમાં તેમણે આ વાતો વર્ણવી.

જ્યારે અમે તેમની મેહફિલ મુબારકથી બહાર નીકળ્યા તો દરેકે બહષો મુબાહિષા (ચર્ચા દલીલો) કરવાનું શરૂ કરી આપ્યું અને જાહિલોના એક વર્ગને

એ વાતોમાં લિજ્જત તથા મીઠાશ મેહસૂસ થવા લાગી. તેઓ કહેવા લાગ્યા કે, બસ ! આ જ ત્રણ વાતોનું નામ ફક્ર (ફકીરી) છે. જેથી ઘણાઓએ ઘણા બધાં થીંગડાં માર્યા અને જમીન પર જમણો પગ મારવાનો વિષય બનાવી લીધો અને દરેક એ ખયાલ કરવા લાગ્યા કે અમે તરીકતની વાતો સારી રીતે સમજીએ છીએ. કેમ કે મને હઝરત શયખની વાતોથી લગાવ હતો જેથી મને તેમની વાતોનું આ રીતે વેડફાવું તથા બરબાદ થવું માન્ય ન થયું. મેં તેમને કહ્યું, આવો ! અને આપણે સૌ મળીને એ વાતો પર ચર્ચા વિચારણા કરીએ અને દરેક પોતાની સમજ તથા બુધ્ધિ પ્રમાણે તેની સ્પષ્ટતા તથા ખુલાસો કરે. જેથી જ્યારે મારી વારી આવી તો મેં કહ્યું કે, ગોદડીમાં દુરુસ્ત ફક્રના માટે થીંગડુ હશે તો તે થીંગડુ ભલે જાહેરી રીતે દુરુસ્ત ન હોય તો પણ થીંગડુ લગાડવાનો મતલબ એ છે કે ફક્રના માટે થીંગડુ મારવામાં આવે ન કે સજાવટ તથા શોભા માટે. જ્યારે ફક્રના માટે થીંગડુ લાગેલુ હશે તો તે થીંગડુ ભલે જાહેરી રીતે દુરુસ્ત ન હોય તો પણ ફક્રમાં દુરુસ્ત હશે. અને સાચી વાત સાંભળવાના આદી હોવાનો મતલબ એ છે કે તે હાલના માટે હોય ન કે પોતાના વજૂદ તથા મર્તબાના માટે, અને વજૂદના ખાતર તેમાં તસર્રુફ કરે ન કે ખેલકૂદ અને એશપસંદીના માટે. અને જમીન પર ઠીક રીતે પગો રાખવાનો મતલબ એ છે કે વજૂદના ખાતર જમીન પર પગો રાખે ન કે ખેલકૂદ તથા ગમ્મત રમતના માટે.

કેટલીક લોકોએ મારો આ ખુલાસો તથા સ્પષ્ટતા હઝરત શયખ અબુલ કાસિમ رحمۃ اللہ علیہને વર્ણવી આપી એના પર આપે ફર્માવ્યું, અલી (દાતા ગંજબખ્શ)એ સહી તથા દુરુસ્ત વાત કહી. અલ્લાહ તઆલા એને પસંદ ફર્માવે.

અસલમાં સૂફિયાએ કિરામનો ગોદડીથી મકસદ એ છે કે દુનિયવી મહોબ્બત અને મહેનતમાં કમી થાય, અલ્લાહ તઆલાથી ફક્ર તથા હાજતમાં સચ્ચાઈ તથા ઈખ્લાસ પેદા થાય. સહીહ હદીષોમાં નકલ થયેલ છે કે હઝરત ઈસા علیہ السلامની પાસે એક ગોદડી હતી જે તે પોતાની સાથે આસ્માન પર લઈ ગયા. એક બુઝુર્ગ ફર્માવે છે કે મેં તેમને ખ્વાબમાં જોયા છે કે તેમની ગોદડીના દરેક થીંગડાથી નૂર ચમકી રહ્યું છે. ફર્માવ્યું, મારા અજંપા તથા પરેશાનીના અન્વાર છે કેમ કે મેં દરેક થીંગડાને અતિશય જરૂરત તથા હાજતના વખતે સીવ્યું હતું. અલ્લાહ તઆલાએ મારા દરેક રંજ તથા દર્દના બદલામાં મને એક નૂર અતા કર્યું.

તેમજ મેં માવરાઉન્નહરમાં મલામતી ગિરોહના એક માણસને જોયો કે ઈન્સાન જે ચીજ ખાય તથા પહેરે છે તે માણસ તેમાંથી કાંઈ નથી ખાતો અને ન પહેરતો હતો. તે કેવળ તે જ ચીજો ખાતો હતો જેને લોકો ફેંકી દેતા હતા. દા.ત. ખરાબ કાકડી, કડવી દૂધી, બેકાર ગાજર વગેરે, અને તે એવી ગોદડી પહેરતો હતો જેનાં ચિથડાં રસ્તામાં પાક કરીને એકઠાં કરીને પાક કરવામાં આવતાં હતાં અને પછી તેનાથી તે ગોડદી બનાવવામાં આવતી હતી. મેં સાંભળ્યું છે કે મુરાદુલરોદમાં એક બુઝુર્ગ એવા હતા જેમની ગણના મુતાખ્ખેરીને અરબાબે મઆનીમાં હતો. જેમનો હાલ ઉમદા અને ખાસિયત નેક હતી. તેમની ગોદડી તથા જાનમાઝમાં ક્રમ વગરનાં થીંગડાં લાગેલાં હતાં, અને વીંછીઓએ એમાં બચ્ચાં આપી રાખ્યાં હતાં.

મારા પીરો મુર્શિદ رضی اللہ عنہએ એકાવન વરસો સુધી એક જ ગોદડી પહેરી રાખી હતી, તે એમાં ક્રમ વગરનાં થીંગડાં મારતા રહેતા હતા. ઈરાકવાસીઓની એક હિકાયતમાં વાંચ્યું કે બે દુરવેશ હતા જેમાં એક તો સાહિબે મુશાહેદા હતા અને બીજા સાહિબે મુજાહિદા. એ દુરવેશ જે મુશાહેદાવાળા હતા તેમણે પોતાની તમામ ઉમર એવી ફાટેલી મોદડી પહેરી જેવી

સમઅ વખતે ફાટેલી ગોદડી દુરવેશ પહેરે છે. અને જે દુરવેશ મુજાહેદાવાળા હતા તેમણે તમામ ઉમર એવી ફાટેલી ગોદડી પહેરી જેવું કે ઈસ્તિગફાર તથા બખ્શિશની હાલતમાં હોય છે. અને આ હાલમાં પોતાના લિબાસને ફાટેલો તૂટેલો કરી લેતો હતો કે જેથી તેની જાહેરી હાલત તેની બાતિની (આંત્રિક) સ્થિતિ જેમ થઈ જાય. આ કૈફિયત પોતાના હાલની હિફાઝત માટે થતી હતી.

હઝરત શયખ મુહમ્મદ બિન રહમતુલ્લાહએ વીસ વરસો સુધી અતિશય સખત તથા કડક ટાટ પહેર્યું. તે દર વરસે મક્કામાં ચાર ચિલ્લાં કરતા અને દરેક ચાલીસ દિવસમાં ઈલ્મો તથા હક઼ીક઼તોની બારીકીઓ પર એક કિતાબ લખતા હતા. તેમના જમાનામાં મુહમ્મદ બિન ઝકરિયા જે તરીક઼ત તથા હક઼ીક઼તના ઉલમામાં પોતાનું સ્થાન ધરાવે છે, તેમની હાલત એ હતી કે તે ચિત્તાના ચામડા પર બેસતા અને કદી ગોદડી સુધી પહોંચતા હતા.

હઝરત શયખ મુહમ્મદ બિન ખફીફથી લોકોએ પૂછયું કે ગોદડી પહેરવાની શર્તો શું છે ? અને તેની હિફાઝત કોના પર લાઝિમ છે ? તેમણે જવાબ આપ્યો, ગોદડી પહેરવાની શર્ત એ છે કે મુહમ્મદ બિન ઝકરિયા જેવા બુઝુર્ગે પોતાના ઉમદા લિબાસની જગાએ ગોદડી પહેરી અને એમના જેવા બુઝુર્ગ આ લિબાસની હિફાઝત કરે.

## ★ સૂફીઓના લિબાસમાં મધ્યમપણાનો મસ્લક ★

સૂફિયાએ કિરામમાં તર્કે આદતનો તરીકો તેમની શરતોમાંથી નથી. વર્તમાન સમયમાં જે અદના લિબાસ જે કમતર પહેરે છે તેનાં બે કારણો છે : એક એ કે આજકાલ ઊન ગંદી અને ખરાબ મળે છે, કેમ કે જાનવર નાપાક અને ગંદી જગાઓ પર ઉઠે બેસે છે. બીજુ એ કે અહલે બિદઅતો હવા (નફસ પરસ્તો) તથા નકલી સૂફીઓએ ઊની લિબાસને પોતાની નિશાની બનાવી લીધી છે. બિદઅતીઓની નિશાનીઓની વિરૂધ્ધ અમલ કરવો ભલે તે સુન્નત જ કેમ ન હોય દુરુસ્ત છે, પરંતુ ગોદડીને પહેરવામાં તકલ્લુફને એ કારણે જાઈઝ રાખવામાં આવ્યું છે કે તેમનો મર્તબો લોકોમાં બુલંદ તથા ઉચ્ચ છે અને દરેક શખ્સ સૂફીઓની મુશાબેહત (મળતાપણુ) અપનાવવાની કોશિશ કરે છે અને તેમના થકી શરીઅત તથા તરીક઼ત વિરૂધ્ધ હરકતો જાહેર થાય છે, એવા બિન લાયકાતવાળા લોકોની સોહબતથી તેમને રંજ થાય છે, એટલા માટે તેમણે એવા લિબાસને અપનાવ્યો છે જેમાં એમના સિવાય કોઈ આ પ્રકારનાં થીંગડાં નથી લગાડી શકતો. એવી ગોદડીને પોતાના તથા ગૈરોની વચ્ચે તફાવત કરનાર બનાવી રાખી છે.

એક દુરવેશ કોઈ બુઝુર્ગની પાસે હાજર થયો. તેણે જે થીંગડાં મારી રાખ્યાં હતાં તે કાંઈક પહોળાં હતાં. તે બુઝુર્ગે તેને પોતાની પાસેથી દૂર કરી દીધો અને તેની ગોદડી ખેંચી કાઢી. એટલા માટે કે સફાનો મતલબ તો એ છે કે અસલ તબઅ (સ્વભાવ)ને નરમ અને મિઝાજને નાઝુક બનાવવામાં આવે.

વિના શંકાએ તબઅ (મિઝાજ)ની સખતી સારી નથી, જેવી રીતે કે અયોગ્ય શેઅર તબીઅતને ભારે લાગે છે એ જ રીતે અયોગ્ય કૃત્ય તબીઅત પર ભારે લાગે છે.

એક વર્ગ એવો પણ છે જેણે લિબાસના હોવા ન હોવા પર તકલ્લુફ નથી કર્યો. જો અલ્લાહે તેમને ગોદડી આપી તો પહેરી લીધી, જો ક઼બા (જબ્બો) આપી તો પણ પહેરી લીધો, અને જો ઉઘાડા રાખ્યા તો નગ્નતામાં પણ સબ્ર તથા શુક્ર કર્યો.

(હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે) :

મેં એ જ મધ્યમપણાવાળા મસ્લકને અખત્યાર કરી રાખ્યો છે અને લિબાસને પહેરવામાં આ જ તરીક઼ાને પસંદ કરું છું.

હઝરત અહમદ બિન ખિઝરવિય્યહ رحمۃ اللہ علیہ જે સમયે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہની ઝિયારતને માટે આવ્યા તે ક઼બા પહેરેલ હતા. અને જ્યારે હઝરત શાહ શુજાઅ અબૂ હફ઼્સ મુલાકાત કરવા આવ્યા તો તે પણ ક઼બા પહેરેલ હતા. નિશ્ચિત લિબાસ તેમના શરીર પર ન હતો કેમ કે તે મોટાભાગના સમયે ગોદડી પહેર્યા કરતા હતા, અને ઘણીવાર તે ઊની પહેરણ અથવા સફ઼ેદ ખમીસ પહેરી લીધા કરતા હતા. સારાંશ કે જે લિબાસ પણ મયસ્સર થતો તેને પહેરતા હતા. કેમ કે માણસનો નફ઼્સ આદી તથા આદત પસંદ હોય છે, જેવી આદત પાડવામાં આવે તે તેનો ગુલામ થઈ જાય છે. જ્યારે નફ઼સને કોઈ આદત પડી જાય છે તે આડ બની જાય છે, એના કારણે હુઝૂર ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો : خَیْرُ الصِّیَامِ صَوْمُ اَخِی دَاؤدَ عَلَیْہِ السَّلام બેહતરીન રોઝા મારા ભાઈ હઝરત દાઊદ علیہ السلامના હતા. સહાબાએ કિરામે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ તે કેવા રોઝા રાખ્યા કરતા હતા ? આપે ફ઼ર્માવ્યું, તે એક દિવસ રોઝો રાખતા હતા અને એક દિવસ ઈફ઼તારથી (રોઝા વિના) રહ્યા કરતા હતા, જેથી નફ઼સને રોઝો રાખવા તથા ન રાખવાની આદત ન પડી જાય, અને તે આડ ન બને.

આ જ આદત હઝરત અબૂ હામિદ દોસ્તાં મરૂઝીની હતી કે તેમને જે લિબાસ પણ મુરીદો પહેરાવી દીધા કરતા હતા તે જ પહેરી લેતા હતા. પછી જ્યારે કોઈને એ કપડાની જરૂરત હોતી તો ઉતારીને આપી દીધા કરતા હતા. હઝરત અબૂ હામિદ પહેરાવવાથી કાંઈ પૂછતા ન હતા કે કેમ પહેરાવ્યાં અને કેમ ઉતાર્યાં. આપણા જમાનામાં પણ આવા બુઝુર્ગ ગઝનીમાં મૌજૂદ છે જેમનો લક઼બ મુઐયદ છે જે પોતાના લિબાસમાં પસંદગી અને નાપસંદગીને ધ્યાનમાં લેતા ન હતા. આ લેહાઝથી એ તરીક઼ત દુરુસ્ત છે. (ક્રમશઃ)


**અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરાનાં લેટેસ્ટ પ્રકાશનો**
**ગયા વરસ દરમ્યાનનાં પ્રકાશનો**

- ❑ **રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ** *(અઝ : હઝરત અલ્લામા મુફ઼્તી નિઝામુદ્દીન રઝવી–મુબારકપુર)*
- ❑ **હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ **પર એક નજર** *અઝ : હઝરત અલ્લામા મુફ઼્તી અહમદ યારખાં* رحمۃ اللہ علیہ
- ❑ **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ–૬)
- ❑ **પાંચ નબવી નસીહતો :** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી)*
- ❑ **ગુલદસ્તાએ સીરતુન્નબી** ﷺ *(અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી)*
- ❑ **૧૫૦૦ મી મીલાદુન્નબી નિમિત્તે મીલાદુન્નબી ﷺ વિશેષાંક** *(બરકાતે ખ્વાજા મંથલી લેખ સંગ્રહ)*
- ❑ **ઈઝરાઈલની હક઼ીકત ઈતિહાસના આઈનામાં** *(બરકાતે ખ્વાજા મંથલી લેખ સંગ્રહ)*

(**સર્વ કિતાબોના સંપાદક / અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**:: અમારા આગામી પ્રકાશનો ::**

- ❑ **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ–૭ તથા ૮)
- ❑ **મઆરિજુન્નબુવ્વત** (સીરતે રસૂલ ﷺ પર કિતાબ).... વગેરે

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૮)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક઼્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼્વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**(૮)** હઝરત શયખ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ઈમામ શાફઈ ફર્માવે છે કે **સહાબા તથા તાબઈનમાંથી કોઈ એક વ્યક્તિએ પણ અબૂબક્ર તથા ઉમર** رضی اللہ عنہما **ની અફઝલિયત અને તેમની અગ્રતાનો ઈન્કાર નથી કર્યો.** જો મતભેદ છે તો કેવળ અને કેવળ હઝરત અલી તથા ઉષ્માનના બારામાં છે. (તકમીલુલ ઈમામ, પેજ–૫૬) ઈમામ નવવીએ અફઝલિયતે શયખૈન પર ઈજમાઅ લખ્યો છે. (તકમીલુલ ઈમામ, પેજ–૫૬) ઝહબીના હવાલાથી ફર્માવે છે કે **શયખૈનની અફઝલિયતને સૈયદના અલી** رضی اللہ عنہ **થી એંસી માણસોએ રિવાયત કરેલ છે.** અને ફર્માવે છે, આ હદીષ સહીહ તથા મુતવાતિર છે.

*(તકમીલુલ ઈમાન, પેજ–૬૨)*

પછી લખે છે : સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہ એ ફર્માવ્યું, જેણે મને અબૂબક્ર તથા ઉમરથી અફઝલ કહ્યો તેને હું તોહમત લગાડનારના તૌર પર એંસી કોરડા મારીશ. *(તકમીલુલ ઈમામ, પેજ–૬૨)*

પછી લખે છે : હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ ના એટલા ખુત્બાઓ તથા કથનો અબૂબક્ર તથા ઉમરની પ્રશંસા તથા વખાણમાં નકલ થયેલ છે કે તેનાથી માહિતગાર થયા બાદ કોઈ બાગીની પાસે પણ દમ મારવાની ગુંજાઈશ નથી રહેતી. જો ઉલમાએ અહલે સુન્નત અબૂબક્ર તથા ઉમરની અફઝલિયત બલ્કે ક઼તઈયત (નિશ્ચિતતા, યકીની હોવા) પર આ દલીલો પર સંતોષ માની લે તો આ દલીલો આ મક઼સદના માટે પૂરતી છે. *(તકમીલુલ ઈમાન, પેજ–૬૪)*

અહલે સુન્નતની નિશાની ત્રણ ચીજો છે : શૈખૈનની અફઝલિયત, ખત્નૈનની (જમાઈઓની મહોબ્બત) અને મસહ અલલ ખફીન (ચામડાના મોજા પર મસહ) આ ત્રણ ચીજો અહલે સુન્નત વ જમાઅતની પેહચાન છે અહલે બિદઅત એને માનવાવાળા નથી. *(તકમીલુલ ઈમાન, પેજ–૭૮, અઝ : શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી* رحمۃ اللہ علیہ*)*

આપે જોઈ લીધું કે હઝરત શયખ મુહક઼્ક઼િક઼ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ શયખૈન (અબૂબક્ર, ઉમર)ની અફઝલિયત પર ઈજમાઅના ક઼ાઈલ (માનનારા) છે, તેને ક઼તઈ સમજે છે, તેના ઈન્કારને અહલે સુન્નતથી બહાર થવું સમજે છે.

ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین જ્યારે શયખૈનની વાત કરે છે તો તેમની અફઝલિયત પર ઈજમાઅ અને ક઼તઈય્યતનો ક઼ૌલ (કથન) કરે છે. પરંતું અમુક ઉલમા જ્યારે અબૂબક્ર તથા ઉમર, ઉષ્માન તથા અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ ચારેવનો ઉલ્લેખ ભેગો કરે છે તો અહીં જમહૂર (બહુમતી ઉલમા) તથા ઝનનો ક઼ૌલ કરે છે. અહીં તેમનો નિર્દેશ ઉષ્માન ગની તથા

સૈયદના અલી رضی اللہ عنہما ના વચ્ચે સરખામણી ઝન્ની હોવાની તરફ હોય છે. જેમ કે એનું જીવંત દષ્ટાંત અમે આ જ કિતાબ તકમીલુલ ઈમાનના હવાલાથી આપીએ છીએ. જેથી દરેક લેહાઝથી દલીલ પૂર્ણ થઈ જાય અને હઝરત શયખની જ ઝબાની મસ્અલો સ્પષ્ટ થઈ જાય. હઝરત શયખ قدس سرہ لખે છે : જાણી લો કે જમહૂર (બહુમતી) અહલે સુન્નત વ જમાઅત આ જ ક્રમસર છે જે અમે વર્ણન કરી આપી, પણ ઈમામ માલિક વગેરેથી હઝરત ઉષ્માન તથા હઝરત અલી દરમિયાન તવક્કુફ અને મૌન નકલ થયેલ છે. *(તકમીલુલ ઈમાન, પેજ–૫૯)*

આ છે શબ્દ જમહૂર બોલવાનું અસલ કારણ અને એના બારામાં દલીલો કેટલીક હદ સુધી ટકરાવવાળી (મોતઆરિઝ) છે ન કે શયખૈનની અફઝલિયત પર કે જે ઈજમાઈ તથા કૃતઈ (યકીની) છે. શરહે ફિકહે અકબરમાં મુલ્લા અલી કારી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ એ જબરદસ્ત સ્પષ્ટતા કરી છે કે : (અર્થ) **અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ની અફઝલિયત પર સર્વ અહલે સુન્નતમાં એકમતિ છે, અને ઉષ્માન તથા અલી رضی اللہ عنہما ની અફઝલિયતનો આ ક્રમ બહુમતી અહલે સુન્નત માને છે.** *(શરહે ફિકહે અકબર, પેજ–૬૩)*

**(૯)** હઝરત મુલ્લા અલી કારી મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : સિદીકે અકબર رضی اللہ عنہ અવ્વલીન તથા આખરીન તમામ અવલિયાથી અફઝલ છે અને એના પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે, અહીં રાફઝીઓના વિરોધની કોઈ ઓકાત નથી. આપ رضی اللہ عنہ ને નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ખુદ નમાઝમાં પોતાના ખલીફા નિયુક્ત કર્યા જેનાથી સંપૂર્ણ હક્ક તથા સિદ્કની સાથે આપની ખિલાફત સબૂતના પાયા સુધી પહોંચી ગઈ. *(શરહે ફિકહે અકબર, પેજ–૬૧)*

મુલ્લા અલી કારી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ ની ઈબારત (લખાણ) કેટલાય કારણે તફઝીલીઓ માટે જીવલેણ છે. અફઝલિયતે સિદીકે અકબર رضی اللہ عنہ પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે, અફઝલિયતનો સંબંધ વિલાયતથી છે કે ન કે સિયાસત (રાજનીતિ)થી છે. اَفْضَلُ الْاَوْلِیَاءِ مِنَ الْاَوَّلِیْنَ وَالْاٰخِرِیْنَ ના શબ્દો જે રાફઝિયતના કિલ્લામાં ભૂકંપ મચાવી રહ્યા છે. વિલાયતમાં અફઝલિયતનો ઈન્કાર કરનારાઓને રાફઝી કહેવા, નમાઝમાં ઈસ્તેખ્લાફને (નાયબ બનાવવું) ઈસ્તેહકાક (અધિકારી હોવા)ની દલીલ બનાવવી, ખલીફાની સાથે حقا وصدقا ના શબ્દો વાપરવા જે રાજનીતિ તથા વિલાયતના ચિથરાં ઉડાડી રહેલ છે. આ સર્વ ખૂબીઓ આ વર્ણનમાં એકી સમયે મૌજૂદ છે. جَزَاهُ اللّٰهَ أَحْسَنَ الْجَزَاءِ۔

**(૧૦)** હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એ ખલીફાની પસંદગીના સમયે સિદીકે અકબર رضی اللہ عنہ ના હક્કમાં

خَیْرُ الْاُمَّۃِ ، اَفْضَلُ النَّاسِ، اَحَقُّ بِالْخِلَافَۃِ અને اَحَقُّ بِھٰذَا الْاَمْرِ

શબ્દો વાપર્યા અને આપને ફકીહ સહાબીઓએ ઉમ્મતમાં અફઝલ ઠરાવ્યા અને એ જ અફઝલિયતના આધારે એમને ખિલાફતના હક્કદાર ઠરાવ્યા. બાકી સર્વ સહાબીઓએ એના પર મૌન અપનાવ્યું અને તેને સ્વીકારી લીધું. અને આ રીતે **અફઝલિયતે સિદીકે અકબર પર સહાબાનો ઈજમાઅ નિશ્ચિત થઈ ગયો.** આ સર્વ ચર્ચા હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ એ પોતાની કિતાબ ઈઝાલતુલ ખફા, ૧/૩૧૧માં લખી છે.

આગળ ફર્માવે છે કે ઈસ્લામી મિલ્લતમાં અફઝલિયતે શયખૈનનો મસ્અલો કૃતઈ છે. અને ફર્માવે છે કે સર્વ હદીષોનો અભ્યાસ કર્યા બાદ હું એ

નિર્ણય પર પહોંચ્યો છું કે શયખૈનની અફઝલિયતનો દારોમદાર ચાર ખૂબીઓ પર છે : **પ્રથમ** ઉમ્મતમાં સિદીક઼ તથા શહીદ જેવા બુલંદતરીન (અતિ ઉચ્ચ) મર્તબા પર બિરાજમાન થવું. **બીજુ** નબી કરીમ ﷺની મદદ કરવું, ઈસ્લામ ફેલાવવો અને ગરીબીના દિવસોમાં اَمَنُّ النَّاسِ عَلَيَّ أَبُو بَكْرٍ ના મિસ્દાક઼ (પાત્ર) ઠરવું અને ઈસ્લામની ઈજ્જત જે ઉમરનું ખાસ પણુ છે. **ત્રીજુ** એ બે હસ્તીઓના હાથથી એ કામોનું સંપૂર્ણ થવું જે નબુવ્વતનો હેતુ તથા મક઼સૂદ હોય છે, અને આપ ﷺનું એ બે હસ્તીઓના બારામાં વિવિધ ખ્વાબ જોવું. **ચોથુ** આખેરતમાં એ હસ્તીઓના દરજાઓની બુલંદી અને તેમનું જન્નતી વૃધ્ધોના સરદાર હોવુ, ઉચ્ચ મહલ્લાતમાં રોકાવું, સૌથી પ્રથમ ઉડવું, સિદીક઼ના માટે ખાસ તજલ્લી, ઉમરના માટે મુઆનિક઼ાએ હક્ક઼. *(ઈઝાલતુલ ખફા, ૧/૩૦૨)*

**(૧૧)** આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા ખાન બરેલ્વી قدس سرہ ફર્માવે છે : જાણ્યું જેણે જાણ્યું અને ભલાઈ પામી જો માન્યું. અને જેણે ન જાણ્યું તે હવે જાણી લે કે હઝરત સૈયદુલ મોમિનીન, ઈમામુલ મુત્તક઼ીન અબ્દુલ્લાહ ઈબ્ને ઉષ્માન અબૂબક્ર સિદીકે઼ અકબર તથા જનાબ અમીરુલ મો'મિનીન ઈમામુલ આદિલીન અબૂ હફસ ઉમર ઈબ્ને ખત્તાબ ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہما નું જનાબ મૌલુલ મોમિનીન, ઈમામુલ વાસિલીન અબુલ હસન અલી ઈબ્ને અબી તાલિબ મુર્તઝા, અસદુલ્લાહ کرم اللہ وجہہ الکریم બલ્કે તમામ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ થી અફઝલ તથા બેહતરીન ઉમ્મત હોવું ઈજમાઈ અક઼ીદો છે. *(મત્લઉલ ક઼મરૈન, પેજ–૬૭)*

**(૧૨)** આ જ ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી લખે છે : **"એમાં રદ છે આજકાલના તફઝીલીઓની જેઓ સુન્ની હોવાનો જૂઠો દાવો કરે છે અને આક્ષેપ કરે છે, એ લોકોએ ફઝીલતના ક્રમમાં એ તાવીલ ચલાવી છે કે, "અફઝલિયતથી દુનિયવી ખિલાફત મુરાદ છે અને દેશની રાજનીતિમાં નિષ્ણાત હોવું, લશ્કર તૈયાર કરવું અને આ રીતના મામલા મુરાદ છે જેની હુકૂમત ચલાવવામાં જરૂરત પડે છે." તફઝીલીઓનું આ કથન બાતિલ (ખોટુ) છે, ખબીષ (ગંદુ) છે, સહાબા તથા તાબઈન** رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ**ના ઈજમાઅથી તદ્દન વિપરિત છે, બલ્કે અફઝલિયતથી મુરાદ સવાબની અધિકતા, રબ્બુલ અરબાબનો કુર્બ અને અલ્લાહ તઆલાને ત્યાં કરામત છે.** *(અલ્મુસ્તનદુલ મોઅ્તમદ, પેજ–૧૯૭, ૧૯૮)*

ઉમ્મતના ઈજમાઅના હવાલાથી અમે કેવળ ૧૧ લખાણો પેશ કરવા પર સંતોષ માન્યો છે, નહીં તો હજી અધિક લખાણો મૌજૂદ છે.

ખિલાફત મળતા પહેલાં જ શયખૈનનું પૂરી ઉમ્મતથી અફઝલ હોવું સ્પષ્ટ હદીષોની રોશનીમાં આપ વાંચી ચૂક્યા છો. એ જ ફઝીલતના આધાર પર એ હસ્તીઓને ખિલાફત પણ અતા થઈ. જેમ કે સહીહ બુખારીમાં છે કે સૈયદના ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہએ સિદીકે઼ અકબર رضی اللہ عنہ ને سَيِّدُنَا وَخَيْرُنَا وَ أَحَبُّنَا إِلَىٰ رَسُولِ اللهِ ﷺ કહીને ખિલાફતના હક્ક઼દાર સાબિત કર્યા. (બુખારી, હદીષ–૩૬૬૮) ખુદ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે અલ્લાહે અબૂબક્ર رضی اللہ عنہને અમારાથી બેહતર જાણ્યા અને તેમને અમારા પર વિલાયત આપી દીધી. (મુસ્તદરક, હદીષ–૪૭૫૬) ગુન્યતુત્તલિબીનના શબ્દો કે સમકાલિનો પર તેમને ફઝીલત હાંસલ હતી. (પેજ–૧૮૨) ઈમામ શાફઈનું ફર્માવવું કે રસૂલુલ્લાહ ﷺના બાદ લોકો સખત પરેશાનીમાં હતા અને આસ્માનની છતની નીચે

અબૂબક્રથી બેહતર શખ્સ તેમને મયસ્સર ન થયો તો પોતાની ગરદનો તેમના હવાલે કરી આપી. (તારીખે ખુલફા, પેજ–૫૪) સવાઈકે મુહર્રિકાના શબ્દો કે અફઝલિયતના એ જ ક્રમનો લેહાઝ રાખીને તેમને ખિલાફતના હક્કદાર પણ ઠરાવવામાં આવ્યા. (પેજ–૫૯) મિર્કાતના શબ્દો કે فَإِذَا ثَبَتَ هَذَا فَقَدْ ثَبَتَ اِسْتِحْقَاقُ الخلافة (૧૧/૩૩૪) ઈઝાલતુલ ખફાના શબ્દો કે بان استدلال کردند بر استخلاف او (૧/૩૧૧) મત્લઉલ કમરૈનમાં ફાઝિલે બરેલ્વીના શબ્દો કે, સિદ્દીકની ખિલાફત અફઝલિયતના આધાર પર હતી, (પેજ–૭૬) ફતાવા મહરિયાના શબ્દો કે નબીના નાયબપણાનો મુસ્તહિક તે જ શખ્સ થઈ શકે છે જેનો જોહરે નફસ અંબિયાના નફસના જોહરની નિકટ હોય. (પેજ–૧૪૫) બહારે શરીઅતના શબ્દો કે એમની ખિલાફત અફઝલિયતના ક્રમાનુસાર હતી. (૧/૩૮)

આ સર્વ લખાણો ધ્યાનપૂર્વક વાંચી લો. મુહક્કિકોએ અત્યંત કક્ષા સુધી સ્પષ્ટતા કરી આપી છે કે શયખૈન ન કેવળ અફઝલ છે, બલ્કે તેમના ખિલાફતમાં અગ્રસ્થાને હોવાનું કારણ પણ અફઝલિયત છે.

તેમજ એ કહેવું કે, કોઈ ફરક નથી એ ચારેવમાં. અથવા એવું કહેવું કે આપણે કોણ હોઈએ છીએ તેમનો મર્તબો નિશ્ચિત કરવાવાળા.... આવી વાતો કેવળ શાયરી તો કહી શકાય છે પણ તેમનો તેહકીક અને ઈસ્લામી અકીદા સાથે કોઈ સંબંધ નથી. એ હસ્તીઓના મર્તબા ખુદ આપણે નિશ્ચિત નથી કર્યા બલ્કે કુર્આન, હદીષ અને ઈજમાઅથી નક્કી થયા છે. –*(ક્રમશઃ)*

પેજ 46 નું ચાલુ..

દિલ્હી બોમ્બેના પહેલી મોહર્રમ હિ.સ. ૧૪૦૯ અને ઈ.સ. મુજબ ૧૫–૮–૧૯૮૮ના ક્રમાંક નં. ૨૨૯ માં પ્રકાશિત કરેલ છે તે વાંચો. "હરમે મદીનામાં એક પાકિસ્તાની કુર્આન અઝીમની તિલાવત કરી રહ્યો હતો એ દરમ્યાન એક સઊદી કુર્આને અઝીમને પોતાના પગોથી કચડતો પસાર થયો. તે આશિકે રસૂલે સઊદીને ચહેરા પર એક તમાચો ચોડી દીધો. અંતે કાઝી પાસે કેસ પહોંચ્યો અને ત્યાંના કાઝીએ આમ કહીને તે પાકિસ્તાનીને જેલખાનામાં નાખી દીધો કે કુર્આન કોઈ મઅબૂદ નથી ફક્ત એક કાયદાની ચોપડી જ છે ! પગ મૂકી દીધો તો શું થઈ ગયું ?!

તદ્ઉપરાંત મકબુઝા કાશ્મીરના એક કારી સાહબ જેઓ જિદ્દાની મસ્જિદમાં ઈમામત કરતા હતા તેમણે આમ મજમા (જાહેર સભા)માં કહ્યું કે મને ફક્ત એ કારણે ઈમામતથી બરતરફ કરી દેવામાં આવ્યો કે જુમ્આ બાદ હું દુરૂદ પઢતો હતો અને (નજદીઓએ) એ કહ્યું કે દુરૂદો સલામ ઝિનાકારી (વ્યભિચાર)થી બદતર છે.

હવે તે બેઅદબીઓનો અંદાઝ અને હુકમ તથા સજા શું હોવી જોઈએ ખુદ વિચારી લો, કારણ કે દરેક મુસલમાનને એટલી સમજ તો ચોક્કસ છે કે ઈસ્લામમાં દુરૂદો સલામ પઢવાની કેવી કેવી તાકીદ તથા આર્કષતી વાતો કુર્આન તથા હદીષમાં આવી છે જેને વહાબી ઝિનાકારીથી બદતર બતાવે છે. એટલે આના પરથી તમો અંદાઝો લગાવી લેશો કે હરમૈન તય્યેબૈનના આલિમો અને દુનિયાભરના તમામ ઉલમાએ કિરામ તથા મુફતીયાને કિરામે જે વહાબીઓ પર કુફ્રનો ફત્વો આપ્યો હતો તે આમ જ કાંઈ આંખો મીચીને નથી આપ્યો. *(સંપૂર્ણ)*

# એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ

કાર્યાલય ✦ ✦ ✦ ✦ **હપ્તો છેલ્લો**

*પ્રસ્તૂત લેખમાં થોડાક વરસો પહેલાં અમેરીકાથી એક પત્ર કોઈક સાહબનો **હઝરત મૌલાના મુહમ્મદ અબુલકલામ રઝવી** (ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ) જેઓ હાલ યુ.કે. લેસ્ટરમાં રહે છે. જ્યારે આપ દયાદરા હતા ત્યારે એ પત્ર તેમને પહોંચેલો તેનો એવો ઈમાન અફરોઝ જવાબ આપે આપેલો જેમાં હિદાયતનું નૂર સમાયેલું છે જેને ત્યારે અમોએ કિતાબ **"એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ"** રૂપે પ્રસિધ્ધ કરેલ. એક વાંચક મિત્રની વિનંતિને તથા ઈમાન અફરોઝ માહિતીને લક્ષમાં રાખીને અત્રે ફરીથી પ્રસિધ્ધ કરીએ છીએ કે જેનાથી બરકાતે ખ્વાજા મંથલીના વાંચકો ફયઝ પામી શકે. –તંત્રી...*

તદ્ઉપરાંત આપનું (પત્ર લખનારનું) એ કહેવું કે હુઝૂર علیہ السلام અને સહાબાએ કિરામ વગેરેએ કદી કોઈનાથી ન બહસ તથા મુબાહેશા કે મુનાઝરો કર્યો છે ન તો કોઈને કાફિર કહ્યો છે ! આ પણ તદ્દન ઈસ્લામ વિરૂધ્ધ વાત છે.

"ઉપરની હદીષથી સાબિત થયું કે કોઈ પણ મુન્કિરાતને રોકવાના બે તરીકા છે. શક્તિ હોય તો જેહાદ, નહીં તો મુનાઝરો." જો કોઈ કાફિરને કાફિર, હકને હક, બાતિલને બાતિલ કહેવું ઈસ્લામી તાલીમના વિરૂધ્ધ હોત તો પછી સહાબાએ કિરામ અને ખુદ હુઝૂર ﷺને તલ્વાર પકડવાની અને જેહાદ કરવાની જરૂરત ઉપસ્થિત ન થાત. જો કે ઈતિહાસ બતાવે છે કે સહાબાના સમયમાં અને ખુદ હુઝૂરની હયાતે મુબારકામાં કોઈ એવો સમય નથી પસાર થયો કે જંગોમાં મશગૂલ ન થયા હોય અને આ લડાઈઓ કોઈ પ્રદેશ માટેની લડાઈઓ ન હતી પરંતુ કાફિર તથા તેઓના મઅબૂદોને બુરા કહેવાના પરિણામે જ થઈ હતી. રસૂલે જાતે જેહાદ કર્યો, કાફિરને કાફિર, બુરાને બુરો કહ્યો અને પોતાની ઉમ્મતને એ જ શિક્ષણ આપ્યું. આના અનુંસંધાનમાં હદીષ વાંચશો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી જે વ્યક્તિ પણ શરીઅતની વિરૂધ્ધ વાતને જુએ તેના માટે જરૂરી છે કે એને પોતાના હાથથી રોકે (એટલે કે જેહાદના દ્વારા), આ આ'લા દરજા (ઉચ્ચ કક્ષા)નું ઈમાન છે. અને હાથથી રોકવાની શક્તિ ન હોય તો ઝબાનથી (એટલે કે મુનાઝરો કરીને અથવા કલમની ઝબાન (કિતાબ)ના દ્વારા રોકે, આ મધ્યમ કક્ષાનું ઈમાન છે. અને ઝબાનથી પણ રોકવાની શક્તિ ન હોય તો દિલમાં તેને બુરુ જાણે (એટલે કે દિલથી નફરત કરે) અને આ ઈમાનની સૌથી નીચલી કક્ષા છે. (પછી અંતમાં હુઝૂર એવો ઈર્શાદ ફર્માવે અને **દિલથી પણ બુરુ ન સમજતો હોય તો એવી વ્યક્તિના દિલમાં રાઈના દાણાની બરાબર પણ ઈમાન નથી.** આ હદીષથી સ્પષ્ટ થઈ ગયું કે શરીઅતની વિરૂધ્ધ કામ જુઓ તો રસૂલના ઓર્ડર પ્રમાણે રોકવું આવશ્યક છે, જેહાદની શક્તિ હોય તો જેહાદ દ્વારા, ઝબાન તથા કલમની શક્તિ હોય તો મુનાઝરો તથા રદ લખવાના દ્વારા અને જો તે પણ શક્તિ ન હોય તો દિલથી નફરત કરે. જો આવું નહીં કરે તો તેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન બાકી રહેશે નહીં, અને જેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન હશે, તેના માટે હુઝૂરે વાયદો ફર્માવ્યો છે કે હું તેની શફાઅત કરીશ. તો જેના દિલમાં રાઈના બરાબર પણ ઈમાન નહીં

હોય તો સ્પષ્ટ છે કે રસૂલે ખુદાની શફાઅતથી પણ વંચિત રહેશે. ગુનેહગારોના માટે આ એક જ સહારો હતો તે પણ જતો રહ્યો ! અફસોસ ! આજે લોકોની વિચારસરણી કેવી બદલાઈ ગઈ છે કે લોકો ઈત્તેહાદો ઈત્તેફાક (એકતા)નો બોધ શિખવાડે છે કે કોઈને બુરુ ભલુ ન કહો, પણ જ્યારે એ જ બોધ આપવાવાળાની પત્નીને કોઈ હાથ લગાડે અથવા આબરૂ લૂટે છે તો તે વખતે બધો બોધપાઠ ભૂલી જાય છે અને દુશ્મનની જાન ખતરામાં મૂકાઈ જાય છે. અને જ્યારે રસૂલની ગુસ્તાખી તથા બેઅદબી કોઈ કરે ત્યારે ઉમ્મતીને કોઈ અધિકાર નથી રહેતો કે તેને ભલુ બુરૂ અથવા કાફિર કહે ?! આ કઈ જાતનો ધર્મ, કઈ જાતનું ઈમાન !? આવી અકલમંદી તથા સમજ પર ખુદાની લા'નત !

ઉપરોક્ત હદીષથી સાબિત થયું કે કોઈપણ મુન્કિરાત (મનાઈ કરેલ બાબતો થતી હોય તેને) રોકવા માટેની બે પધ્ધતિઓ છે, શક્તિ હોય તો જેહાદ નહીં તો મુનાઝરો. આનાથી માલૂમ પડયું કે જેહાદ બે પ્રકારથી થાય છે : એક સૈફી જેહાદ (જે તલવાર વગેરેથી કરવામાં આવે છે) બીજું ઝબાની અથવા કલમી જેહાદ. આ ઝબાની જેહાદનું બીજું નામ છે મુનાઝરો. હુઝૂર ﷺ અને સહાબાએ કિરામને જેહાદના આ'લા દરજા (ઉચ્ચ કક્ષા) પર વધુ પડતો અમલ રહ્યો અને ક્યારેક ક્યારેક ઝબાની મુનાઝરો પણ કરતા રહ્યા. અને ઝબાની મુનાઝરો તો નબીઓની સુન્નતે કદીમા (પૂરાણી) છે. તે પણ એ અંદાઝ (પધ્ધતિ)થી જેનો ઉલ્લેખ ખુદાએ કુર્આનમાં કર્યો છે. જેમ કે સૌથી પ્રથમ મુનાઝરો હઝરત આદમ علیہ السلام અને ફરિશ્તાઓ વચ્ચે થયો હતો. જેનું વર્ણન કુર્આનમાં મૌજૂદ છે. બીજો મુનાઝરો નમરૂદ કાફિર બાદશાહ અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامની વચ્ચે થયો હતો. એનો ઉલ્લેખ પણ કુર્આનમાં મૌજૂદ છે. ત્રીજો ફિરઔન અને હઝરત મૂસા علیہ السلام વચ્ચે થયો.

ચોથાનું વર્ણન આ પ્રમાણે છે : નજરાનના ઈસાઈ હુઝૂર علیہ السلامથી મુનાઝરો કરવા માટે મદીના આવ્યા. તો આપે આપની નબુવ્વત વિશેની દલીલોથી તેઓ પર સૂર્યની જેમ હકને જાહેર કરી દીધું. તેમ છતાં પણ તે લોકો પોતાની દુશ્મનાવટ ભરી ચાલથી બરાબર ઝઘડતા રહ્યા તો હક ﷻ "મુબાહિલા"ની આયત નાઝિલ ફર્માવી :

فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ اَبْنَآءَكُمْ وَ نِسَآءَنَا وَ نِسَآءَكُمْ وَ اَنْفُسَنَا وَ اَنْفُسَكُمْ ۗ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ۝٦١

અર્થ : "જે તમારાથી હઝરત ઈસા علیہ السلامના બારામાં ઝઘડો કરે જ્યારે કે તમારી પાસે તેનો ઈલ્મ આવી ચૂક્યો છે. તો હે મહબૂબ તેઓને ફર્માવી દો કે આવો અમે બોલાવીએ અમારા બાળકોને અને તમારા બાળકોને અને અમારી ઔરતોને અને તમારી ઔરતોને અને અમારી જાનોને અને તમારી જાનોને. પછી અમે કાકલુદી અને આજીજી સાથે દુઆ માગીએ અને જૂઠાઓ પર અલ્લાહની લઅ્નત નાખીએ.

*(સૂ. આલે ઈમરાન, ૩/૬૧)*

હઝરાત ! જ્યારે આ આયત નાઝિલ થઈ તો રસૂલે અકરમ ﷺએ નજરાનના નસારાઓને મેદાનમાં નીકળીને મુબાહિલા કરવાની દાવત આપી. જેથી જ્યારે નસરાનીઓનો ગિરોહ બારગાહે નબુવ્વતમાં હાજર થયો તો એ જોયું કે હુઝૂર ﷺની ગોદમાં ઈમામ હુસયન છે અને દસ્તે અકદસમાં ઈમામ હસનનો હાથ છે. અને હઝરત અલી અને હઝરત ફાતિમહ હુઝૂરની પાછળ છે અને હુઝૂર તે બધાંથી ફર્માવી રહ્યા છે કે જ્યારે હું દુઆ કરું તો તમે સૌ "આમીન" કહેશો. નજરાનના સૌથી મોટા પાદરી અબ્દુલ મસીહએ જ્યારે આ હઝરાતોને જોયાં તો કહેવા લાગ્યો કે, હે નસારાની જમાઅત ! હું એવા

ચહેરાઓ જોઈ રહ્યો છું કે જો આ લોકો અલ્લાહ તઆલાથી કોઈ પહાડને હટાવી દેવાની દુઆ કરે તો અલ્લાહ તઆલા તેઓની દુઆથી પહાડને હટાવી દેશે. એટલે તેઓથી કોઈ હિસાબે મુબાહિલો ન કરો, નહીં તો તમે બધા હલાક થઈ જશો અને જમીનના પટ પર કોઈ નસરાની બાકી રહેશે નહીં. જેથી નજરાનના નસરાનીઓએ જિઝયહ દેવાનું માન્ય રાખ્યું પણ મુબાહિલા માટે તૈયાર ન થયા. ત્યાર બાદ હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે કસમ છે તે જાતની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે કે નજરાનવાળાઓ પર અઝાબ ખૂબ નજીક આવી ચૂક્યો હતો, જો તે લોકો મારાથી મુબાહિલો કરત તો વાનરો અને સુવ્વરોની શિકલમાં મસ્ખ કરી દેવામાં આવત અને કહરે ઈલાહીની આગથી જંગલો સળગી જાત અને ત્યાંનાં પશુ પક્ષીઓ સુધ્ધાં નેસ્તોનાબૂદ થઈ જાત અને એક વરસ દરમ્યાનમાં તમામ પૃથ્વીના પટ પર નસારા હલાક તથા બરબાદ થઈ જાત.

સહાબીઓના સમયમાં પણ મુનાઝેરો થયો. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના ખિલાફત કાળ માં શાહ હિરિકલનો સાથી ખૂબ જ મોટો પાદરી હતો જેનું નામ સકીલા હતું. તેના અને સહાબીએ રસૂલ હઝરત રબીયહ ઈબ્ને આમિરની વચ્ચે થયો હતો. પછી શાહ હિરિકલના દરબારમાં કેદીની હાલતમાં ઈસાઈ પાદરીઓથી સહાબીએ રસૂલ હઝરત રિફાઆ ઈબ્ને ઝહીર સાથે મુનાઝેરો થયો. હઝરત ઉમર رضی اللہ عنہના ખિલાફતકાળમાં (ફુતહુશ્શામ), તે જ પ્રમાણે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ મિસરના શાહના દરબારમાં મુનાઝરો કર્યો. હઝરત અલી رضی اللہ عنہના ખિલાફતકાળમાં તેમની જ પરવાનગીથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે ખારજીઓથી મુનાઝરો કર્યો, જે લોકોએ હઝરત અલી رضی اللہ عنہના વિરૂધ્ધ અલગ જમાઅત સ્થાપી દીધી હતી. અને હઝરત અલીને કાફિર કહેતા હતા. મુનાઝરાની ટૂંક વિગત એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસે ખારજીઓથી પ્રશ્ન કર્યો કે તમોને અમીરુલ મો'મિનીનની કઈ વાત પસંદ ન આવી ? ખારજીઓએ જવાબ આપ્યો કે જંગે સિફફીનના પ્રસંગે અબૂ મૂસા અશ્અરીને હઝરત અલીએ પોતાના હકમ (પ્રતિનિધિ) બનાવ્યા, અને તે શિર્ક છે, કારણ કે અલ્લાહ તઆલા ફર્માવે છે, اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ "હકમ નથી પણ, અલ્લાહના સિવાય કોઈ." (સૂ. યૂસુફ, આ. ૬૭) એના જવાબમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ જણાવ્યું, આ જ કુર્આનમાં આ આયત પણ છે કે,

وَ اِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَ حَكَمًا مِّنْ اَهْلِهَا ۚ اِنْ يُّرِيْدَاۤ اِصْلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيْنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا خَبِيْرًا ۝

"પતિ પત્નીમાં ઝઘડો થાય તો એક આના તરફથી હકમ મોકલો અને એક હકમ પેલાના તરફથી અને તેઓ બેઉ સમાધાન ઈચ્છશે તો અલ્લાહ તેઓમાં મેળ કરી દેશે." (સૂ. નિસાઅ, આ.૩૫) આ મુનાઝરાના અંતે પાંચ હજાર ખારજીઓએ તૌબા કરી (મલ્ફૂઝ).

મુનાઝરાનો આ જ ફાયદો થતો હોય છે. એટલા માટે ગુમરાહ ફિર્કાવાળા મુનાઝરાના મેદાનમાં આવવાની જેમ તેમ જલ્દી હિમ્મત નથી કરતા, કેમ કે અહીં તેમની સઘળી પોલ ખુલી જાય છે અને સામાન્ય પ્રજા પણ તેમની દગાબાજી અને છેતરપીંડીથી માહિતગાર થઈ જાય છે. અને આ મુનાઝરો એકલા સહાબાએ કિરામે જ નથી કર્યો પરંતુ મોટા મોટા ઈમામોએ પણ. "તફસીરે કબીર" માં છે કે હઝરત ઈમામે આ'ઝમ અને ઈમામ માલિકે અને ઈમામ શાફઈએ દહરિયહથી મુનાઝરો કર્યો. જો એ બધાનું વર્ણન લખવામાં આવે તો ખૂબ લાંબુ લખાણ થઈ જશે એટલા માટે તેની વિગતો વર્ણન કરી નથી.

એટલું જ નહીં પરંતું તમારા (પત્ર લખનારના) પસંદ કરેલ બુઝુર્ગ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانْએ પણ શીઆઓની રદમાં એક સળંગ કિતાબ લખી છે જેનું નામ ''તાઈદે એહલે સુન્નત યા રિસાલએ રદ્દે શીઆ'' છે.

હવે રસૂલે કોઈને કાફિર નથી કહ્યો, એના વિશે પણ સાંભળી લો. તે રસૂલ જે રહમતુલ્લિલ આલમીન છે, આખી દુનિયા માટે રહમત બની તશરીફ લાવ્યા. તે જ રહમતવાળા મહબૂબને રહમાન તથા રહીમ મૌલા તઆલા કાફિરો તથા મુસ્લિમ નામધારી અધર્મીઓના બારામાં હુકમ આપી રહ્યા છે : جَاهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ ''કાફિરો મુનાફિકોથી જેહાદ કરો અને તેઓની સાથે કડક રીતે વર્તો.'' (સૂ. તૌબા, આ. ૭૩) રબ્બુલ આલમીને ફક્ત ઉઘાડા કાફિરને કાફિર કહીને સંબોધન નથી કર્યું પરંતું તકવા, પાકીઝગી, રિયાઝત તથા ઈબાદત, ઈલ્મ તથા ફઝીલતવાળા મુવહહિદ (એક જ ખુદામાં માનનાર)ને પણ નથી માફ કર્યા. અને લાખો વર્ષની ઈબાદત તથા રિયાઝતની પરવા કર્યા વગર જ ફક્ત એટલી વાત પર કે રસૂલે ખુદાની તા'ઝીમ ન કરી હતી તો કુફ્રનો ફત્વો આપી દીધો, અને આ કુફ્રનો ફત્વો સૌથી પ્રથમ ખુદા તઆલાએ શયતાન મલઊનને આપ્યો હતો, (જુઓ સૂરએ બકર). એટલા માટે કાફિરને કુફ્રનો ફત્વો આપવો (ચાહે તે ઉઘાડો કાફિર હોય ચાહે મુસ્લિમનુમા કાફિર) સુન્નતે ઈલાહિયા ગણાશે.

લોકો કહે છે રસૂલે કોઈને કાફિર નથી કહ્યો ! સુબ્હાનલ્લાહ ! ઉઘાડા કાફિરને તો જવા દો ત્યાં સુધી કે જે લોકો કલમો પઢવાનો દાવો કરતા હતા, રસૂલની પાછળ નમાઝ પઢતા હતા, રસૂલની સાથે હજ તથા જેહાદ કરતા હતા અને તેઓ છુપી રીતે (અંદરથી) કાફિર હતા તો તેઓને પણ નથી છોડયા અને રહમતવાળા મહબૂબની ઝબાની ખુદાએ પોતાની આયતે કરીમાનું આ પ્રમાણે એલાન કરાવ્યું :

يَحْلِفُوْنَ بِاللّٰهِ مَا قَالُوْا ؕ وَ لَقَدْ قَالُوْا كَلِمَةَ الْكُفْرِ وَ كَفَرُوْا بَعْدَ اِسْلَامِهِمْ

''ખુદાના સોગંદ ખાય છે કે તેમણે નબીની શાનમાં ગુસ્તાખી (બેઅદબી) નથી કરી અને અલબત્ત ! નિશંક ! તેઓ કુફ્રની વાણી બોલ્યા અને મુસલમાન થઈને કાફિર બની ગયા.'' (સૂ. તૌબા, આ. ૭૪) ઈબ્ને જરીર તથા તિબ્રાનીએ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہમાંથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એક ઝાડના છાંયડામાં બિરાજમાન હતા. આપે ઈર્શાદ ફર્માવ્યો, થોડાક સમયમાં એક વ્યક્તિ આવશે જે તમને શયતાનની આંખોથી જોશે. તે આવે તો તેનાથી વાત કરશો નહીં. થોડીવાર પણ ન થઈ હતી એક માંજરી આંખોવાળો સામેથી પસાર થયો. હુઝૂર ﷺએ તેને બોલાવીને ફર્માવ્યું, તું અને તારા મિત્રો કઈ વાત પર મારી શાનમાં ગુસ્તાખીના શબ્દો બોલો છો ? તે ગયો અને પોતાના મિત્રોને બોલાવી લાવ્યો. બધાએ આવીને સોગંદો ખાધી કે અમે કોઈ કથન હુઝૂરની શાનમાં બેઅદબીનું નથી કહ્યું. એના પર અલ્લાહે આયત ઉતારી કે, ''ખુદાની કસમ ખાય છે કે તેઓએ ગુસ્તાખી નથી કરી અને નિશંક ચોક્કસ તેઓ તે કુફ્રના શબ્દો બોલ્યા અને તમારી શાનમાં બેઅદબી કરીને ઈસ્લામ પછી કાફિર થઈ ગયા.'' જુઓ ! અલ્લાહ સાક્ષી આપે છે કે **નબીની શાનમાં બેઅદબીના શબ્દો કુફ્ર છે અને તેનો કહેવાવાળો ભલે લાખ મુસલમાનીનો દાવો કરે પણ કાફિર થઈ જશે.**

બીજી આયત :–

يَحْذَرُ الْمُنٰفِقُوْنَ اَنْ تُنَزَّلَ عَلَيْهِمْ سُوْرَةٌ تُنَبِّئُهُمْ بِمَا فِيْ قُلُوْبِهِمْ ؕ قُلِ اسْتَهْزِءُوْا ۚ اِنَّ اللّٰهَ مُخْرِجٌ مَّا تَحْذَرُوْنَ ﴿۶۴﴾ لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ ؕ

એટલે કે "અને જો તમે તેઓને પૂછો તો નિશંક ! જરૂર કહેશે કે અમે આમ જ હસી ખેલમાં હતા. તમે ફર્માવી દો, શું અલ્લાહ અને એની આયતો અને એના રસૂલ સાથે ઠઠ્ઠા (મશ્કરી) કરો છો ? બહાનાં ન બનાવો, તમે કાફિર થઈ ગયા તમારા ઈમાન લાવ્યા પછી." (સૂ. તૌબા, આ. ૬૫) ઈબ્ને અબી શયબા, ઈબ્ને જરીર વગેરેએ ઈમામ મુજાહિદથી રિવાયત કરી છે કે કોઈ વ્યક્તિની ઊંટણી ખોવાઈ ગઈ એની શોધ ચાલતી હતી. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઊંટણી ફલાણા જંગલમાં ફલાણી જગાએ છે. એના અનુસંધાનમાં એક મુનાફિક બોલ્યો, મુહમ્મદ ﷺ બતાવે છે કે ઊંટણી ફલાણી જગાએ છે, મોહમ્મદ ગૈબ શું જાણે ? આના પર અલ્લાહે આ આયત ઉતારી કે

قُلۡ اَبِاللّٰهِ وَ اٰيٰتِهٖ وَ رَسُوۡلِهٖ كُنۡتُمۡ تَسۡتَهۡزِءُوۡنَ ﴿٦٥﴾ لَا تَعۡتَذِرُوۡا قَدۡ كَفَرۡتُمۡ بَعۡدَ اِيۡمَانِكُمۡ ؕ

શું અલ્લાહ તથા રસૂલથી મશ્કરી કરો છો, બહાના ન બનાવો તમે મુસલમાન થઈને આ શબ્દોના કહેવાથી કાફિર થઈ ગયા. *(સૂ. તૌબા, આ. ૬૬) (તફસીરે ઈબ્ને જરીર તથા તફસીરે દુર્રે મન્સુર)*

તદ્ઉપરાંત હુઝૂર ﷺએ પોતે પણ મુસલમાનનો દાવો કરવાવાળા મુનાફિકોને નામ લઈ લઈને મસ્જિદે નબવીમાંથી કાઢી મૂક્યા હતા, તેઓની બનાવેલી મસ્જિદ (મસ્જિદે દ્દર્રાર) તોડી નાખી. હુઝૂરે તે સહુને મુનાફિક કહ્યા. અને યાદ રાખશો, મુનાફિક કાફિરના પ્રકારોમાં એક સૌથી બદતરીન (ખરાબમાં ખરાબ) કાફિર છે. જેના બારામાં ખુદાએ એવો ઈર્શાદ ફર્માવ્યો, اِنَّ الۡمُنٰفِقِيۡنَ فِى الدَّرۡكِ الۡاَسۡفَلِ مِنَ النَّارِ ۚ "બેશક ! મુનાફિકોના માટે દોઝખનો સૌથી નીચલો હિસ્સો (નીચલુ સ્તર) છે." (સૂ. નિસાઅ, આ. ૧૪૫) ત્યાં સુધી કે હદીષ શરીફમાં છે મુનાફિકો, ફિરઔન, નમરૂદ અને શયતાનથી પણ દોઝખના નીચલા સ્તરમાં રહેશે.

હવે રહ્યા સહાબીઓ, તો તે લોકો જીવનપર્યંત કાફિરોથી અદાવત કરતા રહ્યા અને એટલું જ નહીં પરંતુ (કલમો પઢવાનો) દાવો કરવાવાળા, નમાઝ તથા રોઝાના પાબંદ લોકોમાંથી ઘણાય લોકો જરૂરિયાતે દીનમાંથી ફક્ત એક દીન માટે જરૂરી બાબત ઝકાતનો ઈન્કાર કર્યો તો સહાબાએ કિરામે તેઓ પર કુફ્રનો ફત્વો આપ્યો. અને હઝરત અબૂબક્ર સિદ્દીકે તેઓ પર લશ્કર કસી (લશ્કર તૈયાર કરવું) કરી અને જેહાદ કર્યો અને તેમાં ઘણા લોકો માર્યા ગયા. બાકી રહેલા લોકો તૌબા કરી ફરીથી ઈમામ લાવ્યા. એટલા માટે ઝકાતના મુન્કિરો (નકારનારા) જેઓ પછીથી ઈમાન લાવ્યા હતા જો કે તેઓમાંથી ઘણા લોકો સહાબી પણ હતા પરંતુ ઝકાતનો ઈન્કાર કરવાના કારણે, હવે અઈમ્માએ કિરામનો એ જ નિર્ણય છે કે હવે તેઓ સહાબી રહ્યા નહીં. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના સમયમાં બાદશાહ જબ્લા ગસ્સાની ઈમાન લાવ્યા બાદ ઈસ્લામથી ફરી ગયો તો હઝરત ઉમરે તેનાથી જેહાદ કર્યો. તલીહા ઈબ્ને ખુવૈલદે ઈમાન લાવ્યા બાદ ઈસ્લામ વિરૂધ્ધ પોતાનો અકીદો જાહેર કર્યો ઉપરાંત જૂઠો નબુવ્વતનો દાવો કર્યો તો હઝરત ઉમરે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہને મોકલીને તેનાથી જેહાદ કર્યો. બલ્કે હદીષો અને ઈસ્લામનો ઈતિહાસ બતાવે છે કે સહાબાએ કિરામ તો રસૂલની શાનમાં મામૂલી પણ બેઅદબી કરનારને કત્લ કરી દેતા હતા. જેમ કે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہએ માલિક ઈબ્ને નૌસેરાને ફક્ત એટલી વાત પર કત્લ કર્યો હતો કે તેણે રસૂલના વિશે એ શબ્દો કહ્યા હતા કે "સાહેબોકુમ" એટલે તમારા સાહેબ. એ યાદ રાખો કે રસૂલની શાનમાં મામૂલી પણ બેઅદગી કુફ્ર છે અને શરીઅતમાં એની સજા કત્લ છે. એટલા માટે હઝરત ખાલિદે માલિક ઈબ્ને નુસૈરાને કત્લ કર્યો.

અને ફક્ત સહાબીઓનો જ આ તરીકો (પદ્ધતિ) ન હતો, પરંતું તમામ અઈમ્માએ કિરામનો આ જ અકીદો છે. જેમ કે "શિફા" જે એક હજાર વરસ પહેલાંની લખેલી કિતાબ છે. જેમાં સહાબીઓના સમયથી લઈને ઈમામ કાઝી અયાઝ સુધી ત્રણસો વરસ દરમ્યાન અઈમ્માએ કિરામે ગુસ્તાખે રસૂલ પર જે ફત્વા અને સજાઓ લાગુ કરી તેનો ઉલ્લેખ છે, અને તે કિતાબને હુઝૂરે કબૂલ તથા પસંદ ફર્માવી છે. તે જ કિતાબમાં છે કે મુહમ્મદ ઈબ્ને સહનૂન કહે છે, તમામ અઈમ્માએ કિરામનો આ વાત પર ઈજમાઅ તથા ઈત્તેફાક છે કે હુઝૂરની શાનમાં ગુસ્તાખી કરનાર, આપનામાં ખામી બયાન કરનાર કાફિર છે અને તેના પર ખુદાના અઝાબની સાથે ધમકી જારી છે. ઉમ્મતની નજીક એનો હુકમ કત્લ કરવાનો છે અને જે વ્યક્તિ તેના કુફ્ર અને અઝાબમાં શંકા કરે તે પણ કાફિર છે. આ જ "શિફા શરીફ"માં છે કે ઈમામે આ'ઝમ અને તેમના બધા શાગિર્દો અને હઝરત સુફયાન થૌરી અને તમામ કુફાવાળાઓ અને ઈમામ અવઝાઈએ ગુસ્તાખે રસૂલને મુર્તદ કહ્યો છે. અને મુર્તદ તેને કહે છે કે જે ઈસ્લામ લાવ્યા બાદ કાફિર થઈ જાય. અકાઈદની કિતાબ "શરહે ફિકહે અકબર"માં છે કે ઈનામ ફખરુલ ઈસ્લામ જણાવે છે કે ઈમામ અબૂ યૂસુફથી સેહત (શંકા વગર)ની સાથે સાબિત છે કે તેમણે ફર્માવ્યું કે મેં ઈમામે આ'ઝમ અબૂ હનીફાથી મસ્અલા ખલ્કે કુર્આન વિશે (બહથો મુનાઝેરા) ચર્ચા કરી. મારી અને તેમની રાય (મંતવ્ય) એના પર એકમત થઈ કે જે કુર્આન મજીદને મખ્લૂક કહે તે કાફિર છે. અને આ કથન ઈમામ મુહમ્મદથી પણ સાબિત છે. એટલે ત્રણે, ઈમામે આ'ઝમ, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદ ત્રણેવનો આના પર ઈજમાઅ છે, કે કુર્આનને મખ્લૂક કહેનાર કાફિર છે. આ જ ફતવો ઈમામ અહમદ ઈબ્ને હંબલનો પણ છે, કે કુર્આનને મખ્લૂક કહેનાર કાફિર છે.

જરા વિચારો તો ખરા એટલી વાત ઉપર કે જે કુર્આનને મખ્લૂક કહે અઈમ્મા તેના પર કુફ્રનો ફત્વો આપી રહ્યા છે. એ જ પ્રમાણે ઈમામે આ'ઝમના શાર્ગિદ ઈમામ અબૂ યૂસુફ જેઓ ખલીફા હારૂન રશીદના જમાનામાં તમામ ઈસ્લામી દુનિયાના કાઝીઉલ કુઝા (ચીફ જસ્ટીસ) હતા. આપે એક કિતાબ લખી જેનું નામ છે "કિતાબુલ ખિરાજ" તે કિતાબમાં આપે જણાવ્યું છે કે, જે વ્યક્તિ મુસલમાન હોવા છતાં રસૂલને ગાળ આપે, અથવા હુઝૂરની તરફ જુઠ સંબંધિત કરે અથવા હુઝૂરને કોઈપણ પ્રકારનો અયબ (ખામી) લગાડે, અથવા કોઈ પણ રીતે હુઝૂરની શાન ઘટાડે તે યકીનન ચોક્કસ કાફિર છે અને ખુદાનો ન માનનાર (મુન્કિર) થઈ ગયો અને તેની પત્ની તેના નિકાહમાંથી નીકળી ગઈ. જુઓ સાફ સ્પષ્ટ ખુલાસો છે કે હુઝૂર ﷺની શાન ઘટાડવી અને આપની બેઅદબી કરવાથી મુસલમાન કાફિર છે. હવે બતાવો કે તે નવમુસ્લિમ (જેના વિશે પત્ર લખનારે જણાવેલ છે)થી આ ઈમામોને ઈલ્મ શું ઓછો હતો ? આ તે ઈમામો છે જેમના વિશે રસૂલ ﷺએ સમય અગાઉથી ઈર્શાદ ફર્માવ્યો હતો કે કૌમે ફારસમાં એવી વ્યક્તિ પૈદા થશે કે ચોથા આસમાનમાં પણ ઈલ્મ હશે તો જમીન પર ઉતારી લાવશે. આ પેશનગોઈ (આગાહી)ના પ્રમાણે ઈમામે આ'ઝમ પૈદા થયા. આ પ્રમાણે ઈમામ તો રસૂલની ગુસ્તાખીને કુફ્ર બતાવે છે અને તમારા જણાવેલ નવમુસ્લિમ તે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના કુફ્રથી ઈન્કાર કરી રહ્યો છે જેણે એક બે નહીં હજારો ગુસ્તાખીઓ રસૂલ અને સહાબીઓ અને બુઝુર્ગોને દીનની શાનમાં કરી છે, અને આજે પણ તેના ચેલાઓ તે ગુસ્તાખી પર કાયમ નજર આવે છે. જેથી કરીને ગયે વરસે જ હજના સમયે નજરે જોયેલ પ્રસંગ હઝરત મૌલાના અબુલહક્કાની સાહેબ વર્ણવે છે જેને ઉર્દૂ ટાઈમ્સ,

વધુ પેજ 40 પર..

# હઝરત મૌલાના પીર સૈયદ કમરૂદ્દીન બાવા કારંટવીની رحمۃ اللہ علیہ

## જીવન ઝરમર એક નજરમાં...

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી,** તંત્રી : બરકાતે ખ્વાજા માસિક

*હઝરત મૌલાના મુફતી પીર સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી દરિયાઈ રિફાકતી رحمۃ اللہ علیہ ના વિસાલની ગમઅંગેઝ ખબર તા. ૨૩-૧-૨૦૨૬, ૩-શાબાનુલ મોઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૭ જુમ્આના રોજ મળી તો આંચકો અનુભવ્યો કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના એક શયદાઈની વિદાય થઈ ગઈ! આપ હઝરતની દફનવિધિ જુમ્આના ઈશા બાદ કારંટા શરીફ મુકામે ગામમાં પ્રવેશતાં પહેલાં રોડની બાજુમાં ખુદની જમીનમાં કરવામાં આવી. અમો ફાતિહા પઢવા માટે ઈન્તેકાલના બે એક દિવસ બાદ હાજરી આપી. આપના મોટા સાહબઝાદા હાજી પીર કારી અબ્દુલ હઝરત સૈયદ અબ્દુલ મુસ્તુફામિયાંથી મુલાકાત કરી તાઝિયત પેશ કરી. આપે હઝરત બાવા સાહબની ખૂબીઓ ખિદમતો વિશે સંક્ષિપ્ત ચિતાર અમને પેશ કર્યો તેમાં એક વાત તરી આવી કે આપે ખરેખર ઈલ્મે દીનની ખૂબ ખિદમત કરી. વરસો સુધી દારુલ ઉલૂમ શાહે આલમમાં રહીને આપે ઉલમા તથા દીનના મુબલ્લિગ તૈયાર કર્યા અને વિશેષતઃ કારંટા શરીફ તથા અન્ય જગાના છોકરાઓને વિવિધ દારુલ ઉલૂમોમાં પ્રવેશ અપાવી કારંટા શરીફમાં ઘરે ઘર આલિમો પેદા કર્યા જેઓ ગુજરાતભરમાં મસ્લકે આ'લા હઝરત પર રહીને દીનો સુન્નિયત ખિદમત અંજામ આપી રહ્યા છે. આપ રાફઝી, ખારજી, શીઆ, વહાબી, દેવબંદીની ભરપૂર રદ કરતા હતા. આપે હમેશાં મને મસ્લકે આ'લા હઝરતના પ્રચાર માટે ખૂબ પ્રોત્સાહન આપેલ છે. મુઝ નાચીઝની ઘણીવાર મુલાકાતો આપનાથી થઈ છે. દયાદરા અમારા મહેમાન પણ ઘણીવાર હઝરત રહી ચૂક્યા જેથી ખિદમતનો મોકો અમને પણ મળેલો છે. હઝરત સાથે કેટલીક સફરો પણ કરી છે. આપે દેશ વિદેશમાં રહેતા ઉલમા, હુફ્ફાઝ તથા ચાહકોની વિવિધ રીતે સહાયતા કરી છે, દીનની તબ્લીગ માટે ઘણાને વિદેશ સ્થાયી થવામાં ભરપુર સહકાર પણ આપે કરેલો છે. રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلم ના સદકે હઝરતની કરવટ કરવટ મગફિરત ફર્માવે, દરજાતની બુલંદી કરે. ઘરવાળાં, મુરીદો ચાહકોને સબ્રે જમીલ અતા કરે. આપની વસમી વિદાય પર આજે સંક્ષિપ્તમાં આપ હઝરત જીવન ચરિત્રને અત્રે વાંચકોની જાણકારી માટે રજૂ કરીએ છીએ. -તંત્રી*

**નામ મુબારક :** મૂળ નામ સૈયદ કમાલુદ્દીન છે અને "કમરૂદ્દીન" નામ આપના મોહતરમ ઉસ્તાદ શયખુલ હદીષ હઝરત અલ્લામા અબ્દુલમુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ એ અતા કર્યું, અને એ જ નામથી આપ મશહૂર તથા ખ્યાતનામ થયા.

**વિલાદત મુબારક :** હઝરત કમરુલ ઉલમા رحمۃ اللہ علیہ નો જન્મ મુબારક ૧૧-રબીઉલ આખર હિ.સ. ૧૩૬૩, અ. તા. ૪ એપ્રિલ ૧૯૪૪માં થયો.

**માતા પિતા :** પિતાનું નામ મુબારક હઝરત સૈયદ અબ્દુર્રહમાન ઈબ્ને શહાબુદ્દીન عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان છે. તેમનો વિસાલ હઝરત

કૃમરુલ ઉલમા رحمۃ اللہ علیہના જન્મ થતા પહેલાં જ થઈ ગયો હતો, અને આપનાં વાલિદા માજિદાનું નામ મુબારક હઝરત સૈયદા નૂર બીબી رضی اللہ عنہا છે.

**આપના બાપદાદા :** કુત્બુલ અકતાબ હઝરત કુતુબ સૈયદ મહમૂદશાહ સુહરવર્દી કાદરી رحمۃ اللہ علیہ કારંટા શરીફ, ગુજરાત–હિંદ (મુરીદ તથા ખલીફા હઝરત મખ્દૂમ જહાંનિયાં જહાંગશ્ત رحمۃ اللہ علیہ) તથા શયખ હઝરત ખ્વાજા સૈયદ મહમૂદ મહબૂબુલ્લાહ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ, બીરપુર શરીફ, ગુજરાત, ઈન્ડિયા (હિ.સ. ૭૭૩–૯૪૧)

**આપનો વંશવેલો :** હઝરત કૃમરુલ ઉલમા સૈયદ કૃમરૂદ્દીન બાવા ઈબ્ને મૌલાના સૈયદ અબ્દુર્રહમાન ઈબ્ને સૈયદ શહાબુદ્દીન ઈબ્ને પીર સૈયદ જમાલુદ્દીન ઈબ્ને પીર સૈયદ કમાલુદ્દીન ઈબ્ને પીર સૈયદ અબ્દુલ જબ્બાર ઈબ્ને સૈયદ શાહ મીઠા મિયાં ઈબ્ને પીર સૈયદ શાહ શહાબુદ્દીન ઈબ્ને મૌલાના સૈયદ શાહ અલાઉદ્દીન ઈબ્ને સૈયદ શાહ આલમ ઈબ્ને ખ્વાજા પ્યારુલ્લાહ વલીયુલ્લાહ ઈબ્ને પીર સૈયદ શાહ લાડ મુહમ્મદ ઉર્ફે દરિયાઈ દુલ્હા (બીરપુર શરીફ) ઈબ્ને પીર સૈયદ શાહ હમીદુદ્દીન ઉર્ફે ચાહેલદા ઈબ્ને સૈયદ શાહ મુહમ્મદ (અહમદાબાદ ગુજરાત) ઈબ્ને કુત્બુલ અકતાબ સૈયદ કુતુબ મહમૂદ શાહ સુહરવર્દી કાદરી (કારંટા શરીફ) ઈબ્ને પીર સૈયદ શાહ સુલેમાન (નાગોર શરીફ) ઈબ્ને ખ્વાજએ ખ્વાજગાં પીર સૈયદ શાહ અલી સરમસ્ત (પટ્ટન શરીફ, ગુજરાત) رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن.

**તાલીમો તર્બિયત :** આપની તાલીમની શરૂઆત જૂન–૧૯૫૫માં ગુજરાત રાજ્યની મશહૂરો મઅરૂફ દીની ઈલ્મી દર્સગાહ "દારુલ ઉલૂમ અહલે સુન્નત શાહે આલમ" અહમદાબાદ શરીફ ગુજરાતમાં ૧૧ વરસની ઉમર મુબારકથી શરૂ થઈ અને ૨૦–શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૩૮૧, અ.તા. ૨૬–૧–૧૯૬૨ના રોજ દર્સે નિઝામીની પૂર્ણતા બાદ આલિમિયતની સનદ હાંસલ થઈ. ત્યારબાદ તખસ્સુસ ફિલ્ ફિક્હ (મુફતી કોર્સ) પણ ત્યાંથી જ કર્યો. આપના ઉસ્તાદોમાં આપના પીરો મુર્શિદ હુઝૂર અમીને શરીઅત મુફતી સૈયદ શાહ રિફાકતહુસૈન મહબૂબે ખુદા قدس سرہ અગ્રસ્થાને છે. અને ખાસ કરીને પોતાના પીરો મુર્શિદથી જ ઈલ્મ પ્રાપ્તિ કરી છે. અને શૈખુલ હદીષ અલ્લામા અબ્દુલમુસ્તફા આ'ઝમી, અલ્લામા સૈયદ ઝિલ હસન અશરફી કછોછવી સાહબ, અલ્લામા રિફઅતુલ્લાહ ગોંડવી, અલ્લામા અબ્દુલકાદિર અહમદાબાદી મુલ્તાની, મૌલાના મુબીનુદ્દીન અમરોહવી અને હઝરત અલ્લામા મુઈનુદ્દીન ખાન આ'ઝમી સાહબ છે અને સનદે હદીષની ઈજાઝત તથા ઈલ્મી તેમનાથી જ છે.

**આપના નિકાહ :** હઝરત કૃમરુલ ઉલમા رحمۃ اللہ علیہએ બે નિકાહ કર્યા. પ્રથમ નિકાહ પોતાના હકીકી મામાની સાહબઝાદી સૈયદા કરૈશાબીબી સાહિબા સાથે થયા. અને બીજો નિકાહ સૈયદા હજીયાણી ઝકિય્યા ખાતૂન સાથે કર્યા. પ્રથમ પત્ની સાહિબાથી ત્રણ ઔલાદ છે ★ હઝરત હાજી પીર કારી સૈયદ અબ્દુલ મુસ્તફા દરિયાઈ (એમનું નામ હઝરતે પોતાના ઉસ્તાદની નિસ્બતથી રાખ્યું), ★ સૈયદ જમાલુદ્દીન ★ સૈયદા ફાતિમા બીબી.

**નબીરએ હઝરત કૃમરુલ ઉલમા :** હઝરત મૌલાના હાફિઝ સૈયદ મહમૂદ અલી દરિયાઈ રિફાકતી.

**હજનો સફર :** આપને લગભગ સાતવાર હજ્જે બયતુલ્લાહનો શરફ હાંસલ થયો છે.

**બયઅત તથા ખિલાફત :** હઝરત કૃમરુલ ઉલમા رحمۃ اللہ علیہએ હુઝૂર અમીને શરીઅત,

સુલ્તાનુલ મનાઝિરીન, રઈસુલ મુતકલ્લિમીન, મુફતીએ આ'ઝમ કાનપુર, કુત્બે આલમ સૈયદ શાહ રિફાકૃત હુસૈન મહબૂબે ખુદા قدس سرہ થી બયઅતનો શરફ હાંસલ કર્યો અને ઈ.સ. ૧૯૭૯માં કારંટા શરીફની જામેઅ મસ્જિદમાં પોતાની ખાસ ઈજાઝત તથા ખિલાફતથી નવાઝયા.

અને આપને પોતાના પીરો મુર્શિદના ઉપરાંત આપના ખાનવાદાના બુઝુર્ગ હઝરત સૈયદ શાહ અબ્દુર્રઝ્ઝાક દરિયાઈ رحمۃ اللہ علیہથી સૌ પ્રથમ ખિલાફત સિલસિલએ સુહરવર્દિયા દરિયાઈ વગેરેની અતા થઈ.

કિછૌછા મુકૃદસામાં તા. ૨૫–૩–૧૯૮૬ના રોજ મખ્દૂમુલ મશાઈખ, ગૌષે ઝમાં હઝરત મુફતી સૈયદ શાહ મુહમ્મદ મુખ્તાર અશરફ અશરફી જીલાની અલ મઅરૂફ હુઝૂર સરકારે કલાં رحمۃ اللہ علیہએ સિલસિલએ કાદરિયા અશ્રફિયાની ઈજાઝત તથા ખિલાફત અતા કરી.

અને ઈ.સ. ૧૯૯૯માં સફરે હજ તથા ઝિયારતથી ફરાગત બાદ આપને બગદાદ શરીફમાં હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના મુકૃદસ દરબારમાં જ્યારે હાજરીની સઆદત હાંસલ થઈ ત્યારે એ વખતના સાહિબે સજ્જાદા હઝરત પીર સૈયદ અબ્દુર્રહમાન ઉર્ફે ઝહીરૂદ્દીન કૃાદરી બગદાદી સાહબે પોતાના સિલસિલા આલિયા કૃાદરિયાની ઈજાઝત તથા ખિલાફત અતા કરી.

**આપના ખ્યાતનામ શાગિર્દો :** ★ કાઝીએ ગુજરાત, શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ કાદરી બુખારી બેડીવાળા–જામનગર (ઔલાદે હઝરત શાહે આલમ) ★ પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ હુસૈન મિયાં બાવા કાદરી رحمۃ اللہ علیہ, ભરૂચ–ગુજરાત, ★ હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ બાવા, ચાંચવેલ–ભરૂચ, ગુજરાત.

**આપના ખલીફાઓ :** હઝરત કૃમરુલ ઉલમા رحمۃ اللہ علیہના ખલીફાઓની સંખ્યા લગભગ ૧૫૦૦થી ૧૮૦૦ છે જેમનામાંથી અમુક મશહૂર ખલીફાઓનાં મુબારક નામો નીચે મુજબ છે :–

★ હઝરત અલ્લામા મુહમ્મદઅબુલકલામ રઝવી (ખલીફએ મુફતીયે આ'ઝમે હિંદ, હાલ : લેસ્ટર, યુ.કે.)

★ કાઝીએ ગુજરાત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા–જામનગર

★ હઝરત મૌલાના પીર સૈયદ ગુલામ અબ્બાસ ઉર્ફ મદનીબાવા દરિયાઈ–અહમદાબાદ

★ હઝરત મૌલાના પીર સૈયદ યૂસુફબાવા દરિયાઈ રિફાકતી, બીરપુર શરીફ.

★ હઝરત મૌલાના સૈયદ રિઝવાન મિસ્બાહી કૃમરી રિફાકતી, કેરવાડા–ભરૂચ, ગુજરાત.

★ હઝરત મૌલાના બશારત અલી સિદ્દીકૃી અશરફી રિફાકતી–જિદ્દા.

**આપ હઝરતની ઈલ્મી તથા કલમી ખિદમતો :** આપ કેટલીયે કિતાબોના લેખક તથા સંપાદક છે. અને દારુલ ઉલૂમ શાહે આલમથી પ્રસિધ્ધ થતા પૂરાણા માસિક "તયબહ"ના આપ સંપાદકની હૈસિયતથી રહ્યા છે. સુન્ની કોણ ? ઝિક્રે જમીલ, હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ, સીરતે સૈયદુલ મુરસલીન ﷺ, બહારે શરીઅત તથા અન્ય ગુજરાતી ભાષાની ઘણી કિતાબોના અનુવાદક સંપાદક રહ્યા છે.

**દીની તથા મિલ્લી ખિદમતો :** હઝરત કૃમરુલ ઉલમા رحمۃ اللہ علیہએ ગુજરાતની મહાન દર્સગાહ દારુલ ઉલૂમ શાહેઆલમ–અહમદાબાદ શરીફ ગુજરાતમાં ૨૬ વરસો સુધી ખિદમત અંજામ આપી જે આપનો માદરે ઈલ્મી પણ છે. અને છેવટ સુધી આપ દારુલ ઉલૂમ શાહેઆલમના સરપરસ્ત રહ્યા છે. તેમજ સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ, રાજકોટ (આ કમિટી લગભગ ૫૫ ઉપરાંત વરસોથી મફતમાં સુન્ની સાહિત્ય પીરસી રહી છે)

તેમજ અન્ય ઈસ્લામી સંસ્થાઓની આપ સરપરસ્તી કરતા રહ્યા.

**આપ હઝરતના તબ્લીગી દૌરાઓ :** આફ્રિકા, ઈંગ્લેન્ડ, પોર્ટુગીઝ, અરબ, ફ્રાંસ, કેનેડા, અમેરિકા વગેરે દેશોમાં આપે દૌરા કર્યા છે, તેમજ એના ઉપરાંત હિંદુસ્તાનના વિવિધ રાજ્યો શહેરોમાં દા.ત. ગુજરાત, જમ્મુ કાશ્મિર, યુ.પી. તથા એમ.પી. વગેરેના દૌરા કર્યા છે.

હુઝૂર નૂરુલ અવલિયા, અમીને તરીક઼ત, રઈસુલ મોહક્કિ઼ક઼ીન, સનદુલ મોઅર્રિખીન મુફ઼તી પીર સૈયદ શાહ મહમૂદ અહમદ રિફાકતી رحمۃ اللہ علیہએ "પાકાને ઉમ્મત"માં શયખુલ ઈસ્લામ ખ્વાજા સૈયદ મહમૂદ મહબૂબુલ્લાહ શાહી બીરપુરી ઉર્ફ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہના વર્ણન હેઠળ હઝરત ક઼મરુલ ઉલમા رحمۃ اللہ علیہનો પણ ઉલ્લેખ કર્યો છે :

"ફખ્રે ખાનદાન મૌલાના હાજી પીર ક઼મરુદ્દીન સાહબ رحمۃ اللہ علیہ ન કેવળ ખાનવાદએ મુક઼દ્દસના ખાઝિને બરકાત અને ક઼ાસિમે નેઅમત છે બલ્કે હિંદુસ્તાનની બહાર આફ્રિકી દેશો અને અમેરીકા તથા બ્રિટનમાં લોકોના શરણસ્થાન અને મુર્શિદે તરીક઼ત છે.

આપના પર આપના ઉસ્તાઝે ઉલૂમ અને શયખે તરીક઼ત, જામેએ ઈલ્મો ઈર્ફાન હુઝૂર અમીને શરીઅત, ખૈરુલ ઉમ્મત, મૌલાના શાહ રિફાક઼ત હુસૈન મહબૂબે ખુદા قدس سرہ સૈયદી અલ્વાલિદની ખાસ નઝરે કરમ હતી. આપ એમના જ સમારેલા છે. આપ ગુજરાતની સરઝમીન માટે ફખ્ર (ફખ્રે ગુજરાત) છે. મૌલાના પીર ક઼મરુદ્દીન સાહબ બેહતરીન લેખક અને મુક઼ર્રિર પણ છે. વરસો સુધી દારુલ ઉલૂમ શાહેઆલમ–અહમદાબાદના તર્જુમાન "તયબહ" માસિકની કામયાબ ઈદારત કરી. મઝહબી લેખન કાર્યમાં પણ અજોડ છે." (પાકાને ઉમ્મત, ૧/૧૮૮, ૧૮૯) –(મુખ્તસર અહવાલ, મુફતીએ ગુજરાત, ક઼મરુલ ઉલમા હઝરત ક઼મરુદ્દીન બાવા રિફાક઼તી, અઝ : ગુલામ હુસૈન ઈબ્ને અબ્દુસ્સમદ ઈમામ રિફાકતીના સૌજન્યથી સાભાર)


## :: કિતાબ ફ્રીમાં મંગાવો ::

❑ **કિતાબ : ખુર્શિદે બગદાદ** *(પ્રકાશન નં. ૩૮૭) પેજીસ. ૧૩૬*

❑ **કિતાબ : બુગ્ઝ કીનાને દફનાવો** *(પ્રકાશન–૩૮૮) પેજીસ–૧૩૬*

**બંનેના સંપાદક** : ગુલામ મોહયુદ્દીન ઈસ્માઈલ હાફિઝ નબીપુરી

**પ્રકાશન** : હુસૈની કમિટી (સુન્ની) મોરબી, ૮ લાટી પ્લોટ સામે, મોરબી–૩૬૩૬૪૧, જિ. રાજકોટ,

**Mo. 9825497760, 9825133274**

**મદદની અપીલ** : ૫૦ વરસથી દીની સુન્ની સાહિત્ય ગુજરાતભરમાં ફ્રીમાં પ્રસારિત કરતી આ સંસ્થાને લિલ્લાહ, ઝકાત, સદકા વગેરેથી સહાય કરવા અપીલ છે.

❑ **કિતાબ : મો'જિઝા–એ–મુસ્તફા** ﷺ (આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہનું જીવન કવન)

**પ્રકાશન** : ૩૫૮, પેજ–૨૦૮

**મૂળ લેખક** : મૌલાના નસીમુલ બસ્તવી, સંકલન : ગુલામ મોહયુદ્દીન ઈસ્માઈલ 'હાફિઝ" નબીપુરી

**નોંધ** : ઉપરોક્ત ત્રણેવ કિતાબોના સંપાદનમાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہ તથા પીરાનીર દસ્તગીર આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનાં વિવિધ અજોડ પાસાંઓનો ચિતાર દર્શાવેલ છે. ગુલામ મોહયુદ્દીન "હાફિઝ" નબીપુરીએ સરળ ભાષામાં સુંદર છણાવટ કરી છે. તેમને ખૂબ ખૂબ મુબારકબાદ !

**મદદની અપીલ** : સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલ ૬૦ વરસથી દીની સુન્ની સાહિત્ય રૂપે અત્યાર સુધીમાં અનેક અણમોલ કિતાબો પ્રકાશિત કરી ચૂકી છે તો આપની લિલ્લાહ, ઝકાત, ખૈરાત, સદકા વગેરેથી સહાય કરશો.